MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૬-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વાયરસઃ અમેરિકાએ બ્રાઝિલથી આવનારા પેસેન્જર પર પ્રતિબંધ મૂક્યો

5 હવે શાન આવી ઠેકાણેઃ ભારત સાથે સારા સંબંધ,વાતચીતથી વિવાદ ઉકેલીશું: નેપાળ

7 ગુજરાત અને મહારાષ્ટ્રમાં જૂનની શરૂઆતમાં ભારે વરસાદની સંભાવના

12 નર્મદા જીલ્લાના મયાસી ગામમાં વધુ એક બાળક સહીત ત્રણ કેસો કોરોના પોઝીટીવ મળી આવ્યા

તમામ મુસાફરોના ચહેરા પર માસ્ક ફરજીયાત, પહેલાં જ દિવસે ફલાઈટ કેન્સલ

આકાશમાં લોકડાઉન ખત્મ, વિમાનોની ઘરેરાટીથી આકાશ ગૂંજી ઉઠ્યું



● પીપીઈ, ગ્લવ્સ, માસ્ક પહેરેલા મુસાફરો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતાં જણાયાં,પ્રથમ ગ્રાસે મક્ષિકા, દિલ્હીથી ૮૨ ફલાઈટ રદ થઈ, મુસાફરો રઝળ્યા
● એરલાઈન્સ દ્વારા ફલાઈટ રદ થવાની કોઈ જાણકારી ના અપાતા પેસેન્જર્સ તોતિંગ ભાડા ચૂકવી એરપોર્ટ પહોંચ્યા હતા

ન્યુ દિલ્હી

અંદાજે ૬૦ દિવસના લોકડાઉનથી શાંત પડેલા ભારતના આકાશમાં આજે ફરી એકવાર વિમાનોની ઘરેરાટી અને એરપોર્ટ પર મુસાફરોની હિલચાલ અને અવરજવર તથા ચહલપહલ જોવા મળી હતી. તમામ પ્રવાસી મુસાફરો માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા. પહેલા જ દિવસે ક્યાંક વિમાન કેન્સલનો સામનો મુસાફરોને સહન કરવો પડ્યો હતો.

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટથી આજે ૨૪૩ ફલાઈટનું સંચાલન થવા અંગેનું શીડ્યુલ હતું. જે પૈકી ૧૧૮ અરાઈવલ તેમજ ૧૨૫ ડીપાર્ચર ફલાઈટ્સ હતી. દેશભરમાં તમામ મોટા એરપોર્ટ પરથી આજથી ફલાઈટ્સ પુનઃ શરૂ થઈ રહી છે. જો કે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો છે. પ્રથમ દિવસે જ દિલ્હીમાં જ ૮૨ ફલાઈટ્સ રદ કરવામાં આવી છે.

દેશભરમાં સોમવારે ડોમેસ્ટિક ફલાઈટ શરૂ કરી દેવાઈ હતી. દિલ્હી-ભુવનેશ્વર વિસ્તારની ફલાઈટમાં મુસાફરો ફેસ શિલ્ડ પહેરેલા જોવા મળ્યા હતા. એર ઈન્ડિયાની બેંગલુરુ- હૈદરાબાદ ફલાઈટ કોઈ પણ પ્રકારની અગાઉની સૂચના વગર રદ કરી દેવાઈ હતી.

મુસાફરોઓએ જણાવ્યું કે, બોર્ડિંગ પાસ સ્કેન કરવા અંગે કહેતાં એવો જવાબ મળ્યો કે, ફલાઈટ કેન્સલ કરી દેવાઈ છે. બે મહિના સુધી સંપૂર્ણ બંધ રહ્યા પછી જયારે આજે ઈદના દિવસથી જ ડોમેસ્ટિક ફલાઈટ શરૂ થઈ ત્યારે મોહમ્મદ ઈમરાન માટે આ સમાચાર ઈદી જેટલી જ મીઠાસ લઈને આવ્યા હતા. બે મહિનાથી દિલ્હીમાં ફસાયેલા ઈમરાન ઈદના દિવસે રાંચી પરત ફરવા માટે ખૂબ ઉત્સાહિત હતા. પરંતુ દિલ્હી એરપોર્ટ પર પહોંચતા જ તેમનો ઉત્સાહ હતાશામાં ફેરવાઈ ગયો હતો.

ઈમરાને કહ્યું, મારી સવારે સાત વાગે ફલાઈટ હતી. હું બે કલાક પહેલાં જ એરપોર્ટ પહોંચી ગયો હતો. પરંતુ અહીં આવીને ખબર પડી કે ફલાઈટ કેન્સલ થઈ ગઈ છે. આ વિશે એર ઈન્ડિયાએ પહેલાં કોઈ માહિતી નહતી આપી. ફલાઈટ કેન્સલ થતાં પહેલાં કોઈ એસએમએસ કે ફોન પણ નહતો આવ્યો અને ઓનલાઈન ચેક કર્યું તેમાં પણ ફલાઈટ કેન્સલ નહતી બતાવતી. હું જ્યારે એરપોર્ટ આવ્યો ત્યારે એર ઈન્ડિયા સ્ટાફે કહ્યું કે, તમારી ફલાઈટ કેન્સલ થઈ છે.ઈમરાન હવે હતાશ થઈને એરપોર્ટથી પરત ફરી રહ્યા છે. ઘણી ફલાઈટ કેન્સલ કરી દેવામાં આવી છે અને ઘણી ફલાઈટ્સના ટાઈમ ૧૦-૧૨ કલાક પાછળ કરવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં ફલાઈટ્સ રદ થવા લેટ થવા વિશે એક અધિકારીએ જણાવ્યું કે, ઘણાં રાજ્યોએ ફલાઈટ્સને મંજૂરી આપવાની ના પાડી દીધી છે, તેથી તકલીફ વધી રહી છે. બંગાળની દરેક ફલાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આ સિવાય અન્ય અમુક રાજ્યોમાં પણ જતી ફલાઈટ્સમાં આવું થયું છે.

કોટાથી દિલ્હી એરપોર્ટ પહોંચેલા એક મુસાફરે જણાવ્યું કે, અમે ૧૬ સ્ટૂડન્ટ છીએ. દરેક કોટામાં મેડિકલની તૈયારી કરી રહ્યા હતા. અમારી સવારે ૪ વાગે પોર્ટ બ્લેયરની ફલાઈટ હતી, જે રદ કરી દેવામાં આવી છે.

અનુસંધાન પાના નં. ૬

હિમાચલમાં હજુ સુધી ૨૧૪ કેસ નોંધાયા

હમીરપુરમાં ૩૦ જૂન સુધી કોરોના કર્ફ્યુ લંબાવી દેવાયો

સિમલા

હિમાચલ પ્રદેશના હમીરપુર જિલ્લામાં કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને ૩૦ જૂન સુધી કર્ફ્યુ વધારવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં કોરોના કુલ ૨૧૪ કેસ નોંધાયા છે, જેમાંથી લગભગ એક ક્વાર્ટર હમીરપુરના છે. હમીરપુર ઉપરાંત સોલન જિલ્લામાં ૩૦ જૂન સુધી કર્ફ્યુ વધારવામાં આવ્યો છે. આ દરમિયાન હિમાચલ પ્રદેશમાં સારવાર દરમિયાન ૭૫ વર્ષની વૃદ્ધ ચેપગ્રસ્ત મહિલાનું મોત નીપજ્યું હતું. મહિલાના મોત બાદ રાજ્યમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા પાંચ થઈ ગઈ છે. હિમાચલમાં ૧૪૨ લોકો સારવાર હેઠળ છે, જેમાંથી ૫૭ આ જિલ્લાના છે. અત્યાર સુધીમાં એક દર્દીનું મોત નીપજ્યું છે અને પાંચ સ્વસ્થ થયા છે.

ડેપ્યુટી કમિશનર હરીકેશ મીનાએ જણાવ્યું હતું કે હમીરપુરના એસ્પેક્ટ ગામની એક મહિલાને ચેપ લાગ્યો હતો. તે ૨૨ મેના રોજ મુંબઈથી તેના સાસરામાં પરત આવી હતી અને અહીંની સ્થાનિક મેડિકલ કોલેજમાં છૂટા પડી હતી. તેના ૨૯ વર્ષિય પતિને પણ થોડા દિવસો પહેલા ચેપ લાગ્યો હતો અને તેને સારવાર માટે દાખલ કરવામાં

અનુસંધાન પાના નં. ૬

લો બોલો લોકડાઉનમાં પણ કથિત દારૂની હેરાફેરી પુરજોશમાં હોવાનો ગણગણાટ

પોલીસની રહેમ નજર હેઠળ બુટલેગર ધવલ અને જય બન્યા જય વિરુ ની જોડી!!

સમગ્ર રાજ્ય જયારે કોવિડ ૧૯ ની મહામારી સામે લડી રહ્યું છે રાજ્યના ગૃહરાજ્ય મંત્રી થી લઈ ડીજીપી સહિતનો સ્ટાફ કાયદો અને વ્યવસ્થા જાળવવા રાતદિન લોહી ઉકાળા કરતો હોય ત્યારે વડોદરા રૂરલમાં ભારતિય બનાવતનો વિદસશી દારૂ ધૂમ વેચાતો હોવાની વાત કદાચ સાચી હોય તો પોલીસબેડા માટે શરમ જનકજ કહેવાય.

પ્રાપ્ત સૂત્રો અનુસાર ડભોઈનો ધવલ જયસ્વાલ ચકટલા અને ચાંદપુર થી ભારતિય બનાવટ નો વિદેશી દારૂ ભરી લાવી વડોદરા રૂરલમાં કટિંગ કરે છે ચકટલા થી ભરાયેલ ગાડીઓ કવાંટ થઈનીકળે છે અને ચાંદપુર ની દારૂ ભરેલી ગાડીઓ છોટાઉદેપુર થઈ વડોદરા રૂરલમાં આવે છે મળતી અંતરંગ માહિતી મુજબ ગાડીઓનું વર્ણન એસેકસ૪ સફેદ કલર,સ્વીફ્ટ ડિઝાયર સફેદ,સ્વીફ્ટ નવું મોડલ સફેદ રંગ ની,વિંગર સિલ્વર કલરની,બ્રિજા લાલ રંગની,સફેદ સ્કોર્પિયો, આવી ૬ થી ૭ ગાડીઓ છે જેનું પાયલોટિંગ એલસીબી છોટાઉદેપુર પીઆઈ ની દેખરેખમાં કરતા હોવાની વાત છે રોજના ત્રણ ચાર ફેર મારે છે.

ધવલ જયસવાલ અને તેનો ભાઈ જય ડભોઇ ના છે આ બંને છોટાઉદેપુર એલસીબી ને ધૂમ રૂપિયા આપી ધંધો કરે છે તેના કાકાનો છોકરો મિહિર જયસ્વાલ પણ ઈનવોલ્વ છે ,ધવલ ના પપ્પા રાજુભાઈ અને મિહિરને પપ્પા ગીરીશભાઈ એમના બાબુલાલ પાર્ટી માં છૂટક દારૂ નું સ્ટેન્ડ ચલાવે છે અને જ્યારે માલ આવવાનો હોય ત્યારે એક્ટિવ પર પાયલોટિંગ કરે છે તમામ માલ વડોદરા રૂરલમાં જુદીજુદી જગ્યાએ કટીંગ કરતા હોવાની વિગતો સપાટી પર આવી રહી છે ત્યારે જોવાનું એ રહે કે લોકડાઉન શુ દારૂના ધંધાવળાને કે પોલીસ ને આત્મનિર્ભર કરવા કરવામાં આવ્યું છે લોકચર્ચા મુજબ આરોગ્ય પરમીટ ધારકોને આપાતો વિદેશી દારૂ કે ગુટકા પણ બંધ હોય ત્યારે આટલું મોટું કથિત રેકેટ અને તે પણ પોલીસ જેવા કોરોના વોરિયર્સ ચલાવે અને આમ હોય તો તંત્રે ઢાંકની માં પાણી લઈ ડૂબી મરવા જેવો ઘાટ ઘડાયો કહેવાય ત્યારે આવનારા દિવસોમાં છોટાઉદેપુર અને વડોદરા રૂરલમાં રાજ્યના કર્મઠ દીજીપીની વિજીલિયન્સ ટિમ ત્રાટકે તોજ આ ભારતીય બનાવતનો વિદેશી દારૂ સપ્લાયનો કથિત મસમોટો ધંધો બંધ થાય બાકીતો ગાંધીના ગુજરાતની પોકળ દારૂ બંધી કોને માટે કમાઉ દીકરો છે એ જગ જાહેર છે ખેર હાલતો વિજીલિયન્સ ની રાહ જોવી રહી.

મોતની સંખ્યા વધીને ૩૪૭૦૬૯ થઈ

કોરોના : વિશ્વભરમાં કેસની સંખ્યા વધીને ૫૫૨૪૧૧૯

વિશ્વમાં રિકવર લોકોની સંખ્યા ૨૩૧૫૩૦૫ પર પહોંચી

નવી દિલ્હી

વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૨૨૦૭૯૯ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૧ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઇ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૦૯૭૪૦૨ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૭૮૨૩૫ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૩૫૧૬૨ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૫૧૧ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઇ રહી છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો

અનુસંધાન પાના નં. ૬

કોરોનાના સતત વધતાં જતાં કેસોના કારણે લોકડાઉન-૫ની તૈયારી રાખવી પડશે

દેશમાં કોરોનાનો આતંકઃ ૨૪ કલાકમાં ૭ હજાર પોઝિટિવ કેસ

કોરોના દર્દીઓની સંખ્યા ૧,૩૮,૮૪૫ થઈ, વધુ ૧૫૪ના મોત સાથે મૃત્યુઆંક ૪૦૦૦ને પાર,સતત ચોથા દિવસે કેસમાં વધારો, ટોપ-૧૦ સંક્રમિત દેશમાં સામેલ થયું ભારત, કોરોનાનું એપી સેન્ટર હવે મહારાષ્ટ્ર,વધુ ૫૧ પોલીસકર્મી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

ભારતે લોકડાઉન-૪ પછી હવે લોકડાઉન-૫ માટેની તૈયારીઓ રાખવી પડે તેમ કોરોનાવાયરસના કેસોમાં સોમવારે સવારે સતત ચોથા દિવસે, સૌથી વધુ વધારો થયો છે, છેલ્લા ૨૪ કલાકમાં અધધ.. ૬,૯૭૭ નવા પોઝીટીવ કેસ નોંધાયા છે. જે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૧૫૪ લોકોના મોત થતાં દેશમાં મૃત્યુઆંક પણ ૪૦૦૦ને વટાવી ગયો છે, કુલ મૃત્યુઆંક હવે ૪૦૨૧ પર પહોંચ્યો છે. સાજા થયેલાઓની સંખ્યા સંખ્યા ૫૭૭૨૧ પર પહોંચી ગઈ છે. રોજે રેજ કેસોની વધતી જતી સંખ્યા જોતાં કન્દ્ર સરકારે લોકડાઉન-૫ માટેની તૈયારી રાખવી પડે તો નવાઈ નહીં. કેમ કે કેસો ઓછા થવાને બદલે સતત વધી રહ્યાં છે. જે કેન્દ્ર સરકાર અને રાજય સરકારો કરતાં સામાન્ય માણસ માટે ચિંતાજનક કહી શકાય તેમ છે. કેમ કે, સૂત્રોના કહેવા પ્રમાણે, જો આ જ રીતે રોજેરોજ ૫ હજાર કરતાં વધારે કેસો કોરોના પોઝીટીવના નોંધાતા રહેશે તો સરકાર જનહિતમાં વધુ એક લોકડાઉન માટે વિચારે તો નવાઈ નહીં

દેશભરમાં કોરોના વાઈરસે અત્યાર સુધી ૧,૩૮, ૫૩૬ લોકોને તેના સંકજામાં લીધા છે. અને તેનાથી ૪,૦૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. સાથે જ દેશભરમાં અત્યાર સુધી ૫૭,૬૯૧ લોકો સારવાર બાદ સાજા થયા છે.

દેશમાં સૌથી વધારે સંક્રમિતોની સંખ્યા મહારાષ્ટ્રમાં છે. અહીં ૫૦,૨૩૧ લોકો સંક્રમિત અને ૧,૬૩૫ લોકોના મોત થયા છે. બીજા નંબરે રહેલા

અનુસંધાન પાના નં. ૬

ચીન દ્વારા પેંગોંગ તળાવ નજીક તંબુ ગોઠવી દેવામાં આવ્યા

લદ્દાખ સરહદ ઉપર ભારત અને ચીન વચ્ચે તનાવપૂર્ણ વાતાવરણ

ભારત સરકારે ચીન તરફથી આવતા રોકાણ પર કડક કડક કાર્યવાહી કરી છે ભારતે પણ ત્યાં તંબૂ ગોઠવી દીધા અને જડબાતોડ જવાબ આપવા તૈયાર છે

નવીદિલ્હી

આ દિવસોમાં, ચીન દ્વારા ભારત અને ચીન લદાખ બોરડે વચ્ચે તનાવ ચાલી રહ્યો છે, જે થોડા સમય પહેલા ડોકલામમાં બહાર આવવા જેવો જ હતો. ચીની બાજુથી પેંગોંગ તળાવ નજીક તંબુ ગોઠવવામાં આવ્યા છે. ભારતે પણ ત્યાં તંબૂ મૂક્યો છે અને યોગ્ય જવાબ આપવા તૈયાર છે. એટલે કે, એક તરફ ચીન ભારત તરફ નજર રાખી રહ્યું છે, બીજી તરફ ભારતને કારણે તે ડરી ગયો છે અને તેનો ગુસ્સો પણ બહાર આવી રહ્યો છે. ચીનની સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે ભારત વિરુદ્ધ ઝેરનો પ્રારંભ કર્યો છે. એક તરફ તે સરહદ પર ભારતીય સૈનિકોનો મુકાબલો કરે છે, બીજી તરફ તે મીડિયા દ્વારા ભારતની નીતિ પર આંગળી ઉઠાવી રહ્યો છે. ચીને તાજેતરના કોરોના સમયગાળા દરમિયાન ભારતમાં મોટું રોકાણ કર્યું હતું. આ જોઈને, ભારત સરકાર જાગૃત થઈ ગઈ અને ચીન તરફથી થયેલા તમામ રોકાણોની સંપૂર્ણ તપાસ હાથ ધરવાનો નિયમ બનાવ્યો. હકીકતમાં, કોરોનાને કારણે ભારતને ઘણું આર્થિક નુકસાન થયું છે, આવી સ્થિતિમાં ચીન અહીં તકમાં રોકાણ કરીને નફો કમાવવાનું વિચારી રહ્યો હતો, આને રોકવા માટે ભારત સરકારે ચીન તરફથી આવતા રોકાણને કડક બનાવવાનું શરૂ કર્યું. છે. જોકે, ભારતના આ પગલાથી ચીન ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. સવાલ એ છે કે જો ચીનનો હેતુ યોગ્ય છે, તો પછી રોકાણની તપાસ કરવામાં કેમ ડર છે? ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે ચીન તરફથી આવતા રોકાણો અંગે ભારતની કડકતાને ભેદભાવપૂર્ણ ગણાવ્યું હતું. તે

અનુસંધાન પાના નં. ૬

દૈનિક અને સાપ્તાહિક પાસના આધારે એન્ટ્રી

દિલ્હી-ગાઝિયાબાદ સરહદ ફરીથી સીલ : કેસોમાં વધારો

ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ તેમજ પત્રકારો ઓળખ કાર્ડ દ્વારા પ્રવેશ મેળવી શકશે : કેસોને ધ્યાનમાં લઈ નિર્ણય

ગાઝિયાબાદ

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં વધતા કોરોના વાયરસના દર્દીઓ જોતા જિલ્લા પ્રશાસને મોટો નિર્ણય લીધો છે. દિલ્હી-ગાઝિયાબાદ બોર્ડર ફરી એકવાર સીલ થઈ ગઈ છે. પાસ થનારાઓને જ જિલ્લામાં પ્રવેશ આપવામાં આવશે. આ આદેશ બાદ ગાઝિયાબાદથી દિલ્હી જતા લોકોમાં હંગામો મચી ગયો છે. ડીએમ દ્વારા જારી કરેલા હુકમમાં, એવું કહેવામાં આવે છે કે પસાર થનારાઓને જ સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. માલ, બેંકિંગ સેવાઓ અને આવશ્યક માલ વહન કરતા વાહનોને વહન કરવું જરૂરી રહેશે. બોર્ડર પર તૈનાત પોલીસ પૂછપરછ કરી શકશે. પોલીસ પાસની તપાસ કરશે અને ખાતરી આપવામાં આવશે ત્યારે કોઈને ગાઝિયાબાદમાં પ્રવેશ આપવામાં આવશે. યુપીમાં વિદેશથી આવતા લોકોએ પોતાના ખર્ચે ૭ દિવસની કોરેન્ટાઈન હોટલ પર કરવી પડશે જોકે ડીએમે કહ્યું કે ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, બેંક કર્મચારીઓને પાસની જરૂર રહેશે નહીં. આ લોકોને તમારું ઓળખ કાર્ડ બતાવવા માટે તે પૂરતું હશે. તેની ઓળખપત્રો જોઈને, તેને સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. તે જ સમયે, એમ્બ્યુલન્સ કોઈપણ વિક્ષેપ વિના આવી અને જઈ શકે છે. ભારત સરકારમાં કાર્યરત નાયબ સચિવ અને ઉપરોક્ત અધિકારીઓને પણ ઓળખ કાર્ડના આધારે મુસાફરી કરવાની છૂટ આપવામાં આવશે. ડીએમએ આદેશમાં કહ્યું છે કે ગાઝિયાબાદમાં ઘણા સરકારી કર્મચારીઓ છે જેઓ દિલ્હીમાં કામ કરે છે.

સરકારી કર્મચારીઓ માટેની% ૩૩% મર્યાદા નક્કી કરીને કચેરીઓમાં હાજર રહેવાનો નિર્દેશ છે, પરંતુ તેનું પાલન કરવામાં આવી રહ્યું નથી. આવા કર્મચારીઓ માટે ક ૩૩ ટકા મર્યાદાના આધારે issued ઓફિસમાંથી પાસ આપવામાં આવશે, જેમને સાપ્તાહિક અને દૈનિક ધોરણે જારી કરવામાં આવશે, તેમને મંજૂરી આપવામાં આવશે. ડી.એમ.એ કહ્યું કે, દિલ્હીના હોટસ્પોટ વિસ્તારથી ગાઝિયાબાદ આવનારાઓને પ્રવેશ માટેની પરવાનગી હોવા છતાં કોઈ પણ રીતે પ્રવેશ આપવામાં આવશે નહીં.

ઓરિસ્સા હાઈકોર્ટના જસ્ટિસે દુષ્કર્મના આરોપીના જામીન મંજૂર કર્યા


લગ્નનું વચન આપી શારીરિક સંબંધ બાંધવા એ દુષ્કર્મ નથીઃ હાઈકોર્ટ

કટક

ઓરિસ્સા હાઈકોર્ટ જસ્ટિસ પાણીગ્રહીએ એક નીચલી કોર્ટનો આદેશ ફગાવી દીધો છે અને દુષ્કર્મના આરોપીની જામીન અરજી મંજૂરી કરતાં કહ્યું છે કે, લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધવો એ દુષ્કર્મ નથી.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે ગત વર્ષે નવેમ્બર મહિનામાં ૧૯ વર્ષીય આદિવાસી મહિલાની ફરિયાદ પર દુષ્કર્મના આરોપમાં એક વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ રેકોર્ડ અનુસાર આ યુવક અને તેના ગામની જત યુવતિ વચ્ચે લગભગ ૪ વર્ષ શારીરિક સંબંધ રહ્યાં હતાં. આ દરમિયાન યુવતિ બે વાર ગર્ભવતી બની હતી. બાદમાં મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો કે યુવકે લગ્નનું વચન આપ્યું હતું અને પોતાની નિર્દોષતાનો ફાયદો ઉઠાવીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ ફરિયાદના અનુસંધાનમાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી, જે છેલ્લા ૬ મહિનાથી જેલમાં હતો. હાઈકોર્ટે ગુરુવારે એ શરત પર યુવકની જામીન અરજી મંજૂરી કરી કે એ તપાસમા સહયોગ કરશે અને કથિત પીડિતાને ધમકી આપશે નહીં. જસ્ટિસ પાણીગ્રહીએ પોતાના ૧૨ પેજ આદેશમાં દુષ્કર્મ કાનૂનો પર વિસ્તારથી ચર્ચા કરી અને કહ્યું કે વગર કોઈ આશ્વાસનથી સહમતીથી પણ સંબંધ બનાવવા સ્પષ્ટ રુપથી આઈપીસીની કલમ ૩૭૬(બળાત્કાર) હેઠળ ગુનો માની શકાય નહીં. આ સાથે જસ્ટિસે એ પણ સ્પષ્ટ કર્યું કે દુષ્કર્મ કાનૂન સામાજિક રુપથી વંચિત અને ગરીબ પીડિતોની દુર્દશા રોકવામાં નિષ્ફળ રહ્યો છે, જ્યાં કેટલાક પુરુષો દ્વારા લગ્નના જૂઠા વચનો આપીને શારીરિક સંબંધો બનાવી લેવામાં આવે છે.



દિલ્હી- ભુવનેશ્વર ફ્લાઈટમાં એરહોસ્ટેઝ પીપીઈ કીટમાં જોવા મળ્યા.

બ્રાઝિલમાં ૨૪ કલાકમાં ૧૬૫૦૮ કોરોનાના કેસ

કોરોના વાયરસઃ અમેરિકાએ બ્રાઝિલથી આવનારા પેસેન્જર પર પ્રતિબંધ મૂક્યો

વોશિંગ્ટન

અમેરિકા કોરોના વાયરસના વધતા કહેરને જોતા બ્રાઝીલથી આવનારા પેસેન્જર પર પ્રતિબંધ મૂકી દીધો છે. બ્રાઝીલમાં દરરોજ કોરોના વાયરસના કેસમાં રેકોર્ડબ્રેક ઉછાળો નોંધાઇ રહ્યો છે તેને જોતા અમેરિકા આ નિર્ણય લીધો છે. બ્રાઝીલમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૫૦૮ નવા કેસ સામે આવ્યા છે. ત્યારબાદ કુલ સંક્રમિતોની સંખ્યા ૩.૬૫ લાખ પર પહોંચી ગઇ છે.

તાજેતરમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ બ્રાઝીલથી આવનારા પેસેન્જર્સ પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહ્યા છે. વ્હાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે હું નથી ઇચ્છતો કે ત્યાંથી લોકો અહીં આવે અને અમારા લોકોને સંક્રમિત કરે. હું નથી ઇચ્છતો કે ત્યાંના લોકો પણ બીમાર પડે. અમે વેન્ટીલેટર મોકલીને બ્રાઝીલની મદદ કરી રહ્યા છીએ. બ્રાઝીલ મુશ્કેલીમાં છે.

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓ બ્રાયન એ શનિવારના રોજ સીબીએસ ફેસ ધ નેશનને કહ્યું હતું કે કદાચ બ્રાઝીલથી આવનારા પેસેન્જર્સના પ્રવેશ પર પ્રતિબંધ મૂકાશે. તેમણે આગળ કહ્યું હતું કે આશા છે કે આ અસ્થાયી રીતે જ હશે.

આપને જણાવી દઇએ કે અમેરિકા બાદ બ્રાઝીલમાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૩.૬૫ લાખ રૂપિયા થઇ ગઇ છે. અહીં મૃતકોની સંખ્યા ૨૨૭૪૬ પર પહોંચી ગઇ છે. રાહતની વાત એ છે કે કોવિડ-૧૯થી ૧.૫ લાખ લોકો સાજા પણ થઇ ગયા છે.

આશ્ચર્યજનકઃ એમેઝોન જંગલોમાં જનજાતિઓની વચ્ચે કોરોના વાયરસનું સંક્રમણ ફેલાયુ

બ્રાઝિલ

કોરોના વાયરસ એ વિસ્તારો અને જંગલોમાં પણ પહોંચી ગયો છે જ્યાં સામાન્ય માણસ જતા પણ ગભરાતો હતો. આ ખતરનાક વિસ્તાર છે એમેઝોન જંગલ. બ્રાઝિલમાં આવેલા એમેઝોન જંગલોમાં રહેલી જનજાતિઓની વચ્ચે પણ કોરોના વાયરસનું સંક્રમણ ફેલાઈ ચુક્યું છે. આનાં કારણે અનેક જનજાતિના લોકોનાં મોત થયા છે.

બ્રાઝિલનાં એમેઝોન વિસ્તારમાં અત્યારે કોરોના વાયરસનાં કારણે ૬૦ જનજાતિઓનાં આદિવાસી સંક્રમિત છે. અત્યાર સુધી અહીં ૯૮૦ કેસ આવી ચુક્યા છે. તો ૧૨૫ લોકોનાં મોત થયા છે. એમેઝોનનાં વિસ્તારોમાં નજર રાખતા બ્રાઝિલનાં અધિકારીઓએ જણાવ્યું કે આ ક્ષેત્રમાં મૂળભૂત સ્વાસ્થ્ય સુવિધાઓની ભારે તંગી છે. અહીં સંક્રમણ ઝડપથી ફેલાઈ શકે છે.

એમેઝોનનાં જંગલોમાં કોરોના વાયરસ કોવિડ-૧૯થી મોતનો દર ૧૨.૬ ટકા છે, જ્યારે બ્રાઝિલમાં આ દર ૬.૪ ટકા છે. બ્રાઝિલમાં લગભગ ૯ લાખ જનજાતિનાં લોકો છે. આ જંગલોથી ઘેરાયેલા ગામોમાં રહે છે. એમેઝોનમાં એપ્રિલ મહિનામાં કોરોના વાયરસથી મોતનો પહેલો કેસ આવ્યો હતો. હવે બ્રાઝિલની સરકાર એ તપાસ કરી રહી છે કે આ જનજાતિઓનાં લોકો પોતાના વિસ્તારમાં કોઈપણ બહારનાં વ્યક્તિને આવવા નથી દેતા. આવામાં કોરોના વાયરસનું સંક્રમણ આ વિસ્તારોમાં ફેલાયું કઈ રીતે?

આ પદ પહોંચનારા પહેલા ભારતીય

ગુજરાતી નવીન શાહ 'ચેર ઓફ ધ લંડન એસેમ્બલી' તરીકે ચૂંટાયા

લંડન

ગુજરાતી નવીન શાહ 'ચેર ઓફ ધ લંડન એસેમ્બલી' તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ પદ પર પહોંચનારા તેઓ પહેલાં ભારતીય છે. વર્ષોથી બ્રિટનમાં સ્થાયી થયેલા ૭૩ વર્ષીય નવીન શાહની ગત્ ૧૫મી મેના રોજ આ પદ પર નિમણૂક કરવામાં આવી હતી. સ્વામિનારાયણ મંદિર-કિંગ્સબરીએ પણ ટ્વિટ કરીને નવીન શાહને આ નિમણૂક બદલ અભિનંદન પાઠવ્યા હતા. બ્રિટનની લેબર પાર્ટીના નેતા નવીન શાહ વર્ષ ૧૯૭૩માં યુકે શિફ્ટ થયા હતા. તેમણે વર્ષ ૧૯૭૭માં લેબર પાર્ટી જોઈન કરી હતી અને વર્ષ ૧૯૯૪માં હેરો લંડન બોરો કાઉન્સિલના કાઉન્સિલર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. નવીન શાહ વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬ સુધી લીડર ઓફ હેરો કાઉન્સિલના પદ પર હતા. તેઓ વર્ષ ૨૦૦૮માં લંડન એસેમ્બલીના સભ્ય તરીકે ચૂંટાયા હતા. બાદમાં તેઓ ૨૦૧૨ અને ૨૦૧૬માં પણ લંડના એસેમ્બલીના સભ્યની ચૂંટણી જીત્યા હતા. નવીન શાહને પરિવારમાં પત્ની અને બે બાળકો છે.

પાક.આર્મી પ્રમુખે પૂના સેક્ટરની મુલાકાત લીધી

પાકિસ્તાન કાશ્મીરને વૈશ્વિક મુદ્દો બનાવવામાં સદંતર નિષ્ફળ રહ્યુઃ જાવેદ બાજવા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના આર્મી પ્રમુખ કમર જાવેદ બાજવાએ ઈદના તહેવાર પર નિયંત્રણ રેખા પાસે આવેલા પૂના સેક્ટરની મુલાકાત લીધી હતી. આ અવસર પર પણ તેમણે કાશ્મીરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, પાકિસ્તાન કાશ્મીરને વૈશ્વિક મુદ્દો બનાવવામાં નિષ્ફળ રહ્યું હતું. જ્યારે ભારતને દુનિયાને પોતાની વાત સમજાવવામાં સફળતા મળી. જેથી વૈશ્વિક સમુદાયનું ધ્યાન કાશ્મીરમાં માનવાધિકાર ઉલ્લંઘન અને હિંસા પરથી હટી ગયું છે.

છેલ્લા ઘણા દિવસોમાં સરહદ પાર ઘુસણખોરીની ઘટનામાં વધારો થયો છે. કાશ્મીરમાં ૩ મેના રોજ થયેલા એક્રાઉન્ટરમાં ભારતીય સેનાના કર્નલ આશુતોષ સહિત ૫ જવાન શહીદ થયા બાદ ભારતે કડક વલણ અપનાવ્યું છે. મે મહિનામાં સુરક્ષાદળ ૩ મોટા એક્રાઉન્ટર કરી ચુક્યું છે. એવા પણ રિપોર્ટ્સ મળ્યા હતા કે ભારતની કાર્યવાહીના ડરથી પાકિસ્તાન એરફોર્સે પોતાની સરહદમાં હિલચાલ વધારી દીધી છે. આના કારણે બાજવા નિયંત્રણ રેખા પર સમીક્ષા કરવા માટે ગયા હતા.

બાજવાના જણાવ્યા પ્રમાણે, કાશ્મીર વિવાદીત ભાગ છે. ભારતે તેને હંમેશા એક ભાગ ગણાવ્યો છે. ભારત સરકારે જમ્મુ-કાશ્મીર પાસેથી રાજ્યનો દરજ્જો છીનવીને તેને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવી દીધો. ત્યાંથી ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ અનુચ્છેદ ૩૭૦ પણ હટાવી દેવાયો હતો. જ્યારે નૈતિક અને બંધારણીય રીતે તે યોગ્ય હતું. અમે કાશ્મીરીઓ સાથેઆજે પણ ભાઈચારા સાથે ઈદ મનાવી રહ્યા છીએ. કાશ્મીરમાં પણ ભારતે લોકડાઉન લગાવી રાખ્યું છે જેથી હિંસક પ્રવૃત્તિને અંજામ આપી શકાય. બાજવાએ એવું પણ કહ્યું કે, પાકિસ્તાન આર્મી જોખમ અંગે સતર્ક છે. સુરક્ષા અંગે અમે દેશની આશા પર સાચા ઉતરીશું.

કોરોના સંકટ વચ્ચે આરઆઈએલએ જિયો માર્ટનું લોન્ચિંગ કર્યું

મુંબઈ

કોરોના સંકટ અને લોકડાઉન વચ્ચે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ(RIL) એ ઓનલાઈન ગ્રોસરી શોપિંગ પોર્ટલ જિયોમાર્ટનું લોન્ચિંગ કર્યું છે. રિલાયન્સ રિટેલના ગ્રોસરી બિઝનેસના સીઈઓ દામોદાર માલે ટ્વીટ કરી કહ્યું કે જિયોમાર્ટ દેશના ૨૦૦થી વધુ શહેરોમાં સેવાઓ આપશે.

મીડિયા રિપોર્ટ મુજબ કંપની હાલ જરૂરી પ્રોડક્ટના એમઆરપી પર ૫ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. જિયોમાર્ટે ગ્રાહકોને સેવા આપવા માટે ગત મહિને મુંબઈના ત્રણ ઉપનગરી વિસ્તારોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂઆત કરી હતી. જિયોમાર્ટના લોન્ચિંગ સાથે હવે દેશના ઈ-કોમર્સ માર્કેટમાં એમેઝોન અને ફ્લિપકાર્ટને જબરદસ્ત ટક્કર મળવાની છે.

એક મીડિયા અનુમાન મુજબ ૨૦૨૭ સુધી દેશમાં ઈ-કોમર્સ માર્કેટ ૨૦૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જો કે, રિલાયન્સના પ્રવક્તાએ જિયોમાર્ટના લોન્ચિંગ અંગે કોઈ પણ ટિપ્પણી કરવાથી ઈકાર કર્યો હતો. મીડિયા રિપોર્ટ પ્રમાણે જિયોમાર્ટ પર શોપિંગ ફેસબુકની માલિકી ધરાવતી કંપની વોટ્સએપના માધ્યમથી પણ થઈ શકશે. વોટ્સએપના હાલ દેશમાં લગભગ ૪૦ કરોડ યુઝર્સ છે.

દિલ્હીથી બેંગ્લુરુ ફ્લાઈટમાં એકલો આવ્યો બાળક, ૩ મહિના બાદ માતા સાથે મિલન થયુ

બેંગ્લુરુ

અંદાજે ૨ મહિના કોરોના-લૉકડાઉનના પગલે ફ્લાઈટો બંધ રહી છે. જે હવે આજે ફરીથી શરૂ કરવામાં આવી રહી છે. હાલ માત્ર ડોમેસ્ટિક ફ્લાઈટોને જ મંજૂરી આપવામાં આવી છે. આવી જ એક ફ્લાઈટ દિલ્હીથી બેંગલુરૂ પહોંચી હતી. જેમાં વિહાન નામનો એક ૫ વર્ષનો બાળક પણ આવ્યો હતો. ૫ વર્ષનો વિહાન દિલ્હીથી એકલો જ બેંગ્લુરૂ આવ્યો છે. તેને લેવા માટે તેની માતા એરપોર્ટ પર પહોંચી હતી. વિહાનને ફ્લાઈટ સ્ટાફે તેની માતા સુધી સુરક્ષિત પહોંચાડ્યો હતો. આ અંગે વિહાન શર્માની માતા મંજરી શર્માએ જણાવ્યું કે, તેમનો પુત્ર છેલ્લા ૩ મહિનાથી દિલ્હીમાં હતો. જ્યાં તે તેના દાદા-દાદી પાસે હતો અને પછી લૉકડાઉનના કારણે ત્યાં જ અટવાઈ ગયો. જણાવી દઈએ કે, ડૉમેસ્ટિક ફ્લાઈટો શરૂ થયા બાદ કર્ણાટકના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અત્યાર સુધી બે ફ્લાઈટો આવી ચૂકી છે. આમાંથી જ એક ફ્લાઈટમાં વિહાન પણ આવ્યો હતો.

ભાજપ સાંસદ પ્રવેશ વર્માએ રાહુલ ગાંધીની તુલના કોરોના વાયરસ સાથે કરી

ન્યુ દિલ્હી

પશ્ચિમ દિલ્હીના ભાજપના સાંસદ પ્રવેશ વર્માએ ફરી એકવાર વિવાદિત નિવેદન આપ્યું છે. આ વખતે તેમણે રાહલુ ગાંધી પર અભદ્ર ટીકા કરી છે. તેમણે રાહુલ ગાંધીની તુલના કોરોના વાયરસ સાથે કરી હતી. આવું ભાજપના નેતા વારંવાર કરી રહ્યાં છે. તેમ છતાં ભાજપની નેતાગીરી તેમને ક્યારેય ઠપકો આપતી નથી. છેલ્લી પાયરીની આવી ટીપ્પણીથી લોકો ખુશ નથી. કોંગ્રેસના નેતાઓએ વર્માના વર્તનને રાષ્ટ્ર માટે શરમજનક ગણાવી હતી. ભાજપના આ નેતાએ સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધીને ક્વૉરેન્ટાઈન સેન્ટરમાં મોકલવાનું કહ્યું હતું.

રાજ્યમાં કુલ ૧૮૦૯ જવાન પોઝિટિવ

મહારાષ્ટ્રમાં કોરોના વધુ ઘાતકઃ ૨૪ કલાકમાં ૫૧ પોલીસકર્મી પોઝિટિવ

મુંબઈ

દેશમાં જીવલેણ કોરોના વાયરસથી મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત છે. રાજ્યમાં મોટી સંખ્યામાં પોલીસકર્મીને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૫૧ પોલીસકર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હવે રાજ્યમાં કોરોના પોઝિટિવ પોલીસકર્મીની સંખ્યા ૧૮૦૯ થઈ છે.

જેમાંથી ૧૯૪ પોલીસ અધિકારી અને ૧૬૧૫ પોલીસ કર્મચારી સામેલ છે. કોરોનાથી અત્યાર સુધીમાં ૧૮ પોલીસકર્મીના મોત પણ થયા છે. જોકે ૬૭૮ પોલીસકર્મી સ્વસ્થ થઈ ગયા છે.

મહારાષ્ટ્ર સરકારના વધુ એક મંત્રીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નાંદેડમાં અશોક ચવ્હાણનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અશોક ચવ્હાણ હાલ ઉદ્ધવ સરકારમાં પીડબલ્યુડી મંત્રી છે. તેઓ રાજયના પૂર્વ મુખ્યમંત્રી પણ રહી ચુક્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૦,૨૩૧ પર પહોંચી છે. ૧૬૩૫ લોકોના મોત થયા છે અને ૧૪,૬૦૦ લોકો સાજા થઈ ગયા છે.

૨૮ વર્ષ બાદ શ્રીરામજન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના અધ્યક્ષ

નૃત્ય ગોપાલ દાસે રામલલાના દર્શન કરી પૂજન કર્યુ

અયોધ્યા

ધાર્મિક નગરી અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિર નિર્માણની ક્ષણો હવે નજીક છે. અહીં મંદિર નિર્માણ માટે ૬૭.૭ એકર ભૂમિને લેવલ કરવામા આવી રહી છે. સોમવારે શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ અને મણિરામ દાસ છાવણીના મહંત નૃત્ય ગોપાલ દાસે સવારે ૧૦ વાગ્યે અહીં ૨૮ વર્ષ બાદ રામલલાના દર્શન અને પૂજન કર્યું હતું. તેમણે લેવલિંગ કામગીરીની પણ સમીક્ષા કરી હતી. મહંતે કહ્યું- રામ મંદિર નિર્માણ કાર્ય હવે ચાલુ રહેશે. લેવલિંગ સાથે મંદિર નિર્માણ કાર્ય પણ શરૂ થઈ ગયું છે. મહંત નૃત્યગોપાલ દાસે સોમવારે અચાનક રામલલાના દર્શનનો કાર્યક્રમ બનાવ્યો હતો. અહીં અસ્થાઈ મંદિરમાં વિરાજમાન ભગવાન રામના બાળ સ્વરૂપના દર્શન કર્યા તેઓ બાબરી મસ્જિદ તૂટ્યા બાદ પહેલી વખત દર્શન કરવા પરિસર પહોંચ્યા હતા. જ્યારે અગાઉ અસ્થાઈ મંદિરમાં રામલલાને શિફ્ટ કરતી વખતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મોજૂદ હતા ત્યારે તેઓ હાજર ન હતા. જોકે કોર્ટના આદેશ બાદ ટ્રસ્ટના સભ્યોએ ત્યાં દર્શન અને પૂજનમાં બરાબર ભાગીદારી કરી હતી. ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા બાદ પણ અત્યાર સુધી મહંત નૃત્યગોપાલ દાસ રામલલાના દર્શન કરવા નહોતા ગયા.

વિશ્વ હિન્દુ પરિષદના મીડિયા પ્રભારી શરદ શર્માએ જણાવ્યું કે રવિવારે મહંત નૃત્યગોપાલદાસના આશીર્વાદ લેવા માટે તેમના મઠ પર ગયા હતા. તે સમયે તેમણે રામલલાના દર્શન અને લેવલિંગ કાર્યના નિરક્ષણનો અનુરોધ કર્યો. તેમણે મહંતજીને કહ્યું કે ટ્રસ્ટના અધ્યક્ષ હોવાના લીધે તેમની ફરજમાં તે સામેલ છે. આ રીતે તેઓ દર્શન કરવા માટે તૈયાર થયા હતા.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

વિશ્વમાં કોરોના ફફડાટ

કોરોના વાયરસે સમગ્ર દુનિયા અને માનવતા સામે એક પ્રકારની નવી સમસ્યા ઉભી કરી દીધી છે. માનવતાને કઈ રીતે બચાવવામાં આવે તેને લઈને દુનિયાના દેશો લાગેલા છે. વેક્સીન અથવા તો દવા બનાવવામાં ક્યારેય સફળતા મળશે તે અંગે હાલનાં કોઈ વાત કરી શકાય તેમ નથી. ૫૫ લાખ લોકોના કેસો સપાટી પર આવ્યા છે. લાખોના મોત થયા છે. દર વર્ષે હજારો લોકો એવી બિમારીના કારણે જાન ગુમાવી દે છે જે બિમારીમાં સારવાર શક્ય હોય છે. કેટલીક વખત દર્દી હોસ્પિટલમાં ન પહોંચવાના કારણે મૃત્યુ પામે છે. કેટલીક વખત બેદરકારીના કારણે મૃત્યુ થાય છે. કેટલીક વખત હોસ્પિટલમાં પુરતી સુવિધા ન હોવાના કારણે મૃત્યુ પામે છે. કેટલીક વખત હોસ્પિટલમાં તબીબોની બેદરકારીના કારણે પણ દર્દીનુ મોત થાય છે. કેટલીક વખત તો નજીવી તકલીફના કારણે પણ દર્દીનુ તબીબોન ઉદાસીનતાના કારણે મૃત્યુ થાય છે આવી સ્થિતીમાં કોઈ નવી બિમારી અંગે સાંભળવા મળે અને તે ઝડપથી ફેલાતી દેખાય ત્યારે લોકો ભયભીત બને તે સ્વાભાવિક છે. આવી જ એક ની દહેશત હવે કોરોના વાયરસને લઈને રહેલી છે. આના કારણે વિશ્વમનાં લાખો લોકોના મોત થઈ ગયા છે. લાખો લોકો અસરગ્રસ્ત બન્યા છે. ૨૧૩થી વધારે દેશો તેના સકંજામાં છે.આ એક એક વાયરસ તરીકે છે જેનો આતંક ધીમે ધીમે દુનિયાના દેશોમાં ફેલાઈ રહ્યો છે. આ એવો વાયરસ છે જેની સારવાર તો દુરની વાત છે હજુ સુધી તો તેના સોર્સ અંગે પણ માહિતી મળી શકી નથી. લક્ષણોના આધાર પર માની લેવામાં આવ્યુ છે કે આ એક અલગ પ્રકારના વાયરસ તરીકે છે. રોગના કેન્દ્ર તરીકે ચીનના વુહાન વિસ્તાર છે. ત્યાંથી દુનિયાના દેશોમાં પહોંચી જતા હાહાકાર છે. કેટલાક જાણકાર લોકો તો અહીં સુધી દાવો કરે છે કે ડબલ્યુએચઓ આંતરરાષ્ટ્રીય દવા નિર્માણ કરતી લોબીના ઈશારે કામ કરે છે. દર બે ત્રણ વર્ષમાં કોઈને કોઈ નવી બિમારી અને વાયરસ આવે છે. ત્યારબાદ તેને રોકવાના નામે દવા કંપનીઓ જોરદાર રીતે સક્રિય થઈ જાય છે. જંગી કમાણી શરૂ થાય છે. બર્ડ ફ્લુ, સ્વાઈન ફ્લુથી લઈને સાર્સ જેવા રોગ આવી ચુક્યા છે. આ તમામ બિમારી ફેલવા અને તેના પર અંકુશ થઈ જવાના ઈતિહાસ રહેલા છે. બિમારીઓના લક્ષણ અને તેને રોકનાર દવામાં પણ કોઈ ખાસ અંતર દેખાતા નથી. હવે કોરોના વાયરસના લક્ષણ જોવામાં આવે તો તે ફ્લુ જેવા દેખાઈ રહ્યા છે. જો કે આ દાવાને પુર્ણ રીતે માની લેવામાં આવે તો પણ કેટલીક નક્કર બાબતો ઉભરીને સપાટી પર આવતી નથી. જો કે આવી તમામ શંકાના નિવારણની પણ જરૂર દેખાઈ રહી છે. દુનિયાના દેશો દવા વિકસિત કરી હોવાનો દાવો કરી રહ્યા છે પરંતુ દવા સફળ રીતે હજુ આશા જગાવી રહી નથી. જે દેશો દવાને લઈને વાત કરી રહ્યા છે તે પણ પરિક્ષણને લઈને વધારે વાત કરી રહ્યા નથી. જેથી હાલમાં કોરોના વાયરસ પર અંકુશ મુકવામાં સફળતા મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

વિશ્વભરના દેશોમાં લાખો લોકો સકંજામાં આવ્યા બાદ દુનિયાના દેશો સામે પડકારો

કોરોના કાળમાં પણ શ્રમિકોને આવરી લેતા અકસ્માતોનો જારી રહ્યા છે

માર્ગ અકસ્માતો : રોજ ૪૦૦ના મોત

લાપરવાહી, વધારે પડતી સ્પીડ અને નિયમોના સતત ભંગના કારણે


અકસ્માતો : સજાને કડક કરવામાં આવી શકે : રસ્તાઓને સુધારી શકાય

માર્ગ અકસ્માતોને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. માર્ગ અકસ્માતોના કારણે દેશમાં દરરોજ ૪૦૦થી પણ વધારે લોકોના મોત થઈ રહ્યા છે. હાલમાં જારી કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્ગ અકસ્માતોના કારણે દેશમાં હાલત કફોડી બનેલી છે. આના માટે કોઈ એકને કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. હાલમાં જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ અકસ્માતોની વાત કરવામાં આવે તો ઉત્તરપ્રદેશ અને તમિળનાડુમાં સૌથી વધારે અકસ્માત થાય છે. માર્ગ અકસ્માતોના કારણે આંકડા ચિંતાજનક રીતે સપાટી પર આવ્યા બાદ વધુ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે માર્ગો પર દરેક પ્રકારના સિગ્નલ, બંપ અને ડિવાઈડર રાખવામાં આવ્યા હોવા છતાં બનાવો બની રહ્યા છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે ભરચક રહેતા વિસ્તારોમાં રસ્તાને પણ વધારે પહોળા કરવામાં આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાલમાં રજૂ કરવામાં આવેલા આંકડા તમામ લોકોને ચિંતામાં મુકે તેવા રહેલા છે. આંકડા મુજબ માર્ગ દુર્ઘટનામાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭માં ક્રમશ ૧.૪૬ લાખ અને ૧.૫ લાખ લોકોના મોત થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ના ગાળા દરમિયાન માર્ગ અકસ્માતોમાં આંશિક ઘટાડો થયો છે. જો કે જીવલેણ અકસ્માતોનો દોર હજુ જારી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ ઉત્તરપ્રદેશમાં સૌથી વધારે માર્ગ દુર્ઘટનામાં મોત થયા છે. ત્યારબાદ બીજા સ્થાને તમિળનાડુ છે. તામિળનાડુમાં પણ મોટી સંખ્યામાં માર્ગ અકસ્માતો થતા રહે છે. બંને રાજ્યોની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં દેશભરમાં થયેલા તમામ મોત પૈકી એક ચતુર્થાંશ મામલા આ બંને રાજ્યોમાં નોંધાયા હતા. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ના આંકડાના સંબંધમાં માહિતી પૂર્ણ રીતે મળી શકી નથી. માર્ગ અકસ્માતોમાં થનાર મોતના મામલામાં રાજસ્થાન પણ પાછળ નથી. તે પાંચમાં સ્થાન પર છે. મધ્યપ્રદેશ છઠ્ઠા સ્થાન પર છે.માર્ગ અકસ્માતોના કારણોની વાત કરવામાં આવે તો કેટલાક કારણો રહેલા છે. જે પૈકી જે કારણ મોટા ભાગે સપાટી પર આવી ચુક્યા છે તેમાં ઓવર સ્પીડ અને નશામાં રહીને વાહન ચલાવવાની બાબત સૌથી ઉપર રહી છે. ચાલકનુ ધ્યાન અન્યત્ર જવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માત થઈ જાય છે. ખોટી લેનમાં ગાડી ચલાવવાના કારણે પણ અકસ્માતો થઈ જાય છે. કાર ચલાવતી વેળા સીટ બેલ્ટ ન પહેરવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માતમાં ખતરો વધારે રહે છે. આ ઉપરાંત લાલ બત્તીને જંપ કરવાની બાબત પણ અકસ્માતને આમંત્રણ આપે છે. બાઈક અથવા તો મોટરસાઈયકલ ચલાવતી વેળા હેલ્મેટ ન પહેરવાની બાબત પણ અસર કરે છે. હેલ્મેટ યોગ્ય ગુણવત્તા સાથે પહેરવાની બાબત ઉપયોગી રહે છે. જો કેટલાક પગલા લેવામાં આવે તો માર્ગ અકસ્માતોને કેટલાક અંશે રોકી શકાય છે. જે પૈકી સૌથી પહેલા તો નશા અને ઓવરસ્પીડમાં ગાડી ચલાવનારની સામે કાર્યવાહી થાય તે જરૂરી છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે દેશના કેટલાક ભાગોમાં જે માર્ગોની સ્થિતી છે તેમાં પણ સુધારો કરવાની જરૂર છે. ટ્રાફિકને નિયંત્રિત કરી શકે તેવા સાધન પુરતા પ્રમાણમાં તમામ રસ્તા પર સ્થાપિત કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ સાધન યોગ્ય રીતે કામ કરે છે કે કેમ તેની ચકાસણી થવી જોઈએ. રોન્ગ સાઈડમાં ક્યારેય ગાડી ચલાવવી જોઈએ નહીં. સેફ્ટી ગિયર અને સીટ બેલ્ટનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો અકસ્માતોને ટાળી શકાય છે. માર્ગ અકસ્માત ભારતમાં મોટા ખતરા તરીકે રહે છે. જો કે આના કારણ પણ મોટા ભાગે લાપરવાહી અને બેદરકારી હોય છે. અકસ્માતોને રોકવા માટે જુદી જુદી સમિતિ દ્વારા અનેક વખત ભલામણ કરવામાં આવી છે. આ ભલામણો તરફ ધ્યાન આપીને પગલા લેવામાં આવ્યા હોવા છતાં માર્ગ અકસ્માતોને રોકવા માટે તંત્રને નોંધનીય સફળતા મળી નથી. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે.માર્ગ અકસ્માતોને રોકવા માટે જુદા જુદા સ્તર પર તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસના ગાળા દરમિયાન પણ મોટી સંખ્યામાં લોકોના મોત માર્ગ અકસ્માતમાં થઈ ચુક્યા છે. જેમાં શ્રમિકોના મોત થયા છે.

જુદી જુદી નવ ટિપ્સનો ઉપયોગ કરીને ડેટા ચોરીથી બચી શકો...

તો આપના ડેટાને કોઈ નહીં ચોરી શકે

ગયા વર્ષે કરોડો લોકોના ડેટા ચોરી થઈ જતા ભારે ખળભળાટ મચી ગયો હતો. હેકર્સ દ્વારા લોકોના એકાઉન્ટમાં એન્ટ્રી કરીને તેમના પર્સનલ ડેટા, બેન્ક ડિટેઈલ્સ , એડ્રેસ જેવા ઉપયોગી ડેટાની ચોરી કરી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં પણ આશરે દરેક સપ્તાહમાં લોકોના ડેટા ચોરી સાથે જોડાયેલી માહિતી સપાટી પર આવી રહી હતી. આવી સ્થિતીમાં સવાલ ઉઠે છે કે શુ આવી કોઈ તરીકા છે જેના કારણે ડેટાને પૂર્ણ રીતે સુરક્ષિત રાખીને ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાય. હેકર્સ પણ તમારી માહિતી સુધી ન પહોંચી શકે તે માટે શુ કરવુ જોઈએ તેને લઈને હમેંશા ચર્ચા રહે છે. કેટલીક એવી ટિપ્સને ધ્યાનમાં લેવામાં આવે તો એકાઉન્ટને સુરક્ષિત રાખી શકાય છે. સૌથી પહેલા તો ચેક કરી લેવાની જરૂર છે કે આપના ડેટા લીક થયા છે કે કેમ. એટલે કે આપના એકાઉન્ટમાં કોઈ શખ્સે ઘુસણખોરી કરી તો નથી. આના માટે તમે હેવબીન પોન્ડ ડોટ કો પર જઈને આની ચકાસણી કરી શકો છો. આપના ડેટામાં કોઈ ઘુસણખોરી થઈ છે કે કેમ તેની ચકાસણી આના માટે કરી શકાય છે. આના માટે ઉપરોક્ત વેબસાઈટ પર જઈને પોતાના ઈમેલ આઈડી અથવા તો જુના પાસવર્ડ નાંખવાની જરૂર હોય છે. જો આ વેબસાઈટ પર આપને ડેટા લીક થવા માટેની માહિતી મળે છે તો તરત જ પાસવર્ડ બદલી દેવાની જરૂર હોય છે. અલગ અલગ એકાઉન્ટ માટે એક જેવા પાસવર્ડ ક્યારેય રાખવા જોઈએ નહીં. એટલે કે એક જ પાસવર્ડનો ઉપયોગ તમામ એકાઉન્ટમાં ન કરો તે જરૂરી છે. જો તમે તમામ એકાઉન્ટ માટે એક જ પાસવર્ડનો ઉપયોગ



જો ડેટા લીકની માહિતી મળે છે તો પાસવર્ડ બદલી નાંખવાની જરૂર હોય છે : અલગ અલગ પાસવર્ડ રાખો : એડ ટ્રેકિંગને ઓફ કરો

કરશો તો એક એકાઉન્ટમાં ઘુસણખોરી હોવાની સ્થિતીમાં તમામ એકાઉન્ટમાં ઘુસણખોરી થઈ શકે છે. આવી સ્થિતીમાં તમામ એકાઉન્ટસ પર જોખમ રહે છે. અલગ અલગ એકાઉન્ટસ પાસવર્ડને મેનેજ કરવા માટે લાસ્ટપાસ અથવા તો વન પાસવર્ડ જેવા પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવી શકે છે. પાસવર્ડ મેનેજર આપના એકાઉન્ટસના પાસવર્ડને પૂર્ણ રીતે સેફ રાખે છે. સાથે સાથે આપને એવા પાસવર્ડ જનરેટ કરવામાં મદદ કરે છે જેમાં સરળતાથી ઘુસણખોરી કરી શકાતી નથી. પોતાના એકાઉન્ટની સુરક્ષા માટે તરત જ ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન એક્ટિવ કરવામાં આવે છે. આનો લાભ એ થશે કે જો કોઈ હેકરની પાસે આપના એકાઉન્ટના પાસવર્ડ છે તો પણ તે આપના એકાઉન્ટમાં ઘુસણખોરી કરી શકશે નહીં. કારણ કે ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન આપના એકાઉન્ટસને પૂર્ણ રીતે સેફ રાખે છે. જો આપને આપના એકાઉન્ટસે લઈને વધારે ખતરો લાગે છે તો આપ યુબી કિ જેવા ડિવાઈસની ખરીદી કરી શકો છો. સાથે સાથે એપ્સ અને કોમ્પ્યુટરને વધારે અપડેટ રાખી શકો છો. જાણકાર ટેકનોલોજી નિષ્ણાંત કહે છે કે એડ ટ્રેકિંગને ઓફ કરવાથી ફાયદો થાય છે. પેડ વીપીએનનો ઉપયોગ પણ કરી શકાય છે. આના ઉપયોગ મારફતે તમે પોતાના ઈન્ટરનેટ ટ્રાફિક અને આઈપી એડ્રેસ ને થર્ડ પાર્ટીથી છુપાવી શકો છો. જે આપના ડેટાને એનક્રિપ્ટ કરે છે. આના કારણે કોઈના માટે પણ ઓપન નેટવર્કથી આપના ડેટા સાથે ચેડા કરવાની બાબત મુશ્કેલરૂપ બની શકે છે. પોતાના ક્રેડિટને મોનિટર કરી શકાય છે. જો તમને લાગે છે કે સંવેદનશીલ ડેટા લીક થયા છે તો આ બાબત આપના એકાઉન્ટ માટે જોખમી સાબિત થઈ શકે છે. આના કારણે ક્રેડિટ કાર્ડ સંબંધમોં કંપની અને બેંકને જાણ કરવામાં આવે તે જરૂરી હોય છે. આ તમામ બાબતોને જાળવી રાખીને ડેટાની ચોરીને રોકી શકાય છે. ડેટાને લઈને વિશ્વભરમાં જોરદાર ચર્ચા છેડાયેલી છે. ડેટાની સુરક્ષાને લઈને આગામી દિવસોમાં વધારે સુરક્ષિત પાસા પર નિર્ણય કરવામાં આવી શકે છે. જુદાજુદા ટિપ્સનો ઉપયોગ કરીને ડેટા ચોરીના ખતરાને ટાળી શકાય છે. હેકર્સ દ્વારા જુદી જુદી ટેકનોલોજીનો ઉપયોગ કરીને એકાઉન્ટસમાં ઘુસણખોરી કરવામાં આવે છે. જેથી ડેટા મામલે સાવધાની જરૂરી છે. ડેટા કોઈ પણ વ્યક્તિ માટે સૌથી સંવેદનશીલ હોય છે.

કુલગામમાં એક્કાઉન્ટર: સેનાએ બે આતંકીને કર્યા ઠાર

કુલગામ

જમ્મુ કાશ્મીરનાં કુલગામમાં હાલમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એક્કાઉન્ટર ચાલી રહ્યું છે. સોમવારે વહેલી સવારે કુલગામનાં માંજગામ વિસ્તારમાં એક્કાઉન્ટર શરૂ થયું હતું. આ સમયે એક્કાઉન્ટરમાં સેનાની ૩૪ રાષ્ટ્રીય રાઈફલ્સ (આરઆર), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને કુલગામ પોલીસે મોરચો સંભાળ્યો છે. આ એક્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. જમ્મુ કાશ્મીર પોલીસનાં આઈજી કુમારે આ માહિતી આપી છે.

આપને જણાવી દઈએ કે, સુરક્ષાદળોને જિલ્લાનાં મીરવાણી હપોરા વિસ્તારમાં આતંકીઓ છુપાયેલા હોવાનું જાણકારી મળી હતી. જે બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લેવાનું શરૂ કર્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળોનો આતંકવાદીઓ સાથે મુકાબલો થયો હતો.

આ સમય દરમિયાન આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ. આ પછી, સૈનિકોએ પણ મોર્ચો સંભાળી લીધો અને ત્યારબાદ સામ-સામે ફાયરિંગમાં સૈનિકો આતંકવાદીઓને મારવામાં સફળ રહ્યા હતા. તાજેતરમાં પણ બંને તરફથી ફાયરિંગ થઈ રહ્યું છે.

મિઝોરમ સરકારે પેટ્રોલમાં ૨.૫ અને ડીઝલમાં ૫ ટકા વેટ વધાર્યો

ઐઝ્વલ

કોરોના વાયરસના સંકટના કારણે લગાવવામાં આવેલા લોકડાઉન બાદ હાલ ધીમે ધીમે ગતિવિધિ શરૂ થઈ રહી છે. લોકડાઉન દરમિયાન અનેક રાજ્યોને રેવન્યૂમાં મોટું નુકસાન થયું હતું. હવે તેને જોતાં ધીમે ધીમે રાજ્ય કેટલાક ઉપાય અપનાવી રહ્યા છે. આ દરમિયાન ઉત્તર પૂર્વ રાજ્ય મિઝોરમે પેટ્રોલ અને ડીઝલ પર વેટ વધારવાનો નિર્ણય લીધો છે મિઝોરમ સરકારે જાહેર કરી કે, ૧ જૂનથી રાજ્યમાં પેટ્રોલ પર ૨.૫ ટકા અને ડીઝલ પર ૫ ટકા વેટ વધારવામાં આવશે. જેના કારણે રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થશે.

યુવરાજ સિંહ અને ધોનીને ૨૦૧૩માં દોડવું વધુ પસંદ ન હતું: રોહિત શર્મા

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે લોકડાઉન રહેતા હાલ બધી સ્પોર્ટ ટુર્નામેન્ટ્સ મુલતવી અને રદ કરવામાં આવી છે. જેના કારણે ખેલાડીઓ ઘરમાં પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. આ દરમિયાન ખેલાડીઓ સોશિયલ મીડિયા પર પણ ઘણા એક્ટિવ રહેવા લાગ્યા છે. રોહિત શર્મા, વિરાટ કોહલી, કુલદીપ યાદવ, કે.એલ.રાહુલ સહિત ટીમ ઈન્ડિયાના કેટલાય ખેલાડીઓ સોશિયલ મીડિયા પર લાઈવ ચેટના માધ્યમથી ફેન્સ સાથે જોડાઈ રહ્યા છે.

આ જ ક્રમમાં રોહિત શર્માએ તાજેતરમાં ફૂટબોલથી જોડાયેલ એક લીગના ફેસબુક પેજ પર લાઈવ આવીને ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડી યુવરાજ સિંહ અને મહેન્દ્ર સિંહ ધોની અંગે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ રોહિતે કહ્યું કે જ્યારે તે ૨૫ અથવા ૨૬ વર્ષનો હતો ત્યારે ટીમમાં ઘણા સીનિયર ખેલાડીઓ હતા. જે દોડવાનું પસંદ નહોતા કરતા અને તેમને એવી પોઝિશન પર ઉભા કર્યા જ્યાં તેમને દોડવું પડતું હતું.

રોહિત શર્મા અહિં કોઈ ક્રિકેટ મેચની નહીં પરંતુ ફૂટબોલ મેચને લઈ વાત કરી રહ્યો હતો. જે વર્ષ ૨૦૧૩માં ક્રિકેટર્સ અને બોલિવૂડ સેલિબ્રિટિઝ વચ્ચે ચેરિટી મેચ રમાઈ હતી. રોહિતે કહ્યું કે તે સમય તે ૨૫ અથવા ૨૬ વર્ષનો હતો અને ટીમમાં યુવરાજ સિંહ અને ધોની જેવા સીનિયર ખેલાડીઓ હતા. જેમને દોડવું વધુ પસંદ ન હતું. ઉપરાંત રોહિતે કહ્યું કે ઈજાની સારવાર બાદ તે વાપસી માટે તૈયાર હતો. પરંતુ કોરોના વાયરસના કારણે લોકડાઉન થતા એવું ન થઈ શક્યું અને હવે તેને નેશનલ ટીમમાં વાપસી કરતા પહેલા ફિટનેસ ટેસ્ટ પાસ કરવાની રહેશે.

ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી બલબીર સિંહ સીનિયરનું ૯૫ વર્ષે નિધન

નવી દિલ્હી

ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી બલબીર સિંહ સીનિયરનું સોમવારે ચંદીગઢમાં નિધન તયું. ૯૫ વર્ષના બલબીર સિંહ ઘણા સમયથી બીમાર હતા. હાર્ટ એટેક આવતા તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેઓ ૧૯૪૮, ૧૯૫૨, અને ૧૯૫૬માં ઓલિમ્બિક ગોલ્ડ મેડલ જીતનાર ટીમનો હિસ્સો હતા. બલબીર ભારતીય હોકીના સોનેરી દિવસોમાં રમતા હતા. બલબીર સિંહ સીનિયરે પોતાનું આંતરરાષ્ટ્રીય ડેબ્યુ ૧૯૪૭મા ભારતના શ્રીલંકા પ્રવાસ પર કર્યું. ઓલિમ્પિકમાં પોતાની પહેલી જ હરીફાઈમાં બલબીરે લંડનમાં આર્જેન્ટિનાની સામે ૬ ગોલ કર્યા હતા. ફાઈનલમાં ઈંગ્લેન્ડની સામે પણ તેઓ દમદાર રમ્યા હતા અને બે ગોલ કર્યા હતા.

આ આઝાદ ભારતનો પહેલો ઓલિમ્પિક ગોલ્ડ મેડલ હતો. પીએમ નરેન્દ્ર મોદી અને હોમ મિનિસ્ટર અમિત શાહે પણ બલબીર સિંહના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું. મોદીએ કહ્યું, બલબીર સિંહ માત્ર સારા ખેલાડી નહિ, પરંતુ સારા મેન્ટર પણ હતા. તેમણે તે ભૂમિકામાં પણ પોતાની છાપ છોડી છે. આખો દેશ તેમને તેમની રમત માટે યાદ કરશે. તેમણે ઘણા અવસર પર દેશનું સન્માન વધાર્યું હતું. બબલબીર સિંહે ૧૯૫૨માં હેલસિંકી ઓલિમ્પિકમાં ભારતીય ગ્રૂપનું નેતૃત્વ કર્યું અને ધ્વજવાહક બન્યા હતા. ભારતે હેલસિંકી ઓલિમ્પિકમાં કુલ ૧૩ ગોલ કર્યા જેમાંથી ૯ એકલા બલબીર સિંહની સ્ટિકમાંથી નીકળ્યા હતા.

તેમાં ગ્રેટ બ્રિટનની સામે હેટ-ટ્રિક પણ સામેલ હતી. તેમણે ફાઈનલમાં નેધરલેન્ડની સામે ૫ ગોલ કર્યા હતા. જે અત્યાર સુધીના ઓલિમ્પિક ફીલ્ડ હોકી ફાઈનલમાં એક રેકોર્ડ છે. ભારતે આ મેચ ૬-૧ થી જીતી હતી. રિટાયરમેન્ટ બાદ બાલબીરજી એ હોકીને આગળ વધારવાનું કામ ચાલુ રાખ્યું. તેઓ ૧૯૭૫ની વિશ્વ વિજેતા ટીમના મેનેજર હતા. આ ટીમનું નેતૃત્વ અજીત પાલ સિંહ કરી રહ્યા હતા. ૧૯૮૨મા નવી દિલ્હીમાં યોજાયેલ એશિયન ગેમ્સની મશાલ પ્રગટાવાનું સમ્માન પણ બલબીર સિંહને મળ્યું હતું.

સરહદે વિવાદ વચ્ચે નેપાળના વિદેશમંત્રીનું મહત્ત્વપૂર્ણ નિવેદન

હવે શાન આવી ઠેકાણેઃ ભારત સાથે સારા સંબંધ,વાતચીતથી વિવાદ ઉકેલીશું: નેપાળ

કાઠમાંડૂ

કાલાપાની અને લિપુલેખ જેવા ઊભા થયેલા સરહદ વિવાદની વચ્ચે નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર ગ્યાવલીએ ભારતને એવો દેશ ગણાવ્યો છે જેની સાથે નિકટતમ સંબંધો છે. ગ્યાવલીએ કહ્યું કે નેપાળની સાથે વિશિષ્ટ અને નજીકના સંબંધો છે. લિપુલેખ પર વાતચીત કરવાથી અંતર રાખતા તેઓએ કહ્યું કે નેપાળ સરકારને વિશ્વાસ છે કે કાલાપાનીનો મુદ્દો વાતચીત દ્વારા ઉકેલાઈ જશે. વિદેશ મંત્રીના આ નિવેદનને નેપાળનું વલણ નરમ પડતું હોય તે રીતે જોવામાં આવી રહ્યું છે.

ગ્યાવલીએ અંગ્રેજી અખબારને આપેલા એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, અમે હંમેશા કહ્યું છે કે આ મુદ્દાના સમાધાનની એક માત્ર રીત સારી ભાવના સાથે વાતચીત કરવી છે. કોઈ આવેશમાં આવ્યા વગર કે બિનજરૂરી ઉત્સાહ અને પૂર્વાગ્રહની સાથે નેપાળ વાતચીત દ્વારા સરહદ વિવાદને ઉકેલતા માંગે છે. અમને વિશ્વાસ છે કે આ મુદ્દો દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઉકેલી શકાશે.

તેઓએ જોકે લિંપિયાધુરા, લિપુલેખનો ઉલ્લેખ ન કર્યો જેના વિશે નેપાળ પોતાનો વિસ્તાર હોવાનો દાવો કરે છે. નોંધનીય છે કે, બંને દેશોની વચ્ચે સંબંધોમાં ત્યારે તણાવ આવી ગયો હતો જ્યારે રક્ષા મંત્રી રાજનાથ સિંહે ૮ મેના રોજ ઉત્તરાખંડમાં લિપુલેખને ધારચુલાથી જોડનારા રણનીતિક રીતે મહત્વપૂર્ણ ૮૦ કિલોમીટર લાંબા રોડનું ઉદ્ઘાટન કર્યું હતું.

મોટર વાહન સંબંધિત દસ્તાવેજોની અંતિમ તારીખ ૩૧ જુલાઇ સુધી વધારાઇ

ન્યુ દિલ્હી

માર્ગ, પરિવહન અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ મંત્રાલયે મોટર વાહન સંબંધિત કોઈ પણ બાબતોના દસ્તાવેજોની અંતિમ તારીખ ૩૧ જુલાઈ સુધી વધારી દીધી છે. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ પછીની કોઈ પણ તારીખે મુદત પૂરી થતી હોય તે તમામ દસ્તાવેજો પર નિર્ણય લાગુ થશે. આમ દેશભરના લોકોને તેનાથી રાહત મળી છે.

જો ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ પછી કોઈ દસ્તાવેજની માન્યતા પ્રક્રિયા પૂર્ણ નહીં થાય, તો તેના માટે દંડ અથવા મોડી ફી ચૂકવવી પડશે નહીં. વર્તમાન કટોકટીની સ્થિતિમાં, જો મોટર વાહનો સંબંધિત કોઈ દસ્તાવેજ બાકી છે અથવા નવા કે રિન્યુ કરવામાં આવ્યા નથી, તો ૩૧ જુલાઈ, ૨૦૨૦ સુધી કોઈ દંડ અથવા મોડી ફી લેવામાં આવશે નહીં.

અગાઉ, ૩૦ માર્ચ ૨૦૨૦ ના રોજ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ હેઠળ જરૂરી દસ્તાવેજો માટેની અંતિમ તારીખ લંબાવી દેવામાં આવી હતી. તેના અગાઉના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે જે દસ્તાવેજોની નવીકરણની તારીખ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ થી સમાપ્ત થઈ ગઈ છે, તે ૩૦ જૂન સુધી પૂરી થશે.

દસ્તાવેજોનો સમયગાળો પૂરો થયો છે પરંતુ લોકડાઉનને કારણે નવીકરણ થઈ શકે છે, તેમને મોડી ફી ચૂકવવી પડશે. એવા કેટલાક કિસ્સા છે કે જ્યાં ચુકવણી પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ સેવા અથવા રિન્યુની પ્રક્રિયા હજી બાકી છે.

સરકારને પ્રતિ સિલિન્ડર પર રૂ. ૧૨૦ની કમાણી

કોરોના અસરઃ સૌ પ્રથમવાર ગેસ સિલિન્ડર પર સબસિડી શૂન્ય થઈ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના સંકટની વચ્ચે લોકો માટે એલપીજી સિલિન્ડરને લઈને સારા સમાચાર આવ્યા છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલ અને ગેસની કિંમતોમાં સતત ઘટાડો થવાને કારણે સરકારને એલપીજી બહુ સસ્તી કિંમતે મળી રહી છે. આને કારણે સરકારને હવે સ્થાનિક બજારમાં ગ્રાહકો પર અપાતી સબસિડીમાં કોઈ ખર્ચ કરવો નથી પડતો. આનો સીધો મતલબ એ થયો કે હવે એલપીજી સિલિન્ડર પર સબસિડી શૂન્ય પર પહોંચી ગઈ છે.

હવે જ્યારે સબસિડી ઝીરો થઈ છે, તેમ છતાં સરકારે પાછલા કેટલાક મહિનાઓથી સ્થાનિક ગ્રાહકો માટે ગેસ સબસિડીવાળા સિલિન્ડરની કિંમતો વધારી રાખ્યા છે. આવામાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગેસ સસ્તી મળતાં અને સ્થાનિકમાં ભાવ ના ઘટાડવાને પરિણામે સબસિડી લગભગ શૂન્યના બરાબર થઈ ગઈ છે. ઊલટાનું હવે સરકારને પ્રતિ સિલિન્ડરે રૂ. ૧૨૦ની કમાણી થઈ રહી છે. કેન્દ્ર સરકારે જાન્યુઆરી, ૨૦૧૫થી ડિરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ફૂ સ્કીમની શરૂઆત કરી હતી. જેના હેઠળ ઉપભોક્તાને એલપીજી સિલિન્ડરોની પૂરી કિંમત ચૂકવવાની અને સરકાર તેમની સબસિડી સીધા તેના ખાતાંઓમાં જમા કરતી હતી. આ પહેલા ઓઈલ કંપનીઓ ગ્રાહકોને પડતરથી ઓછી કિંમતે એલપીજી સિલિન્ડર વેચતી હતી, જેથી સરકાર દ્વારા તેમને નુકસાન ભરપાઈ કરી આપવામાં આવતું હતું, પણ સરકારે ઓક્ટોબર, ૨૦૧૭ અને જુલાઈ, ૨૦૧૯ના દરમ્યાન ગેસ સબસિડીવાળાં સિલિન્ડરોની કિંમતો સ્થિર કરી દીધી હતી.

કોરોના વાયરસ સામે લડવા અમેરિકા પાકિસ્તાનને ૬ મિલિયન ડોલરની સહાય આપશે

ઈસ્લામાબાદ/વોશિંગ્ટન

પાકિસ્તાનમાં ભયાનક કોરોના વાયરસના ચેપ સામે લડવા માટે અમેરિકા ૬ મિલિયન ડોલરની સહાય આપશે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને આર્થિક રીતે બરબાદ થયેલા દેશને બચાવવા માટે વિશ્વભરના દેશો પાસે અનેક વખત જાહેરમાં ખેરાત માંગી ચૂક્યા છે. ત્યારબાદ અમેરિકાએ પાકિસ્તાનને આર્થિક સહાય આપવાની ઘોષણા કરી છે.

પાકિસ્તાનમાં યુએસના રાજદૂત પોલ જોન્સે શનિવારે એક વિડીયો સંદેશમાં જણાવ્યું હતું કે આ નાણાંનો ઉપયોગ પાકિસ્તાની આરોગ્ય કર્મચારીઓ કે જેઓ હોસ્પિટલોમાં કોરોના વાયરસની ગંભીર હાલતમાં દર્દીઓની સંભાળ રાખે છે તેમને વધુ પ્રશિક્ષણ આપવા માટે કરવામાં આવશે. તેમણે કહ્યું કે આનાથી તબીબી કેન્દ્રોમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાશે.

આ ઉપરાંત, પોલ જોન્સે જણાવ્યું હતું કે, આ સિવાય કોરોના સંક્રમિત વિસ્તારોમાં રહેતા પાકિસ્તાની નાગરિકોને તપાસવા માટે મોબાઈલ પ્રયોગશાળા પણ બનાવવામાં આવશે. તેમણે પાકિસ્તાનને ઈદની શુભકામનાઓ આપી કહ્યું હતું કે હું રમઝાન મહિનો પૂર્ણ થવા પર તમામ પાકિસ્તાનીઓને અભિનંદન આપવા માંગુ છું.

જણાવી દઈએ કે યુએસ રાજદૂતે તાજેતરમાં પાકિસ્તાન તરફથી મળતા તબીબી પુરવઠા બદલ ઈસ્લામાબાદનો આભાર માન્યો હતો. આ પુરવઠો બંને દેશો વચ્ચેની મિત્રતા અને ભાગીદારીના પ્રતીક તરીકે આપવામાં આવ્યો હતો.

હવે ઉત્તરપ્રદેશથી અન્ય રાજ્યોમાં જતા શ્રમિકોને લેવી પડશે મંજૂરી

લખનૌ

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે ઉત્તરપ્રદેશના પ્રવાસીઓને રોજગાર આપતાં અન્ય રાજ્યોએ યૂપી સરકારની મંજૂરી લેવાની રહેશે. સરકારના આંકડા અનુસાર હાલ સુધીમાં ૨૩ લાખ કામદાર શ્રમિકો પરત આવ્યા છે.

ઉત્તર પ્રદેશની યોગી સરકારે વિવિધ રાજ્યોથી પરત આવતા પ્રવાસીઓને રોજગાર આપવા માટે પ્રવાસી આયોગની રચના કરી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે ઉત્તર પ્રદેશના સ્થળાંતરીઓને રોજગાર આપવા ઇચ્છતા અન્ય રાજ્યોએ યુપી સરકારની મંજૂરી લેવી પડશે. સરકારના આંકડા મુજબ અત્યાર સુધીમાં ૨૩ લાખ કામદારો અને કામદારો પરત ફર્યા છે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે રાજ્યમાં પ્રવાસી આયોગ બનાવવામાં આવશે. જે પરત કામદારોને તેમની કુશળતા અનુસાર રોજગાર આપશે. કામદારોના કૌશલ અનુસાર તેમની પસંદગી કરવામાં આવી રહી છે. સીએમ યોગીએ નિર્દેશ આપ્યો છે કે સ્કીલ મેપિંગમાં મળેલા ડેટાના આધારે, કામદારોએ જુદા જુદા ક્ષેત્રમાં જોડાવવા પ્રયત્નો કરવા જોઈએ.

ચીને વિશ્વભરમાં ઘાતક કોરોના વાયરસ છોડ્યોઃ અમેરિકી એનએસએ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) રોબર્ટ ઓ બ્રાયને કહ્યું કે ચીને વિશ્વભરમાં ઘાતક કોરોના વાયરસ છોડ્યો છે અને બીજિંગએ તેને છુપાવવાનો પ્રયત્ન મોટા સ્તર પર કર્યો છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વિદેશ મંત્રી માઇક પોમ્પિઓએ વારંવાર સંદેહ વ્યક્ત કર્યો છે કે વુહાનમાં પહેલીવાર મળી આવેલ કોરોના વાયરસ ચીની કોઈ પ્રયોગશાળામાંથી નિકળ્યો હતો. સીબીએસ ન્યૂઝના ટોકશો 'ફેસ ધ નેશન'માં ઓ બ્રાયને કહ્યું કે 'આ ચીન દ્વારા છોડવામાં આવ્યો હતો. તેને છુપાવવામાં આવ્યો હતો અને કોઈ દિવસ તેને એચબીઓ પર તે પ્રકારે બતાવવામાં આવશે ચેર્નોબિલ બતાવવામાં આવ્યો હતો.'

પૂછવામાં આવ્યું કે ચીનની સરકાર પર આરોપ લગાવી રહ્યા છે અથવા સ્થાનિક અધિકારીઓ પર તો ઓ બ્રાયનએ કહ્યું કે 'અમને ખબર નથી કારણ કે તેમણે તમામ પત્રકારોને બહાર કાઢી દીધા અને તે તપાસકર્તાઓને અંદર નહી આવવા દઈએ.

તેમણે કહ્યું કે 'તેનાથી ફરક પડતો નથી આ સ્થાનિક અધિકારીઓનું કામ હતું કે કોમ્યુનિસ્ટ પાર્ટીનું. તેને છુપાવવામાં આવ્યો છે અને અમે તેના મૂળ સુધી જઈશું.

ભારતને રાફેલ વિમાનોના સપ્લાયમાં કોઈ વિલંબ નહિ થાયઃ એમાન્યુએલ લેનિન

ન્યુ દિલ્હી

ભારતમાં ફ્રાન્સના રાજદૂત એમાન્યુએલ લેનિનએ કહ્યું કે ભારતને ૩૬ રાફેલ યુધ્ધ વિમાનોના સપ્લાયમાં કોઈ વિલંબ થશે નહીં અને સમયમર્યાદાનું સખતપણે પાલન કરવામાં આવશે.એવું માનવામાં આવતું હતું કે કોરોના વાયરસ રોગચાળાને કારણે રાફેલની સપ્લાયમાં વિલંબ થઈ શકે છે. ભારતે ફ્રાન્સ સાથે સપ્ટેમ્બર ૨૦૧૬ માં આશરે ૫૮,૦૦૦ કરોડના ખર્ચે ૩૬ રાફેલ ફાઇટર જેટની ખરીદી માટે આંતર સરકારી કરાર કર્યો હતો.

લેનિનએ કહ્યું કે, "રાફેલ વિમાન કરારનું અત્યાર સુધીમાં ખુબ સન્માન કરવામાં આવ્યું છે અને કરાર મુજબ એપ્રિલના અંતમાં ખરેખર એક નવું વિમાન ફ્રાન્સમાં ભારતીય વાયુસેનાને સોંપવામાં આવ્યું છે." સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘને ૮ ઓક્ટોબરના રોજ ફ્રાન્સના એક એરપોર્ટ પર પ્રથમ રાફેલ જેટ વિમાન પ્રાપ્ત થયું હતું. રાજદૂતે કહ્યું, અમે ભારતીય વાયુસેનાને ફ્રાન્સથી વહેલામાં વહેલી તકે ભારતમાં પ્રથમ ચાર વિમાન લઈ જવા માટેની વ્યવસ્થા કરવામાં મદદ કરી રહ્યા છીએ.તેથી, વિમાનના સપ્લાયના સમયપત્રકનું પાલન કરવામાં આવશે નહીં તેવું અનુમાન લગાવવાનું કોઈ કારણ નથી.

લૉકડાઉનમાં ઢીલ બાદ કોરોના કેસ વધ્યાઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનુ સંક્રમણ અટકવાનુ નામ નથી લઈ રહ્યુ. રાજધાની દિલ્લીમાં તો ગંભીર સ્થિતિ છે. સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. હવે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લૉકડાઉનમાં આપવામાં આવેલી ઢીલને મુખ્ય કારણ ગણાવ્યુ છે. પ્રેસ કૉન્ફરન્સ કરીને કેજરીવાલે કહ્યુ છે કે લૉકડાઉનમાં ઢીલના કારણે દિલ્લીમાં કોવિડ-૧૯ના કેસ વધી ગયા છે. જો કે તેમણે કહ્યુ કે ત્યાં સુધી ચિંતાની કોઈ વાત નથી જ્યાં સુધી મૃત્યુ દર કે ગંભીર કેસોની સંખ્યા ઝડપથી ન વધે. કેજરીવાલે કહ્યુ કે જો લોકો વાયરસના સંપર્કમાં આવે અને રિકવર થઈ જાય તો ગભરાવાની કોઈ જરૂર નથી. સીએમ કેજરીવાલે કહ્યુ કે ૧૭ મેના રોજ લૉકડાઉનમાં ઘણી ઢીલ આપવામાં આવી હતી. આજે એક સપ્તાહનો સમય જતો રહ્યો છે અને હું કહી શકુ કે સ્થિતિ કંટ્રોલમાં છે. જ્યારે લૉકડાઉનમાં ઢીલ આપવામાં આવી હતી તો એવી આશા હતી કે સંક્રમણના કેસ વધશે.

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠનએ રિપોર્ટમાં અંદાજ લગાવ્યો

કોરોના સંકટઃ આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાં ૮૦ ટકાનો ઘટાડો

ભારતના પર્યટન ઉદ્યોગોને માઠી અસર,લોકડાઉન લાંબુ ચાલવાથી ૩.૮ કરોડ લોકો સામે રોજગારીનું સંકટ

યુએન

દુનિયાભરમાં ફેલાયેલ કોરોના મહામારીથી આ વર્ષે આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાં ૮૦ ટકા ઘટાડો થયો છે. સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠન (યુએનડબલ્યુટીઓ)એ પોતાના રિપોર્ટમાં આ અંદાજ લગાવ્યો છે. તેણે કહ્યું કે મહામારીના લીધી ૨૦૨૦ માં પહેલા ત્રિમાસીકમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે. સંયુકત રાષ્ટ્રની આ ખાસ એજન્સી અનુસાર કોરાનાના કારણે વાર્ષિક પર્યટનમાં ૨૦૧૯ ની સરખામણીમાં ૬૦ થી ૮૦ ટકાનો ઘટાડો થઈ શકે છે સંસ્થાએ કહ્યું કે તેના લીધે ૧૦ થી ૧૨ કરોડ લોકોની રોજીરોટી જોખમમાં છે.

રિપોર્ટ અનુસાર, કોરોનાના કારણે પર્યટન ઉદ્યોગમાં સૌથી વધુ નુકસાન એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં થયું છે. ત્યાર પછી યુરોપને નુકસાન ગયું છે. આ વિસ્તારોમાં દર વર્ષે લગભગ ૩.૩ કરોડ લોકો ઉનાળામાં રજા માણવા આવે છે. કોરોના સંકટના કારણે આ વર્ષે આખો પર્યટન ઉદ્યોગ ઠપ પડેલો છે હવાઈ સેવાઓ બંધ હોવાથી પ્રવાસીઓનું આવવુ શકય નથી જણાવી દઈએ કે દેશમાંથી દર વર્ષે બે કરોડથી વધારે લોકો રજાઓ માણવા અને ફરવા વિદેશ જાય છે. ૧૦ વર્ષમાં આ આંકડો ૩ ગણો વધ્યો છે.

ભારતના પર્યટન ઉદ્યોગને પણ બહુ ખરાબ અસર થઇ છે. લોકડાઉન લાંબુ ચાલવાથી આ ક્ષેત્રમાં કામ કરતા ૩.૮ કરોડ લોકો સામે રોજગારીનું સંકટ છે. યુએનડબલ્યુટીઓ અનુસાર, આ વર્ષે આંતારરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યામાં મોટો સુધારો થવાની આશા ઓછી છે આવતા વર્ષે સુધારો જોવા મળી શકે છે. પાછલા રેકોર્ડ જોતા આંતરરાષ્ટ્રીય પ્રવાસની સરખામણીમાં સગાઓ, મિત્ર અથવા કામ અંગે જનારાઓની સંખ્યામાં વધારો થવાની શકયતા છે. આંતરરાષ્ટ્રીય યાત્રાનો સૌથી વધારે ફાયદો આફ્રિકાને મળી શકે છે.

યુનિવર્સિટી ઓફ મિશિગન અને જોન હોપકિન્સ યુનિ.એ ચેતવણી આપી

ભારતમાં જુલાઈના પહેલા સપ્તાહ સુધી ૨૧ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઈ શકે

વોશિંગ્ટન

ભારત પણ દુનિયાભરમાં કોરોના વાયરસના હોટસ્પોટ પૈકીનો એક દેશ બની ગયો છે અને અહીં સંક્રમણના કેસ ૧,૩૮,૫૦૦થી પણ વધુ થઈ ચૂક્યા છે. ભારતમાં સંક્રમણથી ૪,૦૨૧ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે હવે યુનિવર્સિટી ઓફ મિશિગન અને જોન હોપકિન્સ યુનિવર્સિટીએ કોરોના મોડલ વિશે ચેતવણી આપી છે કે ભારતમાં જુલાઈના પહેલા સપ્તાહ સુધી ૨૧ લાખ લોકો સંક્રમણનો શિકાર થઈ શકે છે.

યુનિવર્સિટી ઓફ મિશિગનમાં બાયોસ્ટેટિસ્ટિક્સ અને મહામારો રોગ વિશેષજ્ઞ પ્રોફેસર ભ્રમર મુખર્જીએ ન્યૂઝ એજન્સીને ભારત માટે તૈયાર કરવામાં આવેલા મોડલ વિશે જાણકારી આપી છે કે અહીં સ્થિતિ વધુ ગંભીર થઈ શકે છે. પ્રોફેસર ભ્રમર મુખર્જીનું કહેવું છે કે ભારતમાં સંક્રમણના કેસ વધવાની ગતિ હજુ ધીમી નથી થઈ. સરકારી આંકડાઓ મુજબ, ભારતમાં કોરોના વાયરસથી સંક્રમણના કેસ દર ૧૩ દિવસે બમણાં થઈ રહ્યા છે. એવામાં સરકારના લૉકડાઉન સાથે જોડાયેલા પ્રતિબંધોમાં છૂટ આપવી મુશ્કેલ વધારી શકે છે.

આ પહેલા પ્રોફેસર ભ્રમર મુખર્જીની ટીમે જ એપ્રિલમાં સૌથી પહેલા જણાવ્યું હતું કે મધ્ય મે સુધી ભારતમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખથી વધુ થઈ જશે. હવે મુખર્જીની ટીમનું અનુમાન છે કે ભારતમાં જુલાઈની શરૂઆત સુધી ૬,૩૦,૦૦૦થી ૨૧ લાખ લોકો આ વાયરસથી સંક્રમિત થઈ શકે છે. સમાચાર એજન્સીનું કહેવું છે કે ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે સંક્રમણમાં વૃદ્ધિ સાથે જોડોયલા આ અનુમાનો પર કોઈ પ્રતિક્રિયા નથી આપી. નોંધનીય છે કે દેશભરમાં સંક્રમણના કુલ કેસનો પાંચમો હિસ્સો માત્ર મુંબઈ શહેરમાં છે.

સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા મુદ્દે કરાયેલ અરજી પર સુપ્રિમનો આદેશ

૧૦ દિવસ બાદ એર ઈન્ડિયાના વિમાનમાં મિડલ સીટનું બુકિંગ નહીં થાય

ન્યુ દિલ્હી

વિમાન મુસાફરી દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાને લઈને દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે આજે મહત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે, એર ઈન્ડિયા આગામી ૧૦ દિવસો સુધી ત્રણેય સીટો પર પેસેન્જરોને બેસાડવાની મંજૂરી આપી દીધી છે, કારણ કે તેનું બુકિંગ પહેલાથી જ થઈ ચૂક્યું છે. જો કે ૧૦ દિવસ બાદ મીડલ સીટોનું બુકિંગ નહી કરવા દેવામાં આવે.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સની અંદર સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાને લઈને અલગ આદેશ જાહેર કરવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર અને એર ઈન્ડિયાએ બોમ્બે હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે મિડલ સીટનું બુકિંગ ના કરવાનો આદેશ આપ્યો હતો.

પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, અમે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશમાં હસ્તક્ષેપ કરવા નથી માંગતા, પરંતુ સોલીસિટર જનરલે વિદેશમાં ફસાયેલા ભારતીયોના કારણે પેદા થયેલી સ્થિતિ વિશે જણાવ્યું છે. તેમણે યાત્રા માટે ટિકિટ લઈ લીધી છે. હાઈકોર્ટના આદેશથી ખૂબ જ ચિંતા અને મુશ્કેલી ઉભી થઈ છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, અમારો વિચાર છે કે, એરઈન્ડિયાએ ૧૦ દિવસો સુધી મિડલ સીટ બુકિંગ સાથે નક્કી કરેલા ફ્લાઈટોને ઉડાવવાની મંજૂરી આપવી જોઈએ.

ઉદ્ધવ ઠાકરે સરકારના બીજા મંત્રી કોરોનાથી સંક્રમિત

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અશોક ચવ્હાણનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

મુંબઈ

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને ઉદ્ધવ ઠાકરેની ગઠબંધન સરકારમાં પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટના મંત્રી અશોક ચવ્હાણનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. તેઓ મહારાષ્ટ્ર સરકારમાં બીજા એવા મંત્રી છે, જે કોરોનાનો શિકાર બન્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મુંબઈથી મરાઠવાડા સ્થિતિ પોતાના ગૃહ જિલ્લાની નિયમિત મુલાકાત લેતા હતા. સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, થોડા દિવસો પહેલા જ અશોક ચવ્હાણમાં કોરોના વાઈરસના લક્ષણો જોવા મળ્યા હતા. પહેલા તેમને હોમ ક્વારેન્ટાઈન કરવામાં આવ્યા હતા. જો કે હવે નાંદેડની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે, જ્યાં તેમની તબીયત સ્થિર છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્ર સરકારમાં આવાસ મંત્રી જિતેન્દ્ર આવ્હાડનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો. તેઓ મુંબઈની એક હોસ્પિટલમાં બે અઠવાડિયા કરતા વધુ સમયથી દાખલ રહ્યા હતા.

કોરોના કેર વચ્ચે ધમણ-૧ પર ધમાસાણ યથાવત, કૉંગ્રેસ લેશે સિવિલ હૉસ્પિટલની મુલાકાત

અમદાવાદ

રાજ્યમાં કોરોના કહેર વચ્ચે ધમણ- ૧ વેન્ટિલેર પર ધમાસાણ બંધ થવાનું નામ નથી લેતું. કૉંગ્રેસ પક્ષ ધમણ મુદ્દે રાજ્યની રૂપાણી સરકારને ઘેરવાનો એક પણ મોકો છોડવા માંગતી નથી. કૉંગ્રેસે ધમણ- ૧ વેન્ટિલેરની કાર્યક્ષમતા પર સવાલ ઉઠાવ્યા છે. તેમજ કોઇ એક કંપનીને ફાયદો કરવા માટે સરકાર લોકોના જીવન સાથે રમત રમી રહી હોવાનો પણ ગંભીર આરોપ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ લગાવ્યો છે. સરકાર તરફથી પણ ધમણ મુદ્દે સ્પષ્ટતા કરી દેવામાં આવી છે, તેમ છતાં ફરી એકવાર ધમણ-૧ વેન્ટિલેરનું ભૂત ધૂણ્યું છે. આ મામલે તારીખ ૨૫ અને ૨૬ મેના દિવસે દરેક જિલ્લામાં કૉંગ્રેસનું પ્રતિનિધિ મંડળ સિવિલ હૉસ્પિટલની મુલાકાત લેશે.

બીજી તરફ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ ધમણ પર ટ્વિટ કરતા સરકાર પર નિશાન તાક્યું છે. ગુજરાત બચાવો અભિયાનના હેજ ટેક સાથે વિપક્ષ નેતા પરેશ ધાનાણી લખ્યું છે કે...."દાન ધમણનું, મળી ધમણી"

"કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે ગરીબ ગુજરાતને અંદાજીત એક હજાર જેટલા "ધમણ-૧" પૂરા પાડવા માટે.., 'જયોતિ સીએનસી'ને 'ધન-દાન' કરનારા 'નિયો-રાજકોટ ફાઉન્ડેશન' તથા તમામ દાતાઓને અંતરથી અભિનંદન પાઠવું છું!" ઈગુજરાતબચાવોઅભિયાન. નોંધનીય છે કે કોરોના વાયરસના મહામારીમાં કૉંગ્રેસ પક્ષને સરકાર સામે લડવા માટે એક મુખ્ય મુદ્દો મળી ગયો છે. કૉંગ્રેસ ધમણ મુદ્દે સરકાર સામે એક પછી એક સવાલો અને ગંભીર આરોપ લગાવી રહી છે. આ બાબતે રાજ્ય સરકાર અને અધિકારીઓ સ્પષ્ટતા પણ કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં બે મહિલાઓએ મહિલા તબીબને મારમારી આપી ધમકી, નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

શહેરના રામોલ વિસ્તારમાં અગાઉની અંગત અદાવતમાં બે મહિલાઓએ એક મહિલા તબીબ ને ગડદાપાટુંનો માર મારીને બચકા ભરી જીવથી મારી નાખવાની ધમકી આપતા મહિલા તબીબે પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે.

વટવામાં રહેતા મહિલા તબીબ તેમના સબંધીને ત્યાં રોજા ખોલવા માટે ગયા હતા. આ સમયે સોનલબેન અને પારૂલબેન નામની મહિલા તેમના ઘર બહાર આવીને મહિલાને બીભત્સ ગાળો બોલવા લાગ્યા હતા. બંને મહિલા તબીબને કહેવા લાગ્યા હતા કે, 'મારી સામે જે પોલીસ ફરિયાદ કરી છે તે પરત ખેંચી લે.' જોકે, ફરિયાદીએ તેમને આવું કરવાની ના કહેતા બંને મહિલા ઉશ્કેરાઈ ગઈ હતી અને મહિલા તબીબના ઘરમાં ઘૂસીને ગડદાપાટુંનો માર મારવા લાગ્યા હતા.

સોનલબેન નામની મહિલાએ ફરિયાદીના વાળ ખેંચીને ડાબા હાથના ભાગે બે બચકા ભર્યા હતાં. એટલું જ નહીં સોનલબેને મહિલા તબીબને ધમકી પણ આપી હતી કે, 'આજે જીવતી જવા દઉં છું, ફરિયાદ પાછી નહીં ખેંચે તો જીવથી મારી નાખીશ. આ મામલે ફરિયાદીએ સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પોલીસે બંને મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મુંબઈથી વડોદરા આવનારી પ્રથમ ફ્લાઈટ બે દિવસ માટે રદ થતા મુસાફરોમાં રોષ

વડોદરા

વડોદરા સહિત દેશભરમાં આજથી ડોમેસ્ટિક ફ્લાઈટ સેવા શરૂ થઈ છે. વડોદરા એરપોર્ટ પર તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ. જો કે વડોદરામાં મુંબઈથી આવનારી પ્રથમ ફ્લાઈટ બે દિવસ માટે રદ કરાઈ છે. એડવાન્સ ટિકિટ બુક કરનાવનારા મુસાફરોમાં તેના પગલે રોષ જોવા મળી રહ્યો છે. હવે સાંજે ૭ વાગે દિલ્હીથી વડોદરા એરપોર્ટ પર ફ્લાઈટ આવશે. એરપોર્ટ પર મુસાફરોના આગમન પહેલા સેનેટાઈઝ કામગીરી હાથ ધરાઈ.

આજથી ઘરેલુ વિમાન સેવા ફરી શરૂ કરાઈ છે. જો કે અનેક ઠેકાણે ફ્લાઈટ રદ થઈ હોવાના અહેવાલ આવી રહ્યાં છે જેને કારણે મુસાફરો પરેશાન થઈ રહ્યાં છે. સુરત એરપોર્ટ પરથી આજથી ઓપરેટ થનારી સ્પાઈસ જેટ અને એર ઈન્ડિગો એર લાઈન્સની ફ્લાઈટ પૈકી સ્પાઈસ જેટની સુરતથી દિલ્હી ફ્લાઈટ રદ થતા મુસાફરો અટવાઈ પડ્યા છે.આજ રોજ સવારના આઠ વાગ્યાની સ્પાઈસ જેટની સુરતથી દિલ્હીની ફ્લાઈટ હતી. સવારના પાંચ વાગ્યાથી મુસાફરો ફ્લાઈટ માટે સુરત એરપોર્ટ આવી પોહચ્યા હતા.પરંતુ બાદમાં અચાનક જ ફ્લાઈટ રદ થવાની જાણકારી મુસાફરોને મળતા તમામ લોકો હેરાન-પરેશાન થઈ ગયા હતા. એટલું જ નહીં અન્ય એક મુસાફરની પત્નીનું અમૃતસર ખાતે અવસાન થતાં અંતિમ સંસ્કાર કરવાની પ્રક્રિયા અટવાઈ પડી હતી.

આજથી ડોમેસ્ટિક વિમાન સેવા શરૂ થઈ છે. જો કે સુરતમાં પહેલી જ ફ્લાઈટ રદ થતા મુસાફરોમાં રોષ જોવા મળ્યો. આમ છતાં આ વિમાનસેવાનો જો તમે લાભ લેવા જઈ રહ્યાં હોવ તો અહીં જણાવેલી બાબતોનું ખાસ ધ્યાન રાખજો. ડોમેસ્ટિક વિમાની સેવા દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા કોરોનાના કોઈ જ લક્ષણો નહીં ધરાવતા પ્રવાસીઓ સીધા જ ઘરે જઈ શકશે. આવા મુસાફરોએ ૧૪ દિવસ સુધી લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવાનું રહેશે. જો કોરોનાના કોઈ લક્ષણો દેખાય તો તેમણે તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. રાજ્ય કે રાષ્ટ્રની હેલ્પલાઈન ૧૦૪ કે ૧૦૭૫ પર પણ રાજ્યના આવેલા મુસાફરો સંપર્ક કરી શકશે.

લખનઉથી મુસાફરો લઈ અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યું પ્રથમ ઘરેલુ પ્લેન

મુસાફરોએ ૧૪ દિવસ સુધી લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવાનું રહેશે

અમદાવાદ

આજથી અમદાવાદ એરપોર્ટ કાર્યરત થયું છે. સવારે ૬ વાગ્યાથી માત્ર ડોમેસ્ટિક ઓપરેશન શરૂ થઈ ગયા છે. એરપોર્ટ પર મુસાફરોનું થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે. અને મુશ્કેલી ન પડે તે માટે હેલ્પ ડેસ્ક પણ બનાવવામાં આવ્યો છે. ડોમેસ્ટિક વિમાની સેવા દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા કોરોનાના કોઈ જ લક્ષણો નહીં ધરાવતા પ્રવાસીઓ સીધા જ ઘરે જઈ શકશે. આવા મુસાફરોએ ૧૪ દિવસ સુધી લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવાનું રહેશે. જો કોરોનાના કોઈ લક્ષણો દેખાય તો તેમણે તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. રાજ્ય કે રાષ્ટ્રની હેલ્પલાઈન ૧૦૪ કે ૧૦૭૫ પર પણ રાજ્યના આવેલા મુસાફરો સંપર્ક કરી શકશે. લેટેસ્ટ મળેલી માહિતી મુજબ પહેલુ પ્લેન લખનઉથી અમદાવાદ એરપોર્ટ પહોંચ્યું અને ત્યારબાદ બેંગલુરુથી અમદાવાદ ડોમેસ્ટિક એરપોર્ટ પર ફ્લાઈટ આવી પહોંચી છે.

અમદાવાદ એરપોર્ટ પર પહેલુ પ્લેન લેન્ડ થયું. લખનઉથી આવેલા આ પ્લેનમાં અમદાવાદ એરપોર્ટ પર પહોંચેલા મુસાફરોમાં ખુશી જોવા મળી. તેમણે એરપોર્ટ પર અપાયેલી તમામ સુવિધાઓને લઈને સંતોષ વ્યક્ત કર્યો. મુસાફરો પોતાના ઘરે પહોંચી શકે તે માટે ટેક્સીઓ પણ એરપોર્ટ પહોંચી છે.

દેશમાં પ્રથમ નવજાત ટ્વિન્સ કોરોનાગ્રસ્ત થતા વડનગર મેડિકલ ટીમ એકશનમાં આવી

ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના મોલીપુર ગામની ૩૦ વર્ષીય પોઝિટીવ મહિલાએ ૧૬મેના રોજ જોડીયા પુરુષ અને સ્ત્રી બાળકોને જન્મ આપ્યો હતો. વડનગર મેડિકલ ટીમ દ્વારા કોવિડ પોઝિટીવ મહિલા, જોડીયા બાળકો અને બ્રિચ સ્થિતિ (બાળક આડું થઈ ગયેલ હોય તેવી સ્થિતિ)માં પણ ચેલેન્જ સ્વીકારી સફળ ઓપરેશન કર્યું હતું. વડનગર મેડિકલ ટીમ દ્વારા માતાની સઘન સારવાર કર્યા બાદ માતા કોરોના મુક્ત બની છે. આ બન્ને બાળકો સુવાસ અને સ્વરાને કોવિડ પોઝિટીવ આવતાં બાળકોને ઝડપથી સાજા થાય તે માટે વડનગર મેડિકલ ટીમ કટિબદ્ધ બની છે. વડનગરની મેડિકલ ટીમમાં ડો. પાલેકરની આગેવાની હેઠળ ડીન ડો. સુનિલ ઓઝા, કોવિડ નોડલ અધિકારી (આર, એમ.ઓ) એસ.એસ.પટેલ. ડો સુભાષ ગઢ્ઢર અને પીડીયાટ્રીક ડો. પ્રજ્ઞાબહેન, ડો નિખીલ બ્રહ્મભટ્ટની ગાયનેક ટીમ, એનેથેસીયાની ડો. પારૂલ ઓઝાની ટીમ સહિત સ્ટાફ દ્વારા જોડીયા બાળકોને સુવાર અને સ્વરાના નામ હેઠળ સઘન સારવાર કરાઈ રહી છે. મેડિકલ ટીમે વડનગરે જણાવ્યું હતું કે, સુવાસ થકી હોસ્પિટલમાં સૌરભ પ્રસરી ગઈ છે જ્યારે સ્વરાએ ટીમમાં નવો ઉત્સાહ ભરી દીધો છે. સુવાસ અને સ્વરાની મેડિકલ ટીમ દ્વારા સઘન સારવાર કરાઈ રહી છે. જોકે, સુવાસ અને સ્વરામાં પણ આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે. સુવાસ અને સ્વરાને પોષણ મળી રહે તે માટે તેની માતાનું દૂધ ખેંચેલુ કરી જંતુરહિત બાઉલમાં લઈને બાળકોને આપવામાં આવેલ છે. બાળકોને દૂધ આપતી વખતે મેડિકલ ટીમ દ્વારા ખાસ કાળજી લેવામાં આવે છે આ બાળકોને પીપીઈ કીટ પહેરીને તેમને પોષણ અને સારવાર ટીમ દ્વારા અપાઈ રહી છે. સુવાસ અને સ્વરાને એન.આઈ.સી.યૂ.માં રાખવામાં આવેલ છે.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો વધુ એક કેસ સામે આવતા કુલ આંકડો ૯૬ પર પહોંચ્યો

રાજકોટ

રાજકોટના જંગવડ ગામે એક વૃદ્ધનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને લઈને રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. અમદાવાદથી આવેલા વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શહેરમાં કોરોનાના ૭૯ કેસ જ્યારે ગ્રામ્યમાં ૧૭ કેસ નોંધાયા છે. રાજકોટમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસનો આંકડો ૯૬ પર પહોંચ્યો છે. હાલ ૧૮ દર્દીઓ કોવિડ ૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી માહિતી મુજબ રાજકોટના જંગવડ ગામના વૃદ્ધ અમદાવાદથી પરત આવ્યાં હતાં અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. આરોગ્ય વિભાગે કોન્ટેક્ટ હિસ્ટ્રી ચકાસી તપાસ શરૂ કરી દીધી છે. રાજકોટ શહેરમાં કોરોનાના ૭૯ કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધીમાં કુલ ૧૭ કેસ નોંધાયા છે. રાજકોટનો કુલ કોરોના કેસનો આંકડો ૯૬ પર પહોંચ્યો છે.

કોરોના ટેસ્ટમાં વધારાના સરકારના દાવા વચ્ચે ટેસ્ટ રેકિંગમાં ગુજરાત ચોથા સ્થાને

૭ કરોડ પ૬ લાખની વસતી ધરાવતા તમિલનાડુમાં ૪ લાખ ૯ હજાર ટેસ્ટ કરાયા

અમદાવાદ

દેશભરમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે ગુજરાતમાં કોરોના ટેસ્ટમાં વધારો થઈ રહ્યાનો દાવો કરવામાં આવે છે. પરંતુ કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા ટોચના પાંચ રાજ્યોની યાદીમાં સૌથી ઓછા ટેસ્ટ કરવામાં ગુજરાત ચોથા સ્થાને છે. આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી યાદી અનુસાર ગુજરાતમાં કુલ એક લાખ ૮૨ હજાર આઠસોથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. બીજી તરફ તામિલનાડુમાં કેસમાં સતત વધારો થઈ રહ્યો હોવા છતાં ટેસ્ટમાં કોઈ જ કાપ મૂકવામાં આવ્યો નથી.

૭ કરોડ પ૬ લાખની વસતી ધરાવતા તમિલનાડુમાં ૪ લાખ ૦૯ હજાર ટેસ્ટ કરાયા છે. આમ, પ્રતિ ૧૦ લાખની વસતીએ ૫,૪૧૧ ટેસ્ટ થઈ ચૂક્યા છે.આમ, સમગ્ર દેશમાં સૌથી વધુ ટેસ્ટ કરાવવામાં તામિલનાડુ મોખરે છે.

રાજ્યમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં વધુ ૩૯૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા અને ૨૯ દર્દીના મોત પણ થયા છે. તે સાથે આજે ૨૪૩ દર્દીને સાજા થવાથી રજા પણ આપવામાં આવી હતી.

આકાશમાં લોકડાઉન

પહેલા પાનાથી ચાલુ

અમે લોકો રાત્રે અંદાજે ૧૨ વાગે એરપોર્ટ પહોંચી ગયા હતા. આખી રાત અમે જમીન પર બેસી રહ્યા અને અત્યારે પણ એરલાઈન્સે અમને કોઈ રેસ્ટ રૂમ અથવા લોન્જ નથી આપ્યું. તે લોકો હવે એવું કહી રહ્યા છે કે, કદાચ સાંજે ફ્લાઈટ ઉપડશે, પરંતુ એ પણ નક્કી નથી.

પેસેન્જર્સની તૈયારીઓ જોઈને સ્પષ્ટ લાગે છે કે તેઓ ઉડાન ભરવા કેટલા ઉત્સુક છે. દરેક વ્યક્તિ ન્યૂ નોર્મલની અપેક્ષાઓ પ્રમાણે તૈયારી પૂરી કરીને એરપોર્ટ પહોંચ્યા છે. ચહેરા પર માસ્ક, હાથમાં ગ્લવ્સ સિવાય અમુક યાત્રીઓ ઓવરઓલ પર્સનલ પ્રોટેક્શન ગીયર સાથે એરપોર્ટ પર સવારે પહોંચી ગયા હતા.

એવું લાગે છે કે, કોરાના આખા વિશ્વ ઉપર હાવી છે. સવારે એરપોર્ટ પર માસ્ક, શીલ્ડ અને પીપીઈ કિટ વેચનારની દુકાને જ સૌથી વધારે ભીડ જોવા મળી હતી. જે યાત્રીઓ એરપોર્ટ પર હતા તેમાં સૌથી વધારે સ્ટૂડન્ટ, વૃદ્ધ અને નાના બાળકો હતા.

એરપોર્ટ પર સામાન્ય દિવસો કરતા વધારે સુરક્ષા દેખાઈ હતી અને કર્મચારીઓ પણ મુસાફરો પાસે ગાઈડલાઈનનું પાલન કરાવતા હતા. અંદર જતા પહેલા યાત્રીઓનો સામાન સેનેટાઈજ કરવામાં આવી રહ્યો છે. ઓટોમેટિક સેનેટાઈઝ ડિસ્પેન્સર લગાવવામાં આવ્યા છે અને લોકોને અંતર રાખવા માટે વારંવાર લાઉડ સ્પીકર પર અનાઉન્સમેન્ટ કરવામાં આવી રહ્યું છે.

એરપોર્ટ પર શરૂઆતનું વાતાવરણ સરળ અને સામાન્ય દેખાતુ હતું. પીપીઈ, ગ્લવ્સ, માસ્ક પહેરેલા યાત્રીઓ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને વારા ફરથી એરપોર્ટમાં પ્રવેશ કરતાં દેખાયા હતા.

હમીરપુર

પહેલા પાનાથી ચાલુ

આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ ના ૭ નવા કેસમાંથી ચાર લોકો મુંબઈથી અને બે અમદાવાદથી પાછા ફર્યા છે.

તેમાંથી ત્રણ શિમલામાં, બે કાંગરામાં અને એક હમીરપુરમાં આવ્યા હતા. અમદાવાદથી પરત આવેલા બે લોકોના ચેપ લાગ્યો છે. અધિકારીઓએ કહ્યું કે હિમાચલ પ્રદેશમાં હવે ૧૪૨ ચેપગ્રસ્ત લોકોની સારવાર કરવામાં આવી રહી છે અને ૬૩ લોકો સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગયા છે.

વિશ્વભરમાં

પહેલા પાનાથી ચાલુ

આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઇ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી.

દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. દુનિયાભરમાં કોરોનાના વાયરસનો કહેર હજુ પણ યથાવતરીતે જારી રહ્યો છે. અમેરિકા, રશિયા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. કોરોનાથી પ્રભાવિ તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુછે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. દુનિયામાં વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. જયારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઇ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે.

દેશમાં કોરોના

પહેલા પાનાથી ચાલુ

તમિલનાડુમાં ૧૬,૨૭૭ લોકો સંક્રમિત થયા છે અને ૧૧૨ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૧૪,૦૬૩ દર્દીઓ સાથે ગુજરાત ત્રીજા નંબરે છે. રવિવારે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૬૩૫ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા હતા. માત્ર મુંબઈમાં કોરોના દર્દીઓમાંથી ૯૮૮ લોકોના મોત થયા છે. તમિલનાડું દેશું આઠમું રાજ્ય બન્યું છે જ્યાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રના વધુ ૫૧ પોલીસકર્મી કોરોના પોઝિટિવ જાહેર થતાં, કુલ સંક્રમિત પોલીસકર્મીનો આંકડો ૧૮૦૯એ પહોંચ્યો છે. તો બીજી તરફ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના કાર્યાલયનો એક સ્ટાફ કોરોના પોઝિટિવ જાહેર થયો છે.

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ જીસી મુર્મૂ(ગુજરાત કેડર)ના સલાહકાર આરઆર ભટનાગરની પત્ની અને દીકરો કોરોના પોઝિટિવ જાહેર થયા છે. તે બન્ને રવિવારે દિલ્હીથી જમ્મુ આવ્યા બતા. આરઆર ભટનાગરે પોતાને પણ સેલ્ફ ક્વોરન્ટીન કરી લીધા છે. તેમની પત્ની દિલ્હીમાં ડોક્ટર છે. ભટનાગર પહેલા સીઆરપીએફના ડીજી પણ રહી ચુક્યા છે.દિલ્હીમાં ૬ એસએચઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાં જામિયા નગર, લાજપત નગર, ઉત્તમ નગર, ફર્શ બજાર, નોર્થ એવેન્યૂ અને નંદી નગરના એસએચઓ સામેલ છે. એડિશનલ ડીસીપી શાહદરા પણ કોરોના પોઝિટિવ મળ્યા છે.

સાથે સાથે દેશભરમાં સોમવારે ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરી દેવાઈ હતી. દિલ્હી-ભુવનેશ્વર વિસ્તારની ફ્લાઈટમાં યાત્રિઓ ફેસ શિલ્ડ પહેરેલા જોવા મળ્યા હતા.

એર ઈન્ડિયાની બેંગલુરુ-હૈદરાબાદ ફ્લાઈટ કોઈ પણ પ્રકારની અગાઉની સૂચના રદ કરી દેવાઈ હતી. યાત્રિઓએ જણાવ્યું કે, બોર્ડિંગ પાસ સ્કેન કરવા અંગે જણાવ્યું કે, ફ્લાઈટ કેન્સલ કરી દેવાઈ છે.

કોરોના કોવિડ-૧૯ મહામારીના કેસની સંખ્યામાં, ભારત ફક્ત યુએસ, રશિયા અને બ્રાઝિલથી પાછળ છે. દર ૨૪ કલાકમાં તાજા કેસો નોંધાવવા છેલ્લા કેટલાક દિવસોમાં કોવિડ -૧૯ ના અન્ય હોટસ્પોટ્સની સંખ્યામાં ભારત સતત આગળ છે.

લદ્દાખ સરહદ

પહેલા પાનાથી ચાલુ

લેખમાં, બેઇજિંગના સિંહુઆ યુનિવર્સિટીની રાષ્ટ્રીય વ્યૂહરચના સંસ્થાના સંશોધન વિભાગના ડિરેક્ટર બોલ્યા છે. તેમણે કહ્યું છે કે ભારત તરફથી આવી કડકતાને કારણે કોરોના રોગચાળા દરમિયાન ચીનના અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

તેમણે એમ પણ કહ્યું છે કે ભારતમાં વિપક્ષે કહ્યું છે કે આવી કડકતા બરાબર નથી અને અપેક્ષા છે કે ભારત આ ખોટી દિશા તરફ જવાનું બંધ કરશે, કારણ કે તે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય કરારને પણ નુકસાન પહોંચાડે છે. તેમના લેખમાં, તેઓ અમેરિકા વિશે વાત કરવાનું ભૂલ્યા નહીં અને લખ્યું કે હાલમાં યુ.એસ. માં ચીન સામે રાજકીય વાયરસ ફેલાઈ રહ્યો છે અને એવી અપેક્ષા છે કે તે ભારતને ચેપ લગાડે નહીં. યુએસ અને ચીન વચ્ચેના સંબંધો પહેલાથી ખૂબ સારા ન હતા અને કોરોનાએ જે સારું કર્યું તેનો અંત આવ્યો. ચીન આરોપ લગાવી રહ્યું છે કે વાયરસ ત્યાંની એક લેબોમાં બનાવવામાં આવ્યો છે અને ત્યાંથી લીક થઈ ગયો છે, પરંતુ ચીન આ આરોપને નકારી રહ્યો છે. તે જ સમયે, આ કોરોના વાયરસને કારણે, વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ, અમેરિકા સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં આ ચેપ ૧.૬ મિલિયનથી વધુ લોકોમાં ફેલાયેલો છે અને મૃત્યુની સંખ્યા ૧ લાખના આંકડાને સ્પર્શવા માટે ભયાવહ છે. અમેરિકા વધુ ગુસ્સે છે અને સમાચાર એ છે કે તેઓએ તેમની કંપનીઓને ચીનથી હાંકી કા .વાની નીતિ તૈયાર કરી છે. સારું, તે આશ્ચર્યજનક ન હોવું જોઈએ કારણ કે દુશ્મનનો મિત્ર હંમેશા જોખમી હોય છે. અને ચીન માટે અમેરિકા અને ભારત બંને તેના દુશ્મનો જેવું છે. આવી સ્થિતિમાં બે દુશ્મનો સાથે જોડાવાથી ચીન ખુશ નથી. સરહદ પર પણ એવો જ ગુસ્સો જોવા મળી રહ્યો છે. ચીન ભારતને ચેતવવા માટે એક એવી રીત પણ કહી રહ્યું છે કે અમેરિકામાં આ દિવસોમાં ચીન સામે રાજકીય વાયરસ ફેલાઈ રહ્યો છે. આશા છે કે આ વાયરસ ભારતને ચેપ લગાડે નહીં. દરેકના મનમાં જે સવાલ ઉભો થાય છે તે છે કે અમેરિકાથી કંપનીઓને પાછા લાવવાની નીતિ બનાવવા માટે ચીન ભારત પર કેમ ગુસ્સે છે? હકીકતમાં, લગભગ ૧૦૦૦ કંપનીઓ ચીનથી બહાર નીકળી ગઈ છે અને અન્ય દેશોમાં નવી સ્થળો શોધી રહી છે, જેમાં ભારત એક મજબૂત દાવેદાર છે. તે જ સમયે, ભારત સરકાર આને એક મોટી તક તરીકે જોઈ રહી છે, જે દેશમાં રોજગારની સાથે વિશાળ રોકાણ લાવશે. લદાખમાં બનતી એક બાબત ૨૦૧૭ માં ડોકલામ વિવાદ દરમિયાન હતી. તે પછી પણ, ચીને સ્થળાંતર બતાવ્યું હતું અને હજી પણ ડ્રેગન અતિશય શક્તિ છે. એક મોટી બાબત જે બંને ઘટનામાં એકદમ અલગ છે તે તે તે વિસ્તારમાં બની રહી છે જ્યાં ઘણી વાર અથડામણો થાય છે. ડોકલામ એ ત્રિ-જંકશન છે જ્યાં સામાન્ય રીતે વધારે તાણ જોવા મળતું નથી.

ગુજરાતના અરબી સમુદ્રમાં એક નવી સાઈક્લોન પેટર્ન બની રહી-હવામાન ખાતું

ગુજરાત અને મહારાષ્ટ્રમાં જૂનની શરૂઆતમાં ભારે વરસાદની સંભાવના

ગાંધીનગર

દેશમાં કોરોનાની આફત વચ્ચે કુદરતી કહેર પણ ચાલુ જ છે. ગુજરાતમાં ૩ જૂનની આસપાસ જોરદાર વરસાદ પડવાની આગાહી છે. સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગને પરિણામે કુદરતી ઉથલપાથલ ચાલુ જ છે. ભારતમાં વાવાઝોડાનું નામ લોકોના મોઢે સુકાયું નથી ત્યાં બીજું નવું વાવાઝોડું તૈયાર થઈ રહ્યું છે. ૧૩ મેના રોજ હવામાન વિભાગે અમ્ફાન વાવાઝોડાની આગાહી આપી હતી. આ વાવાઝોડાએ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં તબાહી બોલાવી દીધી છે. તે વચ્ચે હવે ગુજરાત માટે માઠા સમાચાર લઈને આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ ગુજરાતના અરબી સમુદ્રમાં એક નવી સાઈક્લોન પેટર્ન બની રહી છે.

જે તૈયાર થતાં ગુજરાત સહિતના વિસ્તારમાં મુશ્કેલી પેદા કરી શકે છે. આ સિસ્ટમ હજુ તૈયાર થઈ રહી છે. પરંતુ જો અને તો વચ્ચે અટકેલી છે. જો આ સિસ્ટમ ભારતીય દરિયા કિનારાની વધુ નજીકથી પસાર થશે તો ચોમાસુ ડિસ્ટર્બ કરી શકે છે. આ સાઈક્લોન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ૩ જૂન આસપાસ અસર કરશે. ચક્રવાત જૂનના પ્રથમ અઠવાડિયા દરમિયાન કોઈ પણ સમયે પશ્ચિમ ભારતના ભાગોને ધમરોળી શકે છે. આવનારા સમયમાં અરબી સમુદ્રમાં દક્ષિણ પૂર્વીય સાઈક્લોનિક પેટર્ન મુજબ લો પ્રેશર સર્જાતા ડિપ્રેશનમાં ફેરવાઈને ૩ જૂન આસપાસ ગુજરાત અને મહારાષ્ટ્રના કાંઠા વિસ્તાર વચ્ચે અથડાતા જૂનની શરૂઆતમાં ભારે વરસાદ પડી શકે છે. અને ચોમાસુ ભેજને ખેંચી જતાં ચોમાસું મોડું બેસવાની શક્યતાને પણ નકારી શકાય નહીં. ગયા વર્ષે વાયુ વાવાઝાડોએ ગુજરાતમાં ચોમાસું મોડું બેઠું હતું.

મેના અંતિમ સપ્તાહમાં ઉનાળો રહેશે વધુ આકરો હાલમાં મે માસના અંતિમ સપ્તાહમાં ગરમીનો પારો ઊંચો જતા ઉનાળો વધુ આકરો બને તેવી હવામાન વિભાગની આાગાહી વચ્ચે અરબી સમુદ્રમાં નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા ઊભી થઈ છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, દિલ્લી, હરિયાણા સહિતના રાજ્યોમાં હિટવેટની પણ હવામાન વિભાગે આગાહી કરી છે. અરબી સમુદ્રની સિસ્ટમના કારણે મહારાષ્ટ્ર તેમજ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ સિસ્ટમના કારણે મહારાષ્ટ્રમાં ૩૦-૩ ૧મે આસપાસ અને ગુજરાતમાં ૩ જૂન આસપાસ પ્રિમોન્સૂન વરસાદની ગતિવિધિ જોવા મળી શકે છે.

અરબી સમુદ્રમાં હાલમાં સિસ્ટમ તૈયાર થઈ ગઈ નથી. પરંતુ સિસ્ટમ તૈયાર થયા પછી પણ ગુજરાતના દરિયાકાંઠા પછી ઓમાન તરફ ફંટાવાના ચાન્સ વધારે છે.

જો આ સિસ્ટમ ભારતીય દરિયા કિનારાની વધુ નજીકથી પસાર થશે તો ચોમાસુ ડિસ્ટર્બ કરી શકે છે. ગયા વર્ષે વાયુ વાવાઝોડાને લઈને ચોમાસુ ડિસ્ટર્બ થયું હતું. અને મોડું રહ્યું હતું. તે જ પ્રમાણે આ સિસ્ટમ સક્રિય થઈ અને ગુજરાત તરફ આવતા ભેજવાળા પવનો અને વાદળો ખેંચી જશે તો ચોમાસુ વધુ ૨૦ દિવસ મોડું જશે. હાલની સ્થિતિએ ગુજરાતમાં ચોમાસુ ૨૫ જૂન આસપાસ વરસાદની શક્યતાઓ છે. જો સિસ્ટમ સક્રિય થઈ તો ચોમાસુ મોડું જશે.

અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવનાર પ્રવાસીઓ માટે સરકારે જાહેર કરી એડવાઈઝરી

ગાંધીનગર

આજથી સમગ્ર દેશમાં ડોમેસ્ટિક વિમાન સેવાની શરૂઆત થઈ ગઈ છે. ગુજરાતમાં પણ ૩ એરપોર્ટ પર ઘરેલુ વિમાનસેવા કાર્યરત કરાઈ છે. અમદાવાદ, સુરત અને વડોદરાથી ફ્લાઈટ ઓપરેશનની શરૂઆત થઈ છે. ગુજરાત સરકારે આંતરરાજ્ય મુસાફરી કરી રહેલા પ્રવાસીઓ માટે એક ખાસ એડવાઈઝરી બહાર પાડી છે જે મુજબ ડોમેસ્ટિક વિમાની સેવા, રેલવે કે બસ દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા કોરોનાના કોઈ જ લક્ષણો નહીં ધરાવતા પ્રવાસીઓ સીધા જ ઘરે જઈ શકશે.

ઘરેલુ વિમાની સેવા, ટ્રેન કે બસ દ્વારા આંતરરાજ્ય મુસાફરી કરતા જે પ્રવાસીઓમાં કોરોનાના કોઈ જ લક્ષણો નહીં હોય તેવા પેસેન્જરો સીધા જ પોતાના ઘરે જઈ શકશે, પરંતુ આવા આંતરરાજ્ય મુસાફરોએ ૧૪ દિવસ સુધી પોતાના લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવું જરૂરી રહેશે. એ દરમિયાન જો કોરોનાના કોઈ લક્ષણો દેખાય તો તેમણે તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. અથવા તો રાજ્ય કે રાષ્ટ્રની હેલ્પલાઈન ૧૦૪ કે ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે.

ભારત સરકારના આરોગ્ય વિભાગે બહાર પાડેલી માર્ગદર્શિકાને ટાંકીને રાજ્યના આરોગ્ય અગ્રસચિવ ડૉ. શ્રીમતી જયંતી રવિએ આ અંગે જણાવ્યું હતું કે, કોઈપેસેન્જર સિમ્પ્ટોમેટિક જણાશે તો તેમને તરત જ આઈસોલેટ કરીને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવશે અને તરત જ વધુ તપાસણી હાથ ધરવામાં આવશે. જે પેસેન્જર્સને સામાન્ય અથવા તો ગંભીર સિમ્પ્ટમ્સ દેખાશે તેમને સઘન સારવાર માટે કોવિડ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવશે. જે પેસેન્જરોને હળવા સિમ્પ્ટમ્સ જણાશે તેમને હોમ આઈસોલેશન અથવા તો કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેશનનો વિકલ્પ આપવામાં આવશે. સરકારી કે ખાનગી ક્વોરેન્ટાઈન પછી આઈસીએમઆર ના પ્રોટોકોલ મુજબઆગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.આઈસોલેશનના સમયગાળા દરમિયાન આવા પેસેન્જરો જો પોઝિટિવ જણાશે તો તેમને ક્લિનિકલ પ્રોટોકોલ મુજબ કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવશે.

ડૉ.જયંતી રવિએ જણાવ્યું હતું કે, તમામ એરપોર્ટ, રેલવે સ્ટેશન અને બસ ટર્મિનલ્સ ઉપર અને ફ્લાઈટમાં, ટ્રેનમાં અને બસમાં કોવિડ-૧૯ સંદર્ભે અને સાવચેતીનાં પગલાં માટે જરૂરી એનાઉન્સમેન્ટ સતત કરવામાં આવશે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ દરેક પેસેન્જર્સ નું બોર્ડિંગ પહેલાં ફરજિયાત થર્મલ સ્ક્રિનિંગ કરવાનું રહેશે. એસિમ્પ્ટોમેટિક પેસેન્જર્સને જ માત્ર ફ્લાઈટસ, ટ્રેન કે બસમાં મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવશે.

સાબરકાંઠા લોકડાઉનમાં જિલ્લામાં ટેકાના ભાવે ૪૦ હજાર ક્વિન્ટલ ઘઉંની ખરીદી

હિંમતનગર

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતાના રવિપાકના ખરીદ-વેચાણ માટે તમામ માર્કેટયાર્ડ કાર્યરત કરાયા છે, તેની સાથે ખેડૂતોએ પકવેલા મોંઘા મોલનો યોગ્ય ભાવ મળી રહી તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ છે. જે અંતર્ગત સાબરકાંઠાના ૮ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ઘઉની ખરીદી શરૂ કરાઈ છે.

રાજય સરકાર દ્વારા ખેડૂતોના ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાતા સાબરકાંઠા જિલ્લાના નિયત કરવામાં આવેલા હિંમતનગરના ખરીદી કેન્દ્ર પર ૧૫૪ ખેડૂતોના ૫૬૪૦.૫૦ ક્વિન્ટલ, જાદરના ૧૩૩ ખેડૂતોના ૪૬૩૮ ક્વિ., ઈડરના ૨૧૧ ખેડૂતો ૯૬૦૫ ક્વિ., વડાલીના ૧૦૮ ખેડૂતોના ૪૪૬૭ ક્વિ., ખેડબ્રહ્માના ૨૧૨ ખેડૂતાના ૬૩૦૫ ક્વિ., વિજયનગરના ૪૧ ખેડૂતોના ૧૬૦૦ ક્વિ., પ્રાંતિજના સલાલમાં ૧૦૨ ખેડૂતોના ૪૦૯૭ ક્વિ. અને તલોદના ૧૨૩ ખેડૂતોના ૪૩૦૬ ક્વિ. મળી લોકડાઉનના ત્રણ તબક્કા દરમિયાન શુક્રવાર સુધીમાં કુલ ૧૦૮૪ ખેડૂતોના ૪૦૬૬૦ ક્વિન્ટલ ઘઉની ખરીદી કરવામાં આવી હતી.

દીવથી મુંબઈ જતી ફ્લાઈટ ટેક્નીકલ ખામીને કારણે રદ થતા મુસાફરો અટવાયા

દીવ

દેશભરમાં લાંબા સમય બાદ આજથી ડોમેસ્ટીક ફ્લાઈટ શરૂ થઈ છે, ત્યારે ગુજરાતમાં પણ હવાઈ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં દીવથી મુંબઈની જતી ફ્લાઈટને ટેક્નીકલ ખામીને કારણે રદ કરવામાં આવી છે. આ ફ્લાઈટ ભુજથી ૧૨ વાગ્યે દીવ આવવાની હતી, અને દીવથી ૧૨.૪૫ વાગ્યે મુંબઈ રવાના થવાની હતી.

પરંતુ ફ્લાઈટ રદ થવાને કારણે મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા હતા, અને તેમને ભારે હાલાંકીનો સામનો કરવો પડ્યો હતો.રાજ્યનાં ગ્રીન ઝોન એવા દીવથી પ્રથમ ફ્લાઈટ આજથી શરૂ થવાની હતી. જેમાં મુંબઈ થી દિવ વાયા ભુજ થી દીવ થી મુંબઈ ની એર ઇન્ડિયાની ૭૨ સીટ ની ફ્લાઈટ ટેક્નિકલ ખામી ને કારણે કેન્સલ કરવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ પર ઈ-પાસના ચક્કરમાં પેસન્જરને લીધા વિના ફ્લાઈટે ભરી ઉડાન

એરલાઈન્સ કંપનીએ અટવાયેલા મુસાફરને સાંજે લઈ જવાની ખાતરી આપી

અમદાવાદ

અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડોમેસ્ટિક ફ્લાઈટ સેવા શરૂ થઈ.દેશભરમાં લોકડાઉનના કારણે વિમાન સેવા બંધ કરાઈ હતી. અમદાવાદ એરપોર્ટ પર આજથી રોજ ૯૦ ફ્લાઈટ ઓપરેટ કરાશે. ૪૫ ફ્લાઈટ અન્ય રાજ્યોમાં જશે તેમજ ૪૫ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર અન્ય રાજ્યોમાંથી આવશે. આજે સવારે ૪ વાગ્યે પ્રથમ ફ્લાઈટે ટેકઓફ કર્યું, જ્યારે રાત્રે ૧૦.૧૫ વાગ્યે છેલ્લી ફ્લાઈટ ઉડાન ભરશે.

અમદાવાદ એરપોર્ટ પર ઈ-પાસના ચક્કરમાં મુસાફરો અટવાયા. ત્યારે ૭૭ વર્ષીય વૃદ્ધ બળવંત ભાઈ પંચાલ તથા તેમના પત્ની બેંગ્લોર જઈ રહ્યા હતા. જોકે, ફ્લાઈટ બળવંત ભાઈને લીધે વિના ટેકઓફ થઈ ગઈ. મુસાફર પાસે ઈ-પાસ ન હોવાના કારણે ફ્લાઈટે ઉડાન ભરી હતી. જોકે, એરલાઈન્સ કંપનીએ અટવાયેલા મુસાફરને સાંજે લઈ જવાની ખાતરી આપી.

વડોદરા લોકડાઉનમાં બહાર ન નીકળવાની સાસુએ અપીલ કરતા વહુએ જીવન ટુંકાવ્યું

વડોદરા

વિશ્વભરમાં ચાલી રહેલા કોરોના વાયરસની મહામારીમાં લોકોને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે વડોદરાના મકરપુરા એસ.ટી. ડેપોના પાછળ આવેલા શિવ શક્તિનગરમાં રહેતી ૩૨ વર્ષીય મહિલા દિપાલીબેન રાકેશભાઈ વાઘ લોકડાઉનમાં બાળકીને લઈને ઘરની બહાર નીકળ્યા હતા.

જેથી તેમના સાસુએ કોરોના વાયરસ ચાલે છે, અને ઘરની બહાર બાળકીને લઈને તું કેમ ગઈ હતી, તેવો ઠપકો આપતા દિપાલીબેનને લાગી આવતા બે સંતાનોને છોડીને ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. જેમાં માતાના મૃતદેહ પાસે જઈને ૨ વર્ષની પુત્રી મરેલી માતાને સુવડાવાનો પ્રયત્ન કરી રહેલી જોવા મળી હતી. આ સમયે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે મકરપુરા પોલીસે ઘટના સ્થળે પહોંચીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના અંગેની લોકોમાં જાગૃતિ માટે જામનગર પોલીસે યોજી ફ્લેગમાર્ચ

જામનગર

કોરોના અવેરનેસ માટે જામનગર પોલીસ દ્વારા શહેરના જુદા જુદા રાજમાર્ગો પર યોજવામાં આવી હતી. આઇ.પી.એસ સફીન હસનની આગેવાનીમાં ફ્લેગ માર્ચનું આયોજન કરાયુ હતુ. શહેરના જુદા જુદા રાજમાર્ગો પર ફ્લેગ માર્ચ પસાર થઈ હતી. અને લાઉડ સ્પીકરના માધ્યમથી તમામ વેપારીઓ તેમજ બહાર નીકળેલા લોકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની અપીલ કરવામાં આવી હતી. જામનગર શહેરમાં કોરોનાના ૪૬ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે કોવિડ હોસ્પિટલમાં ૧૯ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તેમજ લોકો કોરોના વાયરસની ગંભીરતાને સમજે તેમજ જાગૃતતા આવે તે માટે જામનગર પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.

વડોદરા સંગમ ચાર રસ્તા પાસે SBI બેંકના એટીએમમાં આગ લાગતા ભારે નાસભાગ મચી

વડોદરા

શહેરના સંગમ ચાર રસ્તા નજીક નક્ષત્ર એપાર્ટમેન્ટ આવેલું છે. જેના ગ્રાઉન્ડ ફ્લોર પર એસબીઆઈ બેંકનું એટીએમ આવેલું છે. સોમવારે વહેલી સવારેએટીએમમાં આગ લાગતા ભારે નાસભાગ મચી ગઈ હતી. એટીએમ મશીનમાં આગ લાગતા કુતૂહલવશ લોકોના ટોળા ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. જેમાં કેટલાંક લોકોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, સફળતા મળી ન હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો કે, વહેલી સવારનો સમય હોવાથી કોઈ જાનહાનીનો બનાવ બનવા પામ્યો ન હતો.

જૂનાગઢમાં વધુ ૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફર્યા

જૂનાગઢ

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ લોકો મોટી સંખ્યામાં કોરોનાને મ્હાત પણ આપી રહ્યા છે. ત્યારે આજે જૂનાગઢમાં ૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આજે સિવિલમાંથી કોરોનાના ૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં વિસાવદર પ્રેમપરાના ત્રણ અને બરડીયાના એક દર્દીને સિવિલમાંથી ડિસ્ચાર્જ કરાયા છે.

અગાઉ પણ ૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજે વધુ ૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરાતાં હવે કુલ ૮ ડિસ્ચાર્જ થયા છે. જીલ્લામાં પોઝીટીવ કેસોની સંખ્યા ૨૫ હતી, જેમાંથી ૮ ડિસ્ચાર્જ થતાં હવે ૧૭ એકટીવ કેસ છે. રાજયમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ચિંતાનજક વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૯૪ કેસ સામે આવ્યા છે અને વધુ ૨૯ દર્દીઓનાં મોત થયા છે. જયારે ૨૪૩ દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી રાજયમાં કુલ સંક્રમિત દર્દીઓની આંકડો ૧૪૦૬૩ પર પહોંચ્યો છે અને મૃત્યુઆંક ૮૫૮ થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આ જાણકારી આપી હતી.

ગઈ કાલે નવા નોંધાયેલ કેસ પૈકી અમદાવાદમાં ૨૭૯, સુરત ૩૫, વડોદરા ૩૦, ગાંધીનગર-૧૧, ભાવનગર-૧, આણંદ-૧, રાજકોટ-૫, અરવલ્લી-૧, મહેસાણા-૨, પંચમહાલ-૨, મહીસાગર-૨, ખેડા-૩, જામનગર-૧, સાબરકાંઠા-૧૪, દાહોદ-૪, વલસાડ-૧ અને અન્ય રાજ્યના ૨ કેસ સામે આવ્યા છે.

રાજકોટમાં ઘરેલું ફ્લાઈટને મંજૂરી ન અપાતાં ઉડ્ડયન મંત્રીને પત્ર લખી શરૂ કરવાની ઉઠી માંગ

રાજકોટ

દેશમાં આજથી લોકડાઉન-૪ દરમિયાન ડોમેસ્ટિક ફ્લાઈટની સેવા ચાલુ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાંથી પણ વિવિધ શહેરોમાંથી ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. જો કે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હોમ ટાઉન સમાન રાજકોટ શહેરમાંથી જ ડોમેસ્ટિક ફ્લાઈટની મંજૂરી ન અપાતાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉડ્ડિયન મંત્રીને પત્ર લખી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

ગુજરાતમાંના શહેરોમાંથી દેશના અન્ય રાજ્યોના શહેરો સુધી આજથી ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવામાં આવી. જો કે રાજકોટમાંથી એકપણ ફ્લાટિને મંજૂરી ન મળી હોવાનું સામે આવ્યું છે. ત્યારે રાજકોટમાં વિમાન સેવા શરૂ કરવાને લઈને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માંગ કરવામાં આવી છે.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હોમટાઉન રાજકોટમાંથી જ ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ ન થતાં શહેરના ચેમ્બર ઓફ કોમર્સનો ઉડ્ડિયન મંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં કોરોનાના સૌથી ઓછા કેસ હોવા છતાં ફ્લાઈટ શરૂ કરવામાં ન આવી હોવાનો ઉલ્લેખ કરતો પત્રા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉડ્ડિયન મંત્રીને લખવામાં આવ્યો છે. શહેરના ચેમ્બર્સ ઓફ કોમર્સે પત્રામાં જણાવ્યું છે કે રાજકોટમાં ફ્લાઈટ ન આપતાં સૌરાષ્ટ્રના ઉદ્યોગ-વેપાર પર તેની અસર જોવા મળશે. સૌરાષ્ટ્રના લોકો રાજકોટથી દેશ અને વિદેશમાં જાય છે.

રાજ્યમાં કોરોનાના કહેર વચ્ચે ભયાનક લૂ લાગવાની આશંકા, ૪ દિવસ ગરમીનું જોર યથાવત

ગાંધીનગર

ગુજરાતમાં એક તરફ કોરોના વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે કોરોનાને લઈને રાજ્યમાં જાહેર કરાયેલા લોકડાઉનના પગલે લોકો ઘરમાં રહેવા મજબૂર બન્યા છે ત્યારે આગામી સમયમાં રાજયભરમાં ભયાનક લૂ લાગવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં આગામી સમયમાં તાપમાનનો પારો હજી પણ ઉપર જોવા મળે તેવી સંભાવના છે.

આજથી ગુજરાતમાં ભયાનક લૂ લાગવાની આશંકા સેવાઈ રહી છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં લૂના કારણે આવનારા ૪-૫ દિવસ સુધી રાજયમાં કાળઝાળ ગરમી જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે રાજયના ૧૦ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધારે નોંધાયું છે.

જેમાં રાજયના સુરેન્દ્રનગરમાં સૌથી વધારે ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આકરા તાપ અને ગરમ પવનના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી વધી છે. જ્યારે ૩૦ મેની આસપાસ અરબી સમુદ્રમાં દક્ષિણ-પૂર્વમાં સાઈક્લોનિક સર્ક્યુલેશનના પગલે લો પ્રેશર એરિયા સર્જાઈ શકે છે. આ લો પ્રેશર ડિપ્રેશનમાં ફેરવાઈને ૩ જૂન સુધી ગુજરાત ફંટાય તેવી શક્યતા છે. જેથી દેશના પૂર્વિય કાંઠે ખાસ કરીને ગુજરાત અને મહારાષ્ટ્રમાં જૂનના શરૂઆતથી ભારે વરસાદની શક્યતા છે.

કોરોના સંકટ: વડોદરાના ૨૭ વિસ્તારોને રેડ ઝોનમાંથી હટાવી ઓરેન્જ ઝોનમાં મૂકાયા

વડોદરા

મહાનગરપાલિકાએ મહત્વની જાહેરાત કરી છે. વડોદરાના ૨૭ વિસ્તારને રેડ ઝોનમાંથી હટાવ્યા છે. આ ૨૭ વિસ્તારોને રેડ ઝોનમાંથી ઓરેન્જ ઝોનમાં મૂકાયા છે. ૨૭ કોરોનાના વિસ્તારોમાં હોટસ્પોટ નાગરવાડા અને સૈયદપુરાને પણ રેડ ઝોનમાંથી હટાવી લેવાયા છે. આ વિસ્તારોમાં ૫ એપ્રિલથી ૧૧ મે સુધી એક પણ કોરોના પોઝિટિવ કેસ ન નોંધાતાં તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે. વડોદરામાં કોરોનાના વધુ ૩૦ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ૧૪૫ સેમ્પલમાંથી ૩૦ કેસ પોઝિટિવ આવ્યા છે. આમ વડોદરામાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૮૫૫ થઈ ગઈ છે. કોરોનાથી આજે વધુ ૭ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યારસુધી કોરોનાથી વડોદરામાં ૪૯૯ દર્દીઓ સાજા થયા છે. આજે પણ મેડિકલ બુલેટિનમાં એક પણ મોત દર્શાવ્યું નથી. અત્યાર સુધી વડોદરામાં કુલ ૩૮ મોત છે.

વડોદરાના નાના અને મધ્યમ વેપારીઓમાં સરકારની નિતી પર રોષ જોવા મળ્યો છે. રાજ્યમાં તમામ વર્ગને આર્થિક મદદની જાહેરાત કરી, પરંતુ તેમાં નાના વેપારીઓને કંઈ જ ફાયદો નથી. સરકારે કરેલી જાહેરાતમાં નાના વેપારીઓને બાકાત રખાયા છે. ૬૦ દિવસથી વેપાર ધંધા બંધ હોવાથી વેપારીઓ પાયમાલ થઈ ગયા છે. વેપારી મંડળના મહામંત્રી રમેશ પટેલે વેપારીઓની વ્યથા સરકાર સામે ઠાલવી છે. સરકારની જાહેરાત માત્ર જાહેરાત રહે છે. બેંકો સરકારની જાહેરાત પ્રમાણે કામ નથી કરતી. બેંકો સરકારનુ કંઈ જ ન સાંભળતી હોવાના કર્યા આક્ષેપ વેપારીઓ કર્યા છે. તો બીજી તરફ, આજે ઝી૨૪ કલાકની ટીમે બજારોમાં રિયાલિટી ચેક કર્યું હતું. આજે પણ બજારોમાં લોકોની ભીડ ઉમટી હતી. વેપારીઓ સહકાર ન આપીને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન નથી કરાવી રહ્યાં. તો સાથે જ નાગરિકો પણ પોતાનો જીવ જોખમમાં મૂકીને ખરીદી કરતા નજરે ચઢ્યા હતા. પોલીસની હાજરી માજ સરકારના નિયમોના ધજાગરા ઉડ્યા તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. વડોદરાનું તંત્ર નિયમોનું પાલન કરાવવામાં નિષ્ફળ નીવડ્યું છે. વેપારી એસોસિએશનના પ્રમુખે નિયમોનું પાલન થઈ રહ્યું હોવાનું જણાવી પોતાનો બચાવ કર્યો હતો.

ગુજરાતના ૧૫૦ વિદ્યાર્થીઓ સિંગાપુરમાં ફસાયા હોવાના અહેવાલ મળતા હડકંપ

વિડીયો દ્વારા મોટો ખુલાસો- ગુજરાત અને મહારાષ્ટ્રના વિધાર્થીઓ હોવાથી નથી મળતી મદદ

અમદાવાદ

કોરોના કહેર વચ્ચે દેશ-વિદેશના અનેક નાગરિકો અન્ય દેશોમાં ફસાયેલા છે. ત્યારે ગુજરાત સહિત અનેક ભારતીયો વિદેશમાં ફસાયા હોવાના અહેવાલ અવાર નવાર સામે આવતા હોય છે. ત્યારે હાલ વડોદરાના ૧૫૦ વિદ્યાર્થીઓ કોરોનાના કારણે સિંગાપુરમાં ફસાયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. સિંગાપુરમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ફસાતા હાલ તેમના પરિવાર ચિંતાતૂર બન્યા છે. આ ઘટનાની જાણ થતા વિદ્યાર્થીઓ સહિત પરિવારજનોએ ગુજરાત સરકારની મદદ માંગી છે. સિંગાપુરથી વીડિયો મારફતે પણ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકાર પાસે મદદ માંગી છે. વીડિયોમાં વિદ્યાર્થીઓની દયનીય હાલત જોવા મળી રહી છે, તેઓએ વીડિયો મારફતે પોતાની પાસે રહેલા રૂપિયા પણ પૂર્ણ થઈ ગયા હોવાનું જણાવી રહ્યા છે.

વડોદરા સહિત ગુજરાતના ૧૫૦ વિદ્યાર્થીઓએ વીડિયો મારફતે સૌથી મોટો ખુલાસો કર્યો હતો. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત અને મહારાષ્ટ્રના વિધાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્રના વિધાર્થીઓ હોવાથી અમને કોઈ મદદ મળી રહી નથી તેવો સ્પષ્ટ વીડિયોમાં ઉલ્લેખન કર્યો છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, કોરોના મહામારી વચ્ચે વડોદરા સહિત ગુજરાતના ૧૫૦ વિદ્યાર્થીઓ સિંગાપુરમાં ફસાયા હોવાના અહેવાલ મળતા હડકંપ મચી જવા પામ્યો છે. વિદ્યાર્થીઓએ ગુજરાત સરકાર પાસે વીડિયો મારફતે ગુજરાત સરકાર પાસે મદદ માંગી રહ્યા છે. વિદ્યાર્થીઓ સિંગાપુરમાં લોકડાઉન ખુલે તેની રાહ જોઈ રહ્યા છે. તેઓ વીડિયો મારફતે જણાવી રહ્યા છે કે, અમને તંત્ર દ્વારા કોઈ મદદ પહોંચાડાઈ રહી નથી, અમારી પાસે રહેલા રૂપિયા પણ ખલાસ થઈ ગયા છે.

હાલ અમારી હાલત ખુબ જ ખરાબ છે. આ કિસ્સામાં એક વિદ્યાર્થી વિશે મળતી માહિતી પ્રમાણે, વડોદરાનો ધ્રુમિલ ગાંધી સિંગાપુરમાં હોસ્પિટાલીટી મેનેજમેન્ટનો કોર્સ કરવા ગયો હતો. ગુજરાત અને મહારાષ્ટ્રના વિધાર્થીઓ માટે કોઈ મદદ મળી રહેતી નથી તેવો સ્પષ્ટ વીડિયોમાં ઉલ્લેખન કર્યો છે. દુનિયાભરમાં કોરોના વાયરસ ફેલાયા બાદ વિવિધ દેશોમાં રહેતા ગુજરાતીઓએ પોતાના વતન પરત ફરવા અંગેની ઈચ્છા વ્યક્ત કરી હતી જે સંખ્યા આશરે ૪ લાખ સુધી પહોંચવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

કોરોનાને અવસરમાં બદલ્યો: અમદાવાદમાં રૂ.૨૫૦માં નકલી હેલ્થકાર્ડ આપતો શખ્સ ઝડપાયો

અમદાવાદ

હાલના સમયમાં શાકભાજી, કરિયાણું અને દૂધની દુકાનોવાળા જ સુપર સ્પ્રેડર બની રહ્યાં છે. ત્યારે તેમના કારણે સંક્રમણ વધે નહિ તે માટે કોર્પોરેશન દ્વારા આ તમામ લોકોના મેડિકલ ચેકઅપ કરી હેલ્થ કાર્ડ બનાવવામાં આવી રહ્યાં છે. ત્યારે મણીનગર વિસ્તારમાં ફરિયાદી પોતાના ઘરની બહાર હતા. ત્યારે ઘર પાસે વિમલ ભક્તિ પ્રસાદ નામનો વ્યક્તિ લોકોને આધારકાર્ડ જોઈને ૨૫૦ રૂપિયા લેતો હતો, અને સામે સ્લીપ આપતો હતો. તે બાદ લોકોને સોમવારે હેલ્થકાર્ડ મળી જશે તેવું કહેતો હતો. હેલ્થ કાર્ડ સ્લીપફરિયાદી રસિક દંતાણીએ પણ ૨૫૦ રૂપિયા હેલ્થકાર્ડ કાઢવા આપ્યા હતા. જે બાદ તેમને જાણવા મળ્યું હતું કે, વિમલ લોકો પાસેથી પૈસા લઈને છેતરપીંડી કરે છે. ત્યારે રસિક દંતાણી અને અન્ય લોકો કાગડાપીઠ પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. તેમજ આ મામલે વિમલ વિરુધ્ધ ફરિયાદ નોધાવી હતી. કાગડાપીઠ પોલીસે ફરિયાદના આધારે વિમલની ધરપકડ કરી હતી. જેમાં પોલીસે નકલી પહોંચ કબ્જે કરી વિમલની પૂછપરછ કરી હતી.

પાલનપુરના સાગ્રોસણાના દંપતિએ સંતાનો કરતાં દેશસેવાને મહત્વ આપ્યું

પાલનપુર

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસને મહાત આપવા માટે આરોગ્ય, પોલીસ, સફાઈકર્મીઓ જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. ધારપુર મેડિકલ કોલેજની કોરોના વોરિયર્સ માતા પ્રવિણાબેન ડેલ બે નાની દિકરીઓને ઘરે છોડી ફરજ બજાવે છે તો તેણીના પતિ પણ રાજસ્થાનના બીકાનેર ખાતે પાકિસ્તાન બોર્ડર ઉપર માં ભોમની રક્ષા કરી રહ્યા છે. કોરોના વાયરસને મ્હાત આપવા માટે આરોગ્ય, પોલીસ, સફાઈકર્મીઓ પોતાના જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. જેમાં નાના બાળકોની એવી પણ માતાઓ છે કે જેઓ બાળક પ્રત્યેની મમતાને બદલે દેશ પ્રેમને વધારે મહત્વ આપી રહી છે. જાણે કે માં ની મમતા આગળ દેશ પ્રેમ જીતી રહ્યો છે. જેનું ઉદાહરણ પ્રવિણાબેન ડેલ પૂરૂ પાડી રહ્યા છે. પાલનપુર તાલુકાના સાગ્રોસણા ગામના ખેડૂત રામજીભાઈ ડેલની દીકરી પ્રવિણાબેનનાં લગ્ન એ જ ગામના હર્ષદભાઈ પ્રેમજીભાઈ ચૌધરી સાથે થયાં હતાં અને બન્નેના સંતાનમાં બે નાની દિકરીઓ છે. પ્રવિણાબેનને ૧૦ વર્ષ અગાઉ પાટણની ધારપુર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલ ખાતે નર્સિગમાં નોકરી મળી હતી. જ્યારે તેમના પતિ પણ હાલમાં રાજસ્થાનના બીકાનેર ખાતે ઈન્ડીયન આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. તેમને સંતાનમાં બે દિકરીઓ છે મોટી રુહી- ઉ.૬ વર્ષ તથા નાની યુવિકા-ઉ.૧૨ માસ છતાં પણ પોતાની ફરજને અગ્રતા આપીને હાલ કોરોનાની મહામારીમાં આ બન્ને પતિ પત્ની દેશની સેવામાં ફરજ બજાવી રહ્યા છે. પ્રવિણાબેન આજે પણ ધારપુર ખાતે કોવીડ-૧૯ માં સીટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે. આજે તેઓ બન્ને પોતાની દીકરીઓને વિડીયો કોલ દ્વારા જ વાત કરી રહ્યા છે. ખરેખર માં ની મમતા આગળ દેશ પ્રેમ જીતી રહ્યો છે.

બાલાસિનોરમાં નિયમભંગ બદલ નાગરિકો પાસેથી વસુલાયો ૬૦૦૦ રૂપિયાનો દંડ

મહીસાગર

જિલ્લાના બાલાસિનોર નગરમાં તાલુકા મામલતદાર કચેરી તેમજ નગરપાલિકા કચેરી ટીમ દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ નિયમોનું પાલન કરવાના હેતુસર નગરમાં આવેલી દુકાનોને ઓડ ઈવન પ્રમાણે ખોલવા માટે નંબર આપવામાં આવ્યા છે. છતાં પણ આ નિયમોનું ઉલ્લંઘન કરનાર દુકાનદારો તેમજ શહેરમાં ફરજિયાત માસ્કનો અમલ હોવા છતાં માસ્ક વગર ફરતા લોકોને સ્થળ પર દંડ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી છે.

જેમાં અત્યાર સુધીમાં ૬૦૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો છે. સાથે સાથે આરોગ્યતંત્ર દ્વારા નગરમાં નિયમિત પણે ફેરિયાઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે. તેમજ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં આયુર્વેદિક ઉકાળો પણ વિતરણ કરવામાં આવે છે. આમ કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે. સાથે લોકડાઉનમાં આપેલ છુટછાટોનો નિયમોનુસાર પાલન કરવામાં આવી રહ્યું છે જેના થકી નાગરિકોને સુરક્ષિત રાખી શકાય.

માસ્ક પર રાજકારણઃ દૂધનો વેપારી માસ્ક વેચે તે સારું ન લાગેઃ રાજેન્દ્ર પટેલ

અમદાવાદ

ગુજરાતમાં માસ્ક ઉપર રાજકારણ ગરમાયું છે. અમુલ પાર્લર પર ૬૫ રૂપિયાના એન-૯૫ માસ્ક સામે હવે ગુજરાત કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશને માત્ર ૫૦ રૂપિયામાં જ એન-૯૫ વેચવાનું નક્કી કર્યુ છે. સાથે જ કેમિસ્ટ એસોસિએશના સેક્રેટરી રાજેન્દ્ર પટેલે કહ્યું છે કે જો સરકારે પહેલેથી જ ભાવ કંટ્રોલ અંગે યોગ્ય વ્યવસ્થા કરી હોત તો એન-૯૫ માસ્ક પહેલેથી જ સસ્તામાં વેચવામાં આવ્યા હોત. સાથે જ તેઓએ કહ્યું કે એન-૯૫ માસ્ક અમુલ પાર્લરની જગ્યાએ કેમિસ્ટને વેચવાની તક આપી હોત તો આનંદ થાત અને તેનો શ્રેય રૂપાણી સરકારને જ આપવામાં આવત.

તેઓએ વધુમાં કહ્યું કે લોકડાઉન સમયે દવાના વેપારીઓએ કોરોના વોરિયર જેવી જ ફરજ બજાવી છે. સાથે જ રાજેન્દ્ર પટેલે અમુલ પાર્લર પર વેચવામાં આવતા એન-૯૫ માસ્ક પર કટાક્ષ કર્યો હતો અને કહ્યું કે કોઈ દૂધનો વેપારી માસ્ક વેચે તે સારું ન લાગે. જો કે સાથોસાથ તેઓએ સરકાર સાથે કોઈ વિવાદમાં ન પડવાની વાત કરી સરકાર સાથે ખભેખભા મિલાવીને કામ કરવાની ચોખવટ કરી હતી.

કિસાન નેતા પાલ આંબલિયાનો મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને ઈ-મેઈલ દ્વારા પત્ર

૧ મણ ડુંગળી, ૧ મણ કપાસ અને ૧ મણ એરંડાનું દાન સ્વિકારે ગુજરાત સરકાર

રાજકોટ

કિસાન કોંગ્રેસ ચેરમેન પાલભાઈ આંબલિયાએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને ઈ-મેઈલ દ્વારા પત્ર લખ્યો છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે ખેડૂતો પોતાની ખેત પેદાશ દાન કરવા માંગે છે, તો તે સ્વીકારવાની વ્યવસ્થા સરકાર કરે.જેમાં ૧ મણ ડુંગળી, ૧ મણ કપાસ અને ૧ મણ એરંડાનું દાન સ્વિકારવાની માંગ કરાઈ છે. ત્યારે દાન કરવા જતા ડામ પડયાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. જેમાં ખેડૂતોને પીએમ કેર ફંડમાં ખેત પેદાશનું દાન કરવું છે. પણ ડામ પડવાનો ડર છે.

ખેડૂત દેવામાં દબાયેલો છે રોકડ દાન કરી શકે તેમ નથી..તો ખેત પેદાશ દાનમાં સ્વીકારવામાં આવે તેવી વિનંતી કરાઈ.જેમ સરદાર સાહેબના સ્ટેચ્યુ માટે ખેડૂતોના ખેત ઓજારનું લોખંડ સ્વિકારવાની વ્યવસ્થા કરાઈ હતી.. તેમ ખેત પેદાશના દાન સ્વિકારવાની વ્યવસ્થા કરવા માંગ કરાઈ.. દાન કરવું એ ગુનો નથી એમ સમજી ૨૦ તારીખે ખેડૂતો દાન કરવા ગયા હતા..દાન કરવા જનાર ખેડૂતને પોલીસ ઢોર માર મારે એ અમને ખબર નહોતી.

મોડાસા લોકડાઉનમાં ભાડું ન અપાતા માલિકે ભાડુઆતને ઘરમાં પૂર્યા

મોડાસા

મોડાસાની સહારાનગર સોસાયટીમાં ઘર માલિકને ભાડું નહીં મળતા ભાડુઆતને ઘરમાં પૂરી દીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ઘરના દરવાજાને તાળું મારી પરિવારને ઘરમાં પુરી દીધા હોવાની ઘટના સામે આવી હતી. ઘટનાની તંત્રને જાણ થતા તાત્કાલિક અસરથી મોડાસા શહેર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અને ભાડુઆતને મુક્ત કરાવ્યા હતા. સાથે જ સમગ્ર ઘટના અંગે પોલીસ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ભાડુઆતે ભાડાની રકમમાંથી માત્ર એક હજાર રૂપિયા જ ઓછા આપ્યાં હતા, તેમ છતાં મકાન માલિકે અમાનવીય હરકત કરતા ભાડુઆતને ઘરમાં બંધ કરી દીધા હતા. ઈદના તહેવારમાં પરિવારે અનેક આજીજી કરી છતા મકાન માલિકનો પૌત્ર તાળું મારી ગયો હતો. અહિં જાણ કરવાની કે મકાન માલિક મોડાસા નગરપાલિકાનો પૂર્વ સભાપતિ છે.

અમદાવાદ ભાજપ નેતા જયેશ પટેલ કોરોનાથી સંક્રમિત થતા સારવાર માટે ખસેડાયા

અમદાવાદ

આજે અમદાવાદમાં ભાજપના પૂર્વ કાઉન્સિલર, અમરાઈવાડીના પૂર્વ કાઉન્સિલર અને વોર્ડ પ્રમુખ જયેશ પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૬ દિવસ પહેલાં જયેશ પટેલે ટેસ્ટ કરાવ્યો હતો. આજે તેમનો રિપોર્ટ પોઝિટિવ નીકળ્યો છે. અમદાવાદમાં કોરોના વાઈરસના વધુ પડતા કેસમાં પોલીસ કર્મચારીઓ ભોગ બની રહ્યાં છે.

આ મામલે ડીસીપી, કંટ્રોલ દ્વારા પોલીસ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જેમાં કહેવાયું છે કે, પોલીસ અધિકારી/કર્મચારીઓના પાલડી ખાતે કોરોના રિપોર્ટ થશે. સંક્રમિત કેસો અંગેની જાણ પોલીસ કર્મચારીએ અધિકારી અને કંટ્રોલ રૂમને કરવી પડશે. સારવાર માટે હોસ્પિટલ કે હોમ ક્વોરેન્ટાઈન થવા નિર્દેશ-સારવાર અંગેના સંકલન માટે પોલીસ અધિકારીએ કંટ્રોલ રૂમને જાણ કરવી પડશે.

અમદાવાદમા રેડઝોન-કન્ટેન્મેન્ટ એરિયા કરતાં પણ પશ્ચિમ અને નવા પશ્ચિમના વિસ્તારોમાં વધી રહેલા દર્દીઓની સંખ્યા ચિંતાજનક છે. આ વિસ્તારો ઓરેન્જ ઝોનમાંથી રેડઝોન તરફ બહુ જ ઝડપથી સરી રહ્યા છે. શનિવારે નોંધાયેલા ૨૭૨ દર્દીઓમાંથી ૧૦૯ દર્દીઓ પશ્ચિમ પટ્ટાના છે. જેમાં સૌથી વધુ બોડકદેવ-વસ્ત્રાપુરમાં ૧૯, પાલડી-વાસણામાં ૨૪, નવરંગપુરામાં ૧૪ અને સેટેલાઈટમાં ૭ દર્દીઓ નોંધાયા છે.

કોરોના સંકટઃ ઘરમાંથી પરિજનોએ બહાર ન નીકળવાનું કહેતા બે લોકોએ કર્યો આપઘાત

વડોદરા

કોરોનાનું કદાચ સંક્રમણ લાગી જાય તેવી ભીતિના કારણે ઘરની બહાર નીકળવાની પરિવારજનોએ ના પાડતા એસ.આર.પી. ના એક નિવૃત્ત કર્મચારી તેમજ બીજા એક આવા જ કિસ્સામાં ૩૨ વર્ષની પરિણીતાને લાગી આવતા બંન્નેએ ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધા હતાં. આમ કોરોના થવાને કારણે નહી પરંતુ, કોરોનાના હાઉથી જ બે વ્યક્તિઓને જિંદગી ગુમાવવાનો વારો આવ્યો છે. આ અંગેની વિગત છે કે, દંતેશ્વરની રાજરત્ન સોસાયટીમાં પુત્ર ભરત સાથે રહેતા ઉખાભાઈ કૃષ્ણભાઈ આહિરે (ઉ.વ.૬૫) એસ.આર.પી.ના નોકરી કરતા હતાં અને હાલમાં નિવૃત્ત જીવન ગુજારે છે. તેમને ડાયાબિટીશની પણ બીમારી હતી.

છતાં લોક ડાઉનમાં તેઓ અવાર-નવાર ઘરની બહાર નીકળી જતા હતાં. બહાર નીકળવાથી તેમને કોરોનાનો ચેપ લાગવાની શક્યતા હોવાથી પરિવારજનોએ તેમને ઘરની બહાર જવાની ચોખ્ખી ના પાડી હતી જેથી, મનમાં લાગી આવતાં ઉખાભાઈએ ગઈકાલે ઘરના ઉપરના માળે જઈ પંખા ના દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો. સાંજે પુત્ર ભરત પિતાને ચ્હા પીવા બોલાવવા માટે ઉપરના માળે ગયો હતો પરંતુ, પિતાજી દરવાજો ખોલતા નહીં ખોલતા પુત્રએ દરવાજો તોડી નાંખ્યો હતો. અંદર જોયું તો તેના પિતા પંખા પર લટકતા હતાં.

ઉખાભાઈએ સારવાર મળે તે પૂર્વે જ તેમનું મોત નીપજયું હતું. મકરપુરા પોલીસ મથકના એએસઆઈ કિશનભાઈએ બનાવ અંગે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આ પ્રકારના અન્ય એક બનાવમાં મકરપુરા એસ.ટી. ડેપો પાછળ શિવશક્તિ નગર સોસાયટીમાં રહેતા રાકેશ લક્ષ્મણભાઈ વાઘ જીઆઈડીસીની કંપનીમાં નોકરી કરે છે આજે સવારે તેઓ નોકરીએ ગયા હતાં અને ઘરે તેમની પત્ની બે સંતાનો અને માતા-પિતા હતાં.

GTUની પરીક્ષા ન આપનાર વિદ્યાર્થીઓને શિક્ષણમંત્રી દ્વારા ફી માંથી રાહત અપાઈ છે

GTUની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની જ લેવાશે ફીઃ નિર્ણયને GTUએ આવકાર્યો

અમદાવાદ

GTUની પરીક્ષાને લઈને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત પ્રમાણે જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહેશે તેમની ફી લેવાશે, અને જે વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે તેમની ફી નહીં લેવાય. આજે શિક્ષણમંત્રીના નિર્ણયને GTUએ આવકાર્યો હતો. GTUએ વિદ્યાર્થીઓના હિતમાં આજે આ નિર્ણય લેવાયો હતો.

શિક્ષણમંત્રીના નિર્ણય પ્રમાણે આગામી સમયમાં યોજનાર પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ પરીક્ષમાં હાજર રહેશે તેમની જ ફી લેવાનો નિર્ણય કર્યો છે અને જે વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે તેમની પાસેથી ફી નહીં લેવાય. ગઈકાલના (રવિવારે) શિક્ષણમંત્રીના નિર્ણયને આવકારી GTUએ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લીધો છે.

રાજ્યની સૌથી મોટી અને સરકારી ટેકનોલોજીકલ યુનિવર્સિટી એવી જીટીયુ દ્વારા કોમ્પ્યુટર આધારિત પરીક્ષા લઈ શકવા માટે વિદ્યાર્થીઓની સ્ઝઊ બેઝ મોક ટેસ્ટ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેને પગલે આજે આ મોક ટેસ્ટ યોજાઈ હતી. જો કે આ મોક ટેસ્ટ દરમિયાન વિદ્યાર્થીઓએ અનેક ટેકનિકલ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ મોક ટેસ્ટ માટે વિદ્યાર્થીઓનો બપોરના ૧૨થી ૧૨:૩૦નો સમય નક્કી કર્યો હતો. ત્યાર બાદ ૧ વાગ્યે સાઈટ પર એરર આવવા લાગી હતી અને ઓપ્શન પણ બતાવતા નહોતા. આ ટેકનિકલ ક્ષતિઓને કારણે સમય બદલીને ૧:૩૦ વાગ્યાનો કર્યો હતો. જોકે આમ છતાં ટેકનિકલ પ્રોબ્લેમ આવતા વિદ્યાર્થીઓને ૨ વાગ્યાથી ૨:૩૦ વાગ્યાનો સમય આપવામાં આવ્યો હતો. આ સમયે મોક ટેસ્ટ કોઈપણ પ્રકારના વિઘ્ન વિના પૂર્ણ થઈ ગઈ હતી.

રાજકોટમાં કડક લોકડાઉન છતાં ૯૦ બોટલ વિદેશી દારૂ ઝડપાયો, બુટલેગરો ફરાર

રાજકોટ

કોરોનાની મહામારીમાં વચ્ચે પણ રાજકોટના ભક્તિનગર પોલીસ મથક વિસ્તાર હેઠળ આવતા બે અલગ અલગ વિસ્તારમાંથી પોલીસ દ્વારા વિદેશી દારૂની કુલ ૯૦ જેટલી બોટલો કબ્જે કરી છે. લોકડાઉન દરમિયાન પણ આ દારૂ ક્યાંથી આવ્યો તે એક મોટો સવાલ છે. જેની તપાસ પોલીસ કરી રહી છે. કોરોના વાઈરસની મહામારી વચ્ચે ગુજરાત સરકાર દ્વારા કેટલાક શહેર અને જિલ્લામાં હળવી છૂટછાટ આપી છે.

આ છૂટછાટનો લાભ જાણે ગુન્હેગારો લેતા હોય તેવી ઘટના એક બાદ એક સામે આવી રહી છે.રાજકોટના ભક્તિનગર પોલીસ મથક વિસ્તાર હેઠળ આવતા બે અલગ અલગ વિસ્તારમાંથી પોલીસ દ્વારા વિદેશી દારૂની કુલ ૯૦ જેટલી બોટલો કબ્જે કરી છે. જો કે, આ બન્ને જગ્યાએથી બુટલેગરો ભાગવામાં સફળ રહ્યા છે.પ્રશાંત ઉર્ફ પસીયો કિશોરભાઈ પરમાર અને મોહિત દિનેશભાઈ વાઘેલા નામના બે બુટલેગરો હાલ પોલીસ પકડથી દુર છે. ભક્તિનગર પોલીસ દ્વારા બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો જે દરમિયાન આ વિદેશી દારૂ ઝડપાયો છે. હાલ સમગ્ર દેશમાં લોકડાઉન છે. છતાં પણ રાજકોટમાં વિદેશી દારૂ ક્યાંથી આવ્યો એવો સવાલ હાલ શહેરભરમાં ચર્ચા મચાવી રહ્યો છે.

મજૂરોની અછતના કારણે જામનગરના સરમતમાં ૩૦૦ વિઘા દાડમનો પાક નિષ્ફળ જવાની આશંકા

જામનગર

દેશમાં ૫૫ દિવસના લોકડાઉન બાદ થોડીક છૂટછાટો મળતા મોટાભાગના પરપ્રાંતિય મજૂરો પોતાના વતન તરફ જતા રહ્યા છે, જેના કારણે ખેતીમાં કામ કરતા મજુરોની અછત જોવા મળી રહી છે. જિલ્લાના સરમત ગામમાં ૩૦૦ વીઘાનું દાડમનું વાવેતર કરવામાં આવ્યું છે. ત્યારે આ દાડમના પાક તૈયાર થઈ ગયો હોવા છતાં પણ મજૂરો ન હોવાના કારણે પાક નિષ્ફળ જવાની ભીતિ જોવા મળી રહી છે.

સરમતમાં પરપ્રાંતીય શ્રમિકોના વતનમાં જવાથી ૩૦૦ વિઘાના દાડમનો પાક નિષ્ફળ જવાની ભીતિસરમત ગામમાં મોટાભાગના ખેડૂતોએ દાડમનું વાવેતર કર્યું છે. ત્યારે પરપ્રાંતિય મજૂરો કોરોના સંક્રમણની ભીતિના કારણે પોતાના વતન તરફ ચાલ્યા જતા સરમત ગામના ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. સરમત ગામમાં ડોસા ભાઈની વાડીએ છ વર્ષથી દાડમનું વાવેતર કરવામાં આવ્યું છે,

જોકે હાલ દાડમનો પાક તૈયાર થઈ ગયો છે પરંતુ મજૂરો ન હોવાના કારણે આ પાક નિષ્ફળ જાય તેવી શક્યતા જોવા મળી રહી છે. તેમજ શહેરમાં ફ્રુટ માટે હરરાજીની યોગ્ય વ્યવસ્થા પણ ન હોવાનું ખેડૂતે જણાવ્યું છે. માર્કેટયાર્ડમાં ફ્રુટ હરરાજી થતી ન હોવાના કારણે ફ્રૂટના વેપારીઓ મનમાની ચલાવી રહ્યા છે.

ઉધના વોર્ડમાં હું પણ કોરોના વોરિયર અભિયાન યોજાયું

સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે જાહેર જનતાને અપીલ

સુરત

આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા કોરોના વાયરસની પરિસ્થિતિમાં લોકડાઉનમાં થોડી છુટછાટો આપવામાં આવી છે આ છુટછાટોનાં સમય દરમિયાન લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે, માસ્ક પહેરે અને સાથે વડીલો ઘરમાં જ રહે એ માટે માનનીય મુખ્યમંત્રી જિયભાઈ રૂપાણીજીએ શરૂ કરેલ હું પણ કોરોના વોરિયર અભિયાન અંતગર્ત આજે સુરત મહાનગર પાલિકા , ઉધના પોલીસ સ્ટેશન અને જન પ્રતિનિધિઓનાં સંયુક્ત ઉપ્કરમે ઉધના વિધાનસભામાં આવેલ વોર્ડ નં. ૨૩ ઉધના ઉદ્યોગનગરમાં આવેલ લોકોને સુરક્ષા રાખવા માટે અપીલ કરી.

સૌને સોશિયલ ડિસ્ટન્સ જાળવી, માસ્ક પહેરવા માટે કહ્યું. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી વિનોદ ચોક જનસંપર્ક કાર્યાલય શ્રીરામકુટીરથી ૬૦ ફૂટ રોડ થઈ વિજયાનગર, જલારામનગર થી વેલકમ પાન સેન્ટર સુધી પગપાળા ચાલી લોકોને સમજ આપવામાં આવી.

આ પ્રસંગે ઉધના ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, સુરત ભાજપ ઉપપ્રમુખ શ્રી છોટુભાઈ પાટીલ,ઉધના પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી એમ. વી. પટેલજી, ચેમ્બર ઓફ કોમર્સના માજી પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, સુરત મનપાના જાહેર બાંધકામ સમિતિ ચેરમેન શ્રી સોમનાથભાઈ મરાઠે, કોર્પોરેટર શ્રી સુરેશભાઈ કણસાગરા, કોર્પોરેટર શ્રીમતી રોહિણીબેન પાટીલ, કોર્પોરેટર શ્રીમતી મગનાદેવી શુકલા, કામદાર અગ્રણી શ્રી રાધેશ્યામભાઈ શુક્લા વોર્ડ પ્રમુખ દીપકભાઈ પટેલ સુરત શહેર મહિલા મોરચા મહામંત્રી શ્રીમતી માયાબેન બારડ, ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન શાહ, સુરત મનપાના ઉધના ઝોનના આરોગ્ય અધિકારી ડો. અર્પિત દુધવાલા, વોર્ડના મહામંત્રીઓ અને સક્રિય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

૬૦ દિવસ બાદ સુરત એરપોર્ટ પર દિલ્હી-સુરત ફ્લાઈટે લેન્ડિંગ કર્યું

સુરત

૬૦ દિવસ બાદ દેશમાં આજથી ઘરેલુ હવાઈ સેવાનો આરંભ કરવામાં આવ્યો છે અને આજે ૬૦ દિવસ બાદ સુરત એરપોર્ટ પર ઈન્ડિગોની સુરત-દિલ્હી ફ્લાઈટ સમયસર બપોરે ૧૩.૧૫ મિનિટે આવી પહોંચી હતી. ઉપરાંત આજે બપોરે ૧૪.૫૦ કલાકે સુરત-હૈદ્રાબાદની સ્પાઈસ જેટની ફ્લાઈટ પણ આવશે. જયારે આજે નિર્ધારીત થયેલી ત્રણ ફ્લાઈટો રદ કરાય છે.

લોકડાઉનના ૬૦ દિવસ બાદ આજથી ઘરેલુ હવાઈ સેવા શરૂ થતા જ લોકોને મોટી રાહત થઈ છે. સુરતમાં આજે બપોરે ૧૩.૧૫ મિનિટે સુરત-દિલ્હીની ઈન્ડિગો વિમાને લેન્ડિંગ કર્યું હતું અને ૧૩.૫૫ મિનિટે સુરતથી મુસાફરો સાથે ઉડાન ભરી હતી. કોરોના વાયરસના સંક્રમણની સાવધાની માટે સોશિયલ ડિસ્ટન્સ, સેનિટાઈઝેશન સહિતના કડક નિયમોને આધિન આજથી હવાઈ સેવા શરૂ કરાય છે અને સુરત સાથે સંકળાયેલી પાંચ પૈકીની આજે બે જ હવાઈ સેવા ઓપરેટ થશે અને ત્રણ ઉડાનો રદ કરવામાં આવી છે અને આવતીકાલે મંગળવારે નિર્ધારીત શિડ્યુલ મુજબ સુરત એરપોર્ટ પર વિમાનોનું આવાગમન સંભવ બને તેવી શક્યતા છે.

રોગ પ્રતિકારક શક્તિ વર્ધક દવાનું સેવન કરવું તબીયત માટે હિતાવહ

દવા કોરોના સંક્રમણ સામે રક્ષણ પુરૂ પાડે છે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા કોરોના વાયરસની ઘાતક મહામારીમાં તમામ શહેરીજનોને કોરોના વાયરસના સંક્રમણથી બચાવવા તથા અન્ય બિમારીઓ સામે પણ રક્ષણ મળી રહે તે માટે મ્યુનિટી બુસ્ટીગ અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતી આયુર્વેદિક અને હોમિયોપેથી દવાઓનું મહદઅંશે શહેરમાં વિતરણ કરવામાં આવ્યું છે. જો દવાની જરૂરિયાત ઊભી થાય તો આ દવાઓ તેમને શહેરના કેમિસ્ટ, ડ્રગીસ્ટ, આયુર્વેદિક દવાની તમામ દુકાનો, હોમિયોપેથીના પ્રેકટીશનર્સ અને દવાની તમામ દુકાનો તેમજ અન્ય તમામ મેડિકલ સ્ટોર્સધારકો દ્વારા એમ.આર.પી. મુજબ મળી રહેશે. કોરોના વાયરસના સંક્રમણ દરમિયાન લોકોએ હોમિયોપેથી દવા લીધી તેવા લોકોમાં ખૂબજ ઓછા પ્રમાણમાં પોઝિટીવ કેસો જોવા મળ્યા છે. જેથી સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં છે કે આ ઈમ્યુનિટી બુસ્ટીગ અને રોગપ્રતિકારક શક્તિતમાં વધારો કરતી આયુર્વેદિક અને હોમિયોપેથી દવાઓનું અચૂકપણે સેવન કરવું જેથી કોરોના વાયરસના સંક્રમણથી બચી શકાય એમ સુરત મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

એક સલુન ઐસા ભી.. ગ્રાહકોની સલામતી માટે સલૂનમાં પીપીઈ કીટનો ઉપયોગ

ગ્રાહકોની સુરક્ષા માટે આગવી પહેલ કરનાર સલૂનના કર્મચારીઓ પીપીઈ કીટ પહેરીને હેર કટિંગ અને શેવિંગ કરી રહ્યા છે

સૂરત

લોકડાઉનમાં શરતો અને નિયમોને આધિન અપાયેલી છૂટછાટોને પરિણામે ઊદ્યોગો, વેપાર અને આર્થિક પ્રવૃત્તિ વેગવાન બની છે. રાજ્યમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય તે માટેના રાજ્ય સરકારના પ્રયાસોને સફળતા મળી રહી છે. કામકાજના સ્થળે સોશિયલ ડિસ્ટન્સીગ, ફરજિયાત માસ્ક, થર્મલ ગન સહિત સ્ક્રિનિંગ અને સ્ટેગર્ડ વર્કર્સ મૂવમેન્ટ સહિતના નિયમોના પાલન સાથે રાજ્યમાં વેપાર, ઊદ્યોગોએ 'કોરોના સાથે, કોરોના સામે' જીવવાની નવી દિશા પકડી છે, ત્યારે સુરતના એક હેર સલુન સંચાલકે પીપીઈ કીટ પહેરીને કોરોના સંક્રમણ ન ફેલાય તેની કાળજી લઈને કામનો પ્રારંભ કર્યો છે. તેમણે પીપીઈને પોતાના વ્યવસાયનો ભાગ બનાવ્યો છે. ગ્રાહકોની સુરક્ષા માટે આગવી પહેલ કરનારા સલૂનના કર્મચારીઓ પીપીઈ કીટ પહેરીને હેર કટિંગ અને શેવિંગ કરી રહ્યા છે. તેઓ સલૂનમાં મોટા ભાગની ડિસ્પોઝેબલ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. સલૂનમાં પ્રવેશતાં દરેક ગ્રાહકનું થર્મલ ગનથી સ્કીનીંગ કરી ટેમ્પરેચર માપવામાં આવે છે. લોકડાઉન બાદ કોરોનાનો મુકાબલો કરવાં 'સાવચેતી એ જ સલામતી'ના ન્યાયે વ્યવસાયની પુનઃ શરૂઆત કરવાની સાથોસાથ તેમણે કોરોના સામે સુરક્ષાના તમામ ધારાધોરણો અપનાવીને અન્ય વ્યવસાયિકોને પ્રેરણા આપી છે.

સુરતના ઘોડદોડ વિસ્તારમાં 'નિતીન્સ કટ્સ એન્ડ કલર્સ' નામથી હેર સલૂન ચલાવતા શ્રી નિતીન લિંબાચીયાએ પીપીઈ કીટના ઉપયોગ થકી કોરોના સામે લડવા અનોખી વ્યાવસાયિક પદ્ધતિ અપનાવી છે. કોરોના સામે લડતા અને હજારો કોરોના પોઝિટીવ દર્દીઓની સારવાર કરી રહેલા કોરોના વોરિયર્સ એવા ડોક્ટર્સ, નર્સીસ, મેડિકલ સ્ટાફને આપણે પીપીઈ કીટમાં જોઈએ છીએ. પરંતુ હેર પાર્લરમાં હેર કટિંગ અને શેવિંગ કરાવવા આવતાં ગ્રાહકોની સુરક્ષા માટે પણ પીપીઈ કીટનો ઉપયોગ થઈ શકે છે એનું ઉત્તમ ઉદાહરણ શ્રી નિતીનભાઈએ પૂરૂ પાડ્યું છે. હાલ કોરોના મહામારીના સમયમાં માસ્ક, હેન્ડ સેનેટાઈઝર, સોશિયલ ડિસ્ટન્સીંગ, થર્મલ ગન સ્ક્રિનિંગ, ડિસઈન્ફેકશન જેવા લોકજીભે ચડેલા શબ્દોનો સમન્વય તેમના હેર સલૂનમાં એક સાથે થતો જોવા મળે છે.

અહીં આવતાં પહેલા ગ્રાહકે ફોન દ્વારા અપોઈન્ટમેન્ટ લેવાની રહે છે. સલૂનમાં બિનજરૂરી ભીડ એકઠી ન થાય એ માટે ફોન કરનાર ગ્રાહકને નિયત સમય આપવામાં આવે છે. સલૂનની બહાર વેઈટીંગ એરિયામાં ગ્રાહક પ્રવેશે ત્યારે પીપીઈ કીટ પહેરીને એક કર્મચારી દરેક વ્યક્તિને ડિસઈન્ફેકશન સ્પ્રેયર પંપથી સેનેટાઈઝ કરે છે. ત્યારબાદ હાથના સ્પર્શ વિના પગેથી ઓપરેટ થઈ શકે તેવા ઓટોમેટિક સ્ટેન્ડથી હેન્ડ સેનેટાઈઝરથી હાથ સાફ કરાવવામાં આવે છે. સલૂનમાં પ્રવેશ કરતાં ગ્રાહકો તેમના બૂટ ચપ્પલને પગથિયા પર રહેલી સેનેટાઈઝશન ટ્રે માં રાખે છે, જેથી ફૂટવેર ડિસઈન્ફેક્ટ થાય. સલૂનમાં પ્રવેશતાં દરેક ગ્રાહકનું થર્મલ ગનથી સ્કીનીંગ કરી તાપમાન માપવામાં આવે છે. સલૂનમાં રાખવામાં આવેલા રજિસ્ટરમાં દરેક ગ્રાહકની નામ, સરનામાં, મોબાઈલ નંબર જેવી પ્રાથમિક વિગતો નોંધવામાં આવે છે. સલૂનની દરેક ચેરને દર ૩૦ મિનિટે સેનેટાઈઝ કરવામાં આવે છે.

સલૂનના યુવા માલિક શ્રી નિતીનભાઈએ જણાવ્યું હતું કે, કોરોનાની પહેલા અને કોરોના પછીનો સમય અલગ છે. આજે વિશ્વમાં આરોગ્ય અને સેફ્ટીને મહત્વ આપવામાં આવી રહ્યું છે. હવે દેશમાં કોઈ પણ પ્રવૃત્તિ 'બાય ચોઈસ નહી, પણ બાય સેફ્ટી'ને ધ્યાનમાં રાખી કરવામાં આવશે, જે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર જનતાના આરોગ્ય સલામતીને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતાં નિર્ણયોને જોતાં કહી શકાય. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ 'જાન હૈ તો જહાન હૈ' ને મહત્વ આપ્યું છે. હવે વ્યક્તિની પસંદગી ગૌણ બનશે અને સલામતીને પ્રાધાન્ય મળશે. એટલે જ જ્યારે રાજ્ય સરકારે રોજગાર વ્યવસાય ખોલવાની છૂટ આપી છે, ત્યારે મેં મારા વ્યવસાયના સ્થળે મારા ગ્રાહકો અને મારે ત્યાં કામ કરતા કર્મચારીઓની આરોગ્ય સલામતી ન જોખમાય તેવું આયોજન કર્યું છે.

લોકડાઉન બાદ રાહતો અને છૂટ બાદ ફરી વ્યવસાય શરૂ કરતા પહેલા કોરોના સંક્રમણથી બચવાની પૂર્વતૈયારી કરી હતી એમ જણાવતાં તેમણે ઉમેર્યું કે, હેર પાર્લરના વ્યવસાયને શરૂ કરતા પહેલાં મેં મેડિકલ નિષ્ણાંતોની સલાહ લીધી હતી. સલૂનમાં કયા પ્રકારના હેન્ડ સેનેટાઈઝર, પીપીઈ કીટ અને ડિસ્પોઝેબલ વસ્તુઓ રાખવી જોઈએ એની ઝીણાંમાં ઝીણી કાળજી લીધી છે. પીપીઈ કીટ ગ્રાહકો અને એમ્પ્લોયીની સુરક્ષા માટે પણ ઉપયોગી બન્યા છે. સરકારના નિયમ મુજબ સવારે ૮.૦૦ થી સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી અપોઈન્ટમેન્ટ લઈને સેવા આપવામાં આવે છે. હું અને મારા ત્રણ વર્કરો એમ ૩૩ ટકા કર્મચારીઓની સેવા લઉં છું, સોશિયલ ડિસ્ટન્સીગ જળવાઈ રહે તે માટે બે ચેરની વચ્ચે એક ચેર ખાલી રાખીએ છીએ. અમારી આ વ્યવસ્થાના કારણે ગ્રાહકો પણ ખુશ છે. હાલના કોરોનાના સંકટ વચ્ચે કામકાજના સ્થળે ગ્રાહકો અને કર્મચારીઓની આરોગ્યની કાળજી લેવાના કારણે વિશ્વાસભર્યા વાતાવરણનું નિર્માણ થાય છે.

સાચે જ, કોરોના વાઈરસની સાથે જીવતાં શીખવાની ચર્ચાઓ થઈ રહી છે, તેને નિતીનભાઈ જેવા યુવાનોએ અમલમાં મૂકવાની શરૂઆત પણ કરી દીધી છે. કામના સ્થળે સેફટી મેઝર્સને ધ્યાનમાં રાખવામાં આવે તો કર્મચારીઓની આરોગ્યની જાળવણી પણ થશે, અને વ્યવસાયો તેમજ જનજીવન ફરી એક વાર ધબકતા થઈ જશે.

નવસારી જિલ્લામાં કુલ ૨૫૫૧ સેમ્પલો પૈકીના ૨૪૮૨ નેગેટિવ

૧૩ લાખ જેટલા ઘરોમાં સર્વે હાથ ધરાયો

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૩/૦૫/૨૦૨૦ના રોજ ૪૯ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૦, જલાલપોર-૦૯, ગણદેવી-૦૮, ચીખલી-૦૮, ખેરગામ-૦૫ વાંસદા-૦૮ અને અન્ય જિલ્લામાંથી ૦૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૨૫૫૧ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૪૮૨ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૪ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૨,૯૩,૯૬૮ વસ્તીને આવરી લેવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ ૧૨ કેસ નોંધાયા છે જે પૈકી આઠ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. ચાર દર્દીઓ સારવાર હેઠળ છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

નવસારી જિલ્લામાં નવો કોઈ કેસ નોંધાયો નથી

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૪/૦૫/૨૦૨૦ના રોજ ૫૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૦૮, જલાલપોર-૦૯, ગણદેવી- ૧૦, ચીખલી-૦૮, ખેરગામ-૦૫ વાંસદા-૦૮ અને અન્ય જિલ્લામાંથી ૦૨ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૨૬૦૧ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૫૦૫ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૦ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૩,૦૪,૪૦૫ વસ્તીને આવરી લેવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ ૧૫ કેસ નોંધાયા છે જે પૈકી આઠ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. સાત દર્દીઓ સારવાર હેઠળ છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

રૂપાણી સરકાર પર અમિત ચાવડાનો આરોપ

કોરોના વાયરસના આંકડા છુપાવવા માટે ટેસ્ટિંગ ઘટાડવામાં આવ્યાં

ગાંધીનગર

રાજયભરમાં જીવલેણ કોરોના વાયરસની મહામારી યથાવત છે, ત્યારે આ કોરોનાની મહામારી વચ્ચે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ફરી એક વખત રૂપાણી સરકાર પર નિશાન સાધ્યું છે. અમિત ચાવડાએ કોરોનાના ટેસ્ટને લઈને સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે અને આક્ષેપ કર્યા કે આંકડા છુપાવવા માટે ટેસ્ટિંગ ઘટાડવામાં આવ્યાં છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ફરી એક વખત રૂપાણી સરકાર પર નિશાન સાધ્યું અમિત ચાવડાએ કહ્યું કે અમે સરકારને પત્રો લખી રજૂઆત પણ કરી પરંતુ તેઓ ન જાગ્યા. અમિત ચાવડાએ માસ્ક પર પણ સવાલ ઉઠાવ્યા અને ચાર માસ થયા છતાં માસ્ક કેમ ન મંગાવ્યા તેવા સવાલ કર્યા છે. આ ઉપરાંત હાલ માસ્કના સામે વેપાર કરવાનો સમય નથી તેવી પણ ટકોર કરી હતી. અમિત ચાવડાએ રૂપાણી સરકાર પર સીધો આક્ષેપ કરી એસી બંગલામાં બેસીને વહિવટ કરવાનું બંધ કરે તેમ પણ જણાવ્યું હતું. આ ઉપરાંત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ મોદી સરકારને પણ આડે હાથ લેતા ટ્રમ્પની મુલાકાતને લઈને પણ સવાલ કર્યા. અને કોરોનાની આશંકા વચ્ચે પણ સરકાર અમેરિકાના પ્રેસિડન્ટના સ્વાગત માટે તડામાર તૈયારીઓ કરી રહી હોવાનું જણાવ્યું. શરૂઆતના સમયમાં સરકાર સતર્ક ન રહી જેનું પરિણામ અમદાવાદના લોકો ભોગવી રહ્યાં છે તેવા પણ આક્ષેપ તેઓએ કર્યા.

"હું પણ કોરોના વોરીયર્સ" અભિયાન અંતર્ગત વિવેકાનંદ કેન્દ્ર દ્વારા "massive public connect" કાર્યક્રમ યોજાયો

નવસારી

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૨૧ થી તા.૨૭ મે સુધી રાજ્ય વ્યાપી "હુ પણ કોરોના વોરીયર્સ" અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેનો હેતુ ઘરના વડીલો, બાળકો અને બિમાર વ્યક્તિઓ ઘરની અંદર જ રહે તે બાબતે સમજણ આપવી, ઘરની બહાર નિકળતી વખતે માસ્કનો ઉપયોગ તેમજ લોકો દ્વારા સોશિયલ ડિસ્ટન્સીગનુ અચુક પાલન થાય તેવી લોકજાગૃતિ અંગેની બાબતો આ કેમ્પેઈન દરમિયાન આવરી લેવામા આવી છે. હું પણ કોરોના વોરીયર્સ કેમ્પેઈન અંતર્ગત નવસારી જિલ્લામાં સંપૂર્ણ કાળજી રાખવાના દ્રઢ સંકલ્પ સાથે, સ્વામી વિવેકાનંદ કેન્દ્ર દ્વારા "massive public connect "કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અભિયાનમાં નવસારી જિલ્લાના નાગરિકો સહભાગી બન્યાં હતા અને સૌને પણ અનુરોધ કરવામાં આવ્યો હતો કે, ગુજરાતને જાગૃત કરવાના આ અભિયાનમાં જોડાઓ.અને આપ પણ બનો કોરોના વોરિયર બની કોરોના સામેની લડાઈમાં સહભાગી બનો. આ અભિયાન અંતર્ગત તા.૨૨ મી તારીખે સેલ્ફી વીથ દાદા-દાદી, તા.૨૪ ના રોજ સેલ્ફી વીથ માસ્ક, ૨૬ મી તારીખે તમામ લોકો આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરે અને ઉપરોક્ત તમામ પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ પોતાના ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ વગેરે એકાઉન્ટસના માધ્યમથી શેર કરી 'હું પણ કોરોના વોરીયર્સ' કેમ્પેઈનનો હિસ્સો બની આપણે કોરોના સાથે લડવાનું છે અને સાથે સાથે આગળ પણ વધવાનું છે ત્યારે આ કેમ્પેઈનનો હેતુ સિધ્ધ થશે.

સુરત જિલ્લામાં પલસાણામાં કોરોનાના કુલ ૧૮ કેસ નોંધાયા

વરેલી ગામના યુવકનો રિપોર્ટ પોઝિટિવ

સુરત

સુરત જિલ્લા સહિત પલસાણા તાલુકામાં પણ કોરોનાએ પોતાનો કાળો કેર વર્તાવ્યો છે. બે દિવસ પહેલાં જ પલસાણા તાલુકાના વરેલી ગામમાં કોરોનાના ૧૭ કેસો નોંધાય ચૂક્યા છે. ત્યારબાદ ફરી ગઈકાલે વરેલી ગામમાં રહેતાં ૩૩ વર્ષીય યુવાનનો કોરોનાનો પોઝિટિવ કેસ જોવા મળ્યો હતો. કોરોનાનો કેસ ૧૮ને પાર થતા સ્થાનિકોમાં ગભરાટ વ્યાપી જવા પામ્યો છે. મળતી માહિતી અનુસાર વરેલીમાં આવેલ વ્રજધામ સોસાયટીમાં રૂમ નં.૧માં શૈલેષ પરમાસુ જાદવ ઉ.વ.૩૩ પરિવારના સભ્યો સાથે રહે છે. ગતરોજ અચાનક શરદી, ઉધરસ અને તાવ આવતો હોવાથી તેઓ કડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર આવ્યા હતા. ત્યારે ડોક્ટરની તપાસમાં કોરોનાના લક્ષણો જણાતા તેમનો સેમ્પલ લઈ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ રવિવારના રોજ શૈલેષ યાદવનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. આથી તેમને તાત્કાલિક બારડોલી ઈંચ તરસાડીયા યુનિવર્સિટી ખાતે કોવિડ ૧૯ હોસ્પિટલમાં ખસેડાયા છે. વરેલી ગામમાં કોરોનાના કેસો વધતા જાય છે. ત્યારે કડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા યોગ્ય વિસ્તારમાં સર્વેની સાથે કોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

કોરોનાનો કહેર વધતા નેતાઓ ડરથી ઘરમાં પુરાયા

રાજકોટ સિવિલમાં કોંગ્રેસે મુલાકાત લઈ કોરોના વોરિયર સિવિલ સર્જનનું સન્માન કર્યું

રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. રાજકોટ શહેર કોંગ્રેસના નેતાઓ દ્વારા સિવિલ સર્જન ડો.મનિષ મહેતા પાસે કેટલીક માહિતીઓની માગણી કરી હતી. કોરોના વાઈરસને લઈ અત્યાર સુધીમાં કેટલા ટેસ્ટ કરાવવામાં આવ્યા છે. કેટલા લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. કેટલી ઈ કીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તો સાથોસાથ હાલ સિવિલ હોસ્પિટલમાં ક્લાસમાં ઓફિસરની ઘટ અંગે તેમજ નર્સિંગ સ્ટાફની ઘટના અંગે પણ માહિતી માગી હતી. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન મનીષ મહેતા દ્વારા કોંગ્રેસના આગેવાનોને સંતોષકારક માહિતી આપવામાં આવી હતી. આથી કોંગ્રેસના નેતાઓએ સાચા કોરોના વારિયર તરીકે સન્માન કરવા ફૂલનો હાર પહેરાવ્યો હતો.

હાલ સિવિલ હોસ્પિટલમાં ક્લાસ ૧ ઓફિસરની કુલ ૨૪૮ પોસ્ટ છે જે પૈકી ૯૮ પોસ્ટ ખાલી પડી છે. તો નર્સિંગ સ્ટાફમાં ૪૮૮ પૈકી પર જગ્યાઓ ખાલી પડી છે. ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર દ્વારા સિવિલ સર્જનને અત્યાર સુધીમાં કેટલા મંત્રીઓએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી છે તે અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેના જવાબમાં સિવિલ સર્જન મનીશ મહેતાએ જણાવ્યું હતું કે

અત્યાર સુધીમાં એક પણ નેતાઓએ સિવિલ હોસ્પિટલની મુલાકાત ૧૮ માર્ચથી અત્યાર સુધીમાં લીધી નથી. ત્યારે મીડિયા સાથેની વાતચીતમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે જણાવ્યું હતું કે, જે પણ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને મંત્રીઓ અને હું પણ કોરોના વોરિયરના પોસ્ટર લગાવું છું તે તમામે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લેવી જોઈએ. ત્યારે શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા સિવિલ સર્જન તેમજ તેમની ટીમને પુષ્પમાળા પહેરાવવી તેમને કોરોના વોરિયર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

સુરતમાં બે પોલીસ જવાન દ્વારા એક સિક્યુરિટી ગાર્ડને બેરહેમીપૂર્વક દંડા ફટકારતો વિડીયો વાયરલ



સુરત

શહેરના અલથાણ વિસ્તારનો સીસીટીવી વીડિયો વાઈરલ થયો છે. જેમાં બે પોલીસ જવાન દ્વારા એક સિક્યુરિટી ગાર્ડને બેરહેમીપૂર્વક દંડા ફટકારવામાં આવી રહ્યા છે. હાલ તો આ વીડિયો અંગે કોઈ પુષ્ટી થઈ નથી. જોકે, આ બંને પોલીસ જવાન ખટોદરા પોલીસ સ્ટેશનનના હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જ્યારે હાલ લોકડાઉનના સમયમાં પોલીસ નિર્દય બની હોવાની ઘટના સામે આવી છે. વાઈરલ સીસીટીવી વીડિયો પ્રમાણે,

રાતનો સમયે સિક્યુરિટી ગાર્ડને બે બાઈક સવાર પોલીસ દ્વારા અટકાવવામાં આવે છે. ત્યારબાદ એક મોપેડ સાથે એક પોલીસ જવાન પકડી રાખે છે અને ત્યારબાદ બીજો પોલીસ જવાન ત્રણ જેટલા દંડા મારે છે. ત્યારબાદ સિક્યુરિટી જવાનને હાથ ઉંચા કરી ઉભો રાખી ૯ જેટલા દંડા મારે છે. દરમિયાન અન્ય એક યુવક આવે છે. તેની પૂછપરછ કરી પોલીસ જવાન તેને બાઈખ પાછળ બેસાડી લઈ જાય છે.

નવસારીમાં મુંબઈથી આવેલી વૃદ્ધાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

નવસારીમાં કુલ નોંધાયેલા ૧૬ કેસમાં ૮ લોકો સ્વસ્થ બન્યા

સુરત

નવસારીમાં ઓરેન્જ હોસ્પિટલ પાસે રહેવા માટે આવેલા મુંબઈના વૃદ્ધ મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા નવસારીની કોવિડ-૧૯ યશફીન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૮ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે આઠ દર્દીઓએ કોરોનાને માત આપી સારા થયા છે.

નવસારી જિલ્લામાં ચોથા લોકડાઉન દરમ્યાન કોરોનાએ કેર વર્તાવતા જિલ્લા બહારથી આવેલા વ્યક્તિઓમાં કોરોના સંક્રમણથી લોકોમાં ભય જોવા મળે છે. નવસારી સ્ટેશન રોડ ઉપર મુંબઈ વીલેપાર્લેથી પોતાના સંબંધીને ત્યાં રહેવા માટે આવેલા વૃદ્ધ મહિલા સુશીલાબેન ઠાકોરભાઈ મેહતા (ઉ.વ.૯૦)ને ગત તા.૨૩-૫-૨૦૨૦ના રોજ તાવ અને શરદી થતાં નવસારીની કોવિડ-૧૯ યશફીન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. જ્યાં તેમના સેમ્પલ લેવામાં આવતા આજે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા સમગ્ર નવસારી શહેરમાં ભારે હલચલ વ્યાપી ગઈ હતી. નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૬ દર્દીઓ નોંધાયા છે. જે પૈકી આઠ દર્દીઓ નવસારી સિવિલ યશફીન અને ઉદીત હોસ્પિટલ વાંસદા ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. નવસારી જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા ઠાકોરવાડી, ઓરેન્જ હોસ્પિટલ વિસ્તારને કોરોન્ટાઈન એરિયા જાહેર કરી પ્રવેશબંધી કરવામાં આવી છે.

સુરતને પ્લેગનો અનુભવ છે તેથી માસ્કનું મહત્વ સમજે છે: મ્યુનિ. કમિશનર

કોરોના વાયરસનું સંક્રમણ રોકવા માસ્ક અને સેનિટાઈઝર કારગત ઉપાય

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ તા.૨૩ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજની સ્થિતિએ ૫૯૧૯ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૯૦ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૪૯ લોકો છે. ૧૭૦૭ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૫૨,૭૨,૦૦૦ કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યું છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૦ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. ૭૫ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

સુરત પ્લેગનો સામનો કરી ચુક્યું છે, તેથી સુરતના લોકો માસ્ક પહેરવાનું મહત્વ સમજે છે. પરંતુ લોકો સોશિયલ ડિસ્ટન્સ રાખતા નથી તેથી તેનું મહત્વ પણ તેટલુ જ છે આથી સામાજિક અંતરને ધ્યાનમાં રાખવુ જરૂરી છે. પહેલાના સમયમાં ઘરની બહાર નીકળતા હતા, ત્યારે નાક અને કાનમાં સરસવનું તેલ નાખતા હતા જે રીત આજે પણ અપનાવવાની જરૂર છે. લોકોએ કોરોના સામે લડવા માટે માનસિક આરોગ્યની સાથે સાથે શારીરિક આરોગ્ય પણ વધુ મજબુત બને તે જરૂરી છે. તેથી લોકોએ કોઈ પણ પ્રકારનો ડર રાખવાની જરૂર નથી. જે લોકો પણ સ્લમ વિસ્તારમાં રહે છે, અને તેઓ જ્યાં કામ કરે છે ત્યાના માલિકોએ આ લોકોની કાળજી લેવી જોઈશે અને તેમણે સેનેટાઈઝર અને માસ્ક રાખ્યા છે કે નહી તે જાણવુ જરૂરી છે અને જો ન હોય તો તેમને માસ્ક પુરા પાડવા જોઈએ. અત્યાર સુધી ૪,૭૩,૯૦૦ કરતા વધુ લોકોને સુરતથી તેમના વતન મોકલવામાં આવ્યા છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

બહારગામથી આવતા શ્રમિકોએ ૧૪ દિવસ કવોરન્ટાઈનમાં રહેવું પડશે

નિયમનો ભંગ કરનાર વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરાશે

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા લોકડાઉન ૪.૦માં આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે વ્યાપારા ઉદ્યોગોને કેટલીક છુટછાટ સહિત વ્યાપાર ઉદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. હાલમાં સુરત શહેરમાં દુકાનો, શોપિંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટ્સ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત કોઈ પણ સર્વિસ માટે લેબર કોન્ટ્રાક્ટર પોતાના લેબરોને બહારગામથી સુરત ખાતે લાવશે અથવા બોલાવશે તો તેઓએ તમામ લેબરોનું આરોગ્ય ચકાસણી કર્યા બાદ જ દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસમાં કામ પર રાખી શકશે. તથા તમામ લેબરોને ૧૪ દિવસ સુધી ફરજીયાત કવોરન્ટાઈનમાં રાખવાના રહેશે. કોરોના સંદર્ભે તમામ ગાઈડલાઈનનું પાલન ફરજીયાત કરાવવાનું રહેશે. જો કોઈ દુકાનો, શોપિંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ આ નિયમોનું પાલન નહીં કરશે તો તેઓ વિરૂદ્ધ એપેડેમીક એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો સુરતની ૨૦૩૦ જેટલી કંપનીઓએ લીધો લાભ




સુરત

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સુરતના પીએફ કચેરી દ્વારા ૪૦૦૦ જેટલી કંપનીઓને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવી છે. જેમાંથી ૨૦૩૦ જેટલી કંપનીઓએ આ યોજનાનો લાભ લીધો છે. જેમાં કર્મચારીઓના ખાતામાં માર્ચ અને એપ્રિલના મળીને કુલ ૩ કરોડ ૯૬ લાખ જેટલી રકમ ખાતામાં જમા પણ કરી દેવામાં આવ્યા છે. તેમજ આ લાભ હવે કર્મચારીઓને જૂન, જુલાઈ અને ઓગસ્ટ સુધી મળશે.

ભરૂચ કોંગ્રેસ પ્રમુખના ભાઈના ઘરમાં ૨૫ તોલા સોનું અને રૂ. ૧ લાખની ચોરીથી ચકચાર

ભરૂચ



ભરૂચ તાલુકાના અમલેશ્વર ગામમાં આવેલા ભરૂચ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પરિમલસિંહ રણાના ભાઈના મકાનમાં ચોરી થઈ છે. જેમાં તસ્કરો ૨૫ તોલા સોનાના દાગીના અને ૧ લાખથી વધુની રોકડ રકમની ચોરી કરીને ફરાર થઈ છે. ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ ઉપર દોડી ગઈ છે અને સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

ઈદની મુબારકબાદી પાઠવતા સાંસદ અહમદભાઈ પટેલ

સુરત

રાજ્યસભા સાંસદ અને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના કોષાધ્યક્ષ અહમદભાઈ પટેલે રમઝાન ઈદ નિમિત્તે જનતાને શુભેચ્છા પાઠવી છે. સાથે જ કોરોના વાઈરસની મહામારીમાંથી સમગ્ર દેશને મુક્તિ મળે તેવી દુઆ પણ ગુજારી છે.

રમઝાન ઈદની શુભેચ્છા પાઠવતા અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર રમઝાન માસ દરમિયાન કરવામાં આવેલા રોઝા ઈબાદતને અલ્લાહ તાલા કબુલ કરે તેમજ ખુશીના આ પર્વમાં સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને દેશમાં જે કોરોના વાયરસની મહામારી ફેલાય છે એ ફેલાઈ રહી છે એનાથી અલ્લાહ તાલા મુક્તિ આપે એ માટે પણ દુઆ કરવાની સર્વે દેશવાસીઓને અપીલ કરી છે. અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે આપણો દેશ આ સંકટમાંથી મુક્ત થાય અને તમામ દેશવાસીઓ ફરી એકવાર પોતાનું સામાન્ય જીવન પૂર્વવત જીવતા થાય એવી જ આ પાક પર્વ નિમિત્તે દુઆ કરું છું. વધુમાં તેમણે તમામ દેશવાસીઓને એક થઈને આ સંકટનો સામનો કરવા માટે પણ અપીલ કરી છે.

તમારી આસપાસ કોઈ કોરોના પોઝીટીવ છે કે નહિ તે જાણવા ૧૯૨૧ ડાયલ કરો

નવસારી

સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતો જાય છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા ભલામણ કરવામાં આવી છે. અત્યાર સુધી એન્ડ્રોઈન ફોનધારકો જ આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરી શકતા હતા. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાનો વ્યાપ વધતા એન્ડ્રોઈડ સિવાયના ફિચરબેઝ ધરાવતા ફોનધારકો જાગૃત થઈ શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૨૧ ટોલ ફ્રી સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં એન્ડ્રોઈડ કે એ સિવાયના અન્ય કોઈપણ ફોન ધારકો એકવાર ૧૯૨૧ ડાયલ કર્યા બાદ ટેલીફોનિક સર્વે કરાશે. ત્યારબાદ જયારે પણ આપની આસપાસ કોઈ કોરોનાગ્રસ્ત વ્યક્તિ હશે તો આપના મોબાઈલ પર મેસેજથી જાણ કરવામાં આવશે.

નવસારી પોલીસે વધુ ૧૦૧ વાહનો જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૨૨ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૮૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૩૩ ની અટકાયત કરવામાં આવી છે.એપેડેમિક ડીસીઝ એકટ ૨૦૦૫ એક વ્યકિત સામે એફ.આઈ.આર કરવામાં આવી છે તથા એક વ્યકિતની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૦૧ વાહનો ડીટેઈન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૧૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તા.૨૨ મે સુધીમાં કુલ ૧૦૫૩૯ એફઆઈઆર તેમજ કુલ ૧૧૭૪૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

અઠવા ઝોનમાં સેનેટરી ઈન્સ્પેકટર અને સફાઈ કામદારો વચ્ચે જાહેરમાં બબાલ થઈ

સફાઈકર્મી અને અધિકારીઓ વચ્ચે જાહેરમાં માથાકૂટ સર્જાઈ હતી : જાહેરમાં સેનેટરી ઈન્સ્પેકટરને મારવા લીધો : સફાઈ કામદારોનું અભદ્ર વર્તનનો આક્ષેપ

સુરત

અઠવા ઝોન વિસ્તારમાં સેનેટરી ઈન્સ્પેકટર અને સફાઈ કામદારો વચ્ચે જાહેરમાં બોલાચાલી થઈ હતી. બોલાચાલીની સાથે મામલો ન અટકતાં હાથાપાઈ પર આવી ગયાં હતાં. આ અંગે પાલિકા કમિશનરને પણ ફરિયાદ કરવામાં આવી છે. સમગ્ર બબાલનો વીડિયો પણ સામે આવ્યો છે.

પાલિકા કમિશનરને કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે, ખટોદરા અઠવા ઝોનના સફાઈ કામદારોની સાથે ?અભદ્ર વેતન કરતા જૈ જજૈ ललीतभાઈ પરમાર કે, જે સુરત મહાનગરપાલિકા ખાતે ચાલતા કોઈ યુનિયન લીડરના જોરે અધિકારી થઈને આવી રીતે ખુલ્લા મેદાનમાં ગાળ ગલોચ કરી તથા ધક્કા મુક્કી ખુલ્લેઆમ તકી છે. ઝોન ના વડા કોઈ બાબતનું ધ્યાન રાખતા નથી. સાથે જ કામગીરી કરવાની જગ્યાએ બબાલ કરે છે. માથા ભારે ललीत પરમાર ફક્ત ખોટી હાજરી પુરવા માટે આવે છે અને પછી તેના સાથી મિત્રોની સાથે સાઠ ગાંઠ હોય ભાઈ ललीत પરમાર મોં બતાવી ચાલ્યા જાય છે .

સફાઈ કામદારોએ કરેલા આક્ષેપ મુજબ કોઈ યુનિયન નેતાનો હાથો બની બીન જરૂરી પોતાના મોબાઈલમાં ફોટા પાડીને બેલકમેલ કરી રહ્યા છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ ખોટી રીતે યુનિયનના નામથી ડરાવી ધમકાવીને મહાનગરપાલિકા ખાતે ગરીબ કામદાર કે જેઓ બહારથી આવી ને નોકરી કરવા આવતા હોય છે અને તેઓ સોંપવામાં આવેલ કામગીરી કરી રહ્યા હોય છતાં આ ललीत પરમાર ખોટી દાદાગીરીથી કામદાર ઓ પર ખોટો દબાણ કરી રહ્યા હોવાની ફરિયાદ જીભાઈ વસાવા દ્વારા કરવામાં આવી છે.

સુરતના વરાછા વિસ્તારમાં કન્ટેઈનમેન્ટ ઝોનની પોલીસ કમિશનરે લીધી મુલાકાત



સુરત

પોલીસ કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટએ સુરતના વરાછા વિસ્તારની મુલાકાત લીધી હતી. અહી કન્ટેઈનમેન્ટ જાહેર કરેલા વિસ્તારમાં બંદોસ્તની સમીક્ષા કરી હતી. સાથે જ અધિકારીઓ સાથે રસ્તા પર ઉભા રહી ચર્ચા કરી હતી અને લોકડાઉન તથા કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં કડક અમલ કરાવવા સુચના આપી હતી.

પોલીસ કમિશનર બ્રહ્મભટ્ટ દ્વારા વરાછા વિસ્તારમાં આવેલા ઝોન-એમાં કેસની સંખ્યા વધતા કન્ટેઈનમેન્ટ કરાયેલા વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. વરાછાના એકે રોડ, હીરા બાગ સર્કલની સોસાયટીમાં કોરોના પોઝિટિવની સંખ્યા વધી રહી છે. જેથી આ વસ્તારમાં સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરવા પહોંચ્યાં હતાં.

કમિશનરે સ્થળ મુલાકાત લઇ પરિસ્થતિનો ચિતાર મેળવ્યો હતો. આ દરમ્યાન તેઓએ હીરાબાગ સર્કલ પર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી હતી અને લોકોને નિયમોનું કડક અમલ કરવા સુચના પણ આપી હતી.મહત્વપૂર્ણ છે કે, અટલજી નગર અને આસપાસની સોસાયટીમાં પોઝિટિવ કેસની સંખ્યા વધતાં પોલીસ કમિશનર દ્વારા સુરક્ષાની જાત તપાસ કરાઈ હતી.

કોરોના અંગે સાવચેતી-સલામતી વિષયે યોજાયેલો વેબિનાર

સુરત

લાયન્સ ક્લબ ઓફ સુરત પ્રેસિડન્સી દ્વારા તારીખ ૨૩ મે, ૨૦૧૯ ના રોજ એક સુંદર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રવર્તમાન પરિસ્થિતી 'કોરોના : COVID-૧૯' અંતર્ગત સમગ્ર દેશમાં જાહેર કરવામાં આવેલા 'LOKDOWN-૪ અંતર્ગત સાવચેતી અને સલામતી' વિષય પર પ્રસ્તુતિ રાખવામાં આવેલ હતી.. એમાં શહેરના અને દક્ષિણ ગુજરાતના નામાંકિત ગાયનેકોલોજીસ્ટ ડૉ. દિપ્તીબેન પટેલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશભાઈ ઠાકરે આ અંગે વિસ્તૃત માહિતી દ્વારા વેબિનારમાં જોડાયેલા દર્શકોને સંબોધન કર્યું હતું. બરાબર ૧ કલાક અને ૧૦ મિનિટ સુધી ચાલેલા આ વેબિનારના અંતે પ્રશ્નોત્તરી રાઉન્ડ પણ રાખવામાં આવ્યો હતો. આ વેબિનારનું આયોજન લાયન્સ ક્લબ ઓફ સુરત પ્રેસિડન્સીના પ્રમુખ લા. હિતેન્દ્ર ચૂડાવાળા, મંત્રી લા. એન. એમ. કારીયા, ઉપપ્રમુખ લા. નીરજ શાહ તથા ખજાનચી લા. પ્રકાશ ગજજરના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું, જે ખૂબ સફળ રહ્યું હતું.

સુરત શહેર પોલીસ દ્વારા વધુ ૨૮ આરોપીઓની અટક કરાઈ

સુરત શહેર પોલીસે ૯૪ વાહનો જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગઈકાલે રવિવારના રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૯૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫.૦૮૯ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૬,૮૪૦ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

ઈદને લઈને કટલેરી અને શુઝની દુકાન ખુલ્લી રાખનાર બે વેપારીની ધરપકડ

કટલેરીની દુકાનમાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ : પોલીસ ચોકીની સામે જ શુઝની દુકાન ખોલી

સુરત

ઈદને લઈને શહેરના ભરીમાતા રોડ રિવર વ્યુ સોસાયટી અને વરીયાવી બજારમાં મોડીરાત્રે કર્ફ્યુ હોવા છતાં કટલેરી અને શુઝની દુકાન ખુલ્લી રાખનાર બે વેપારીની પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. શુઝની દુકાન તો પોલીસ ચોકીની સામે જ ખુલ્લી હતી. જ્યારે કટલેરીની દુકાનમાં ૭થી ૮ મહિલા હોવા છતાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન થતું ન હતું.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે મોડીરાત્રે લાલગેટ પોલીસ મથકની પીસીઆર વાન ૩૧ પેટ્રોલિંગમાં હતી. ત્યારે કંટ્રોલ રૂમમાંથી સંદેશો મળ્યો હતો કે વરીયાવી બજાર પોલીસ ચોકીની સામે જ મિસ્ટર શુઝ નામની દુકાન ખુલ્લી છે. જેથી પોલીસ ત્યાં પહોંચી તો દુકાન ખુલ્લી હતી અને ત્યાં દુકાનની ઉપર જ રહેતો તેનો માલિક અબ્દુલ ખાલિદ અબ્દુલ કાદીર ચામડીયા (ઉ.વ.૩૦) મળી આવ્યો હતો. લોકડાઉનમાં રાત્રે કર્ફ્યુ હોવા છતાં દુકાન ચાલુ રાખનાર અબ્દુલ ખાલિદ અબ્દુલ કાદીર ચામડીયા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

રાત્રે ૧૧ વાગ્યે ચોકબજાર પોલીસ મથકની પીસીઆર ૩૦ પેટ્રોલિંગમાં હતી. ત્યારે કંટ્રોલ રૂમમાંથી સંદેશો મળ્યો હતો કે ભરીમાતા રોડ રિવર વ્યુ સોસાયટીમાં બજાર ભરાય છે ત્યાં પોલીસ ત્યાં દોડી ગઈ હતી. પોલીસને ત્યાં આહિલ કટલેરી સ્ટોર ખુલ્લો મળ્યો હતો અને તેમાં ૭ થી ૮ મહિલા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યા વિના ખરીદી કરતી મળી આવી હતી. પોલીસે દુકાન બંધ કરાવી તેના માલિક નસીમ મજીદ શેખ (ઉ.વ.૨૩) (રહે. સી/૧૧૨, મન્નત એપાર્ટમેન્ટ, ભરીમાતા રોડ, સુરત) વિરુદ્ધ લોકડાઉનમાં રાત્રે કર્ફ્યુ હોવા છતાં દુકાન ચાલુ રાખવા બદલ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બંને વેપારીની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે, ઈદ હોવાથી લોકો ખરીદી કરતા હોય તેમણે કર્ફ્યુ હોવા છતાં મોડી રાત્રે પણ દુકાન ચાલુ રાખી હતી.

વલસાડ જિલ્લામાંથી પાંચમા દર્દીએ કોરોનાને માત આપી



વલસાડ

વલસાડ જિલ્લાના પાંચમા દર્દીએ કોરોનાને માત આપી હોસ્પિટલમાંથી રજા લઈ બહાર નીકળતા હોસ્પિટલની ટીમ દ્વારા ફુલોની વર્ષા કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વલસાડ જિલ્લાના વાપી તાલુકાના બલીઠાના યુવકનું સેમ્પલ નેગેટીવ આવતાં આજે કોવિડ હોસ્પિટલ, સિવિલ, વલસાડ ખાતેથી રજા આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં આજદિન સુધી નોંધાયેલા કુલ-૧૫ કોરોના પોઝિટિવ પૈકી પાંચ વ્યક્તિઓને રજા આપવામાં આવી છે, જ્યારે એકનું મોત થવા પામ્યું છે. હાલમાં જિલ્લામાં કોવિડ-૧૯ના ૯ પોઝીટીવ કેસો એક્ટીવ છે.

વલસાડ જિલ્લામાં તા.૨૩/૫/૨૦૨૦ સુધીમાં લેવાયેલા ૩૨૬૫ સેમ્પલ પૈકી ૩૨૪૬ સેમ્પલના રીપોર્ટ નેગેટીવ અને ૧૯ના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. પરંતુ ચાર વ્યક્તિઓ છ મહિના કરતાં વધુ સમયથી મુંબઈમાં રહેતા હોય તેની અન્ય રાજ્યમાં ગણતરી કરવામાં આવી છે.

રાજપીપળાના રજપૂત ફળીયામાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ :પહેલા દિવસે ૫૦ લીટર ઉકાળો વિતરણ કર્યો



રજપૂત ફળિયાના જાગૃત યુવા કાર્યકર કુલદીપસિંહ ગોહિલ અને ફળીયા ના યુવાનો એ કોરોના મહામારી માં ઉકાળા વિતરણ નું બીડું ઝડપ્યું

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

હાલ સમગ્ર વિશ્વ માં કોરોના મહામારી ભયંકર રીતે ફેલાઈ રહી હોય આ બાબત ચિંતાજનક છે. આ માટે કોઈ દવા રસી હજુ ઉપલબ્ધ નથી તેવા સંજોગો માં આયુર્વેદ ઉકાળો એક સારો વિકલ્પ હોય જેના થી રોગપ્રતિકારક શક્તિ વધતા અન્ય વાયરસો થી બચાવ થઈ શકતો હોવાથી સમગ્ર ગુજરાત રાજ્ય માં આ ખાસ ઉકળાનું વિતરણ થઈ રહ્યું છે જેમાં નર્મદ ના વડા મથક રાજપીપળા ખાતે પણ હાલ આ વિતરણ શરૂ કરવામાં આવ્યું જેમાં રાજપીપળા રજપૂત ફળીયા ના જાગૃત યુવા કાર્યકર કુલદીપસિંહ ગોહિલ સાથે ફળીયા ના અન્ય યુવાનો દ્વારા સોમવારે વિના મૂલ્યે ઉકાળા વિતરણ કરાયું હતું.આ યુવાનો એ તેમના ફળીયા માં ઘરે ઘરે જઈ ઉકાળો વિતરણ કરી એક પણ ઘર કે વ્યક્તિ બાકી ના રહે તેની ખાસ કાળજી રાખી ૫૦ લીટર ઉકાળા નું વિતરણ કર્યું હતું.

હીરાના કારખાના તથા ઓફિસો ૩૩ ટકા સ્ટાફ સાથે ધીમી ગતિએ કાર્યરત થયા

વતન નહીં ગયેલા રત્નકલાકારોને રોજગારી મળતા રાહત

સુરત

કોરોના વાયરસ મહામારી દરમિયાન ધંધા ઉદ્યોગ માટે અપાયેલી શરતી છૂટછાટ મુજબ સુરત શહેરમાં આજે લગભગ ૬૦ દિવસો બાદ હીરાના કારખાના તથા હીરાની ઓફિસો આજે સવારથી શરૂ કરી દેવામાં આવી હતી. છ કલાક માટે હીરાના કારખાના તથા ઓફિસો સવારથી કાર્યરત થતા સૌરાષ્ટ્ર નહીં ગયેલા કેટલાક રત્નકલાકારોને રોજગારી પુનઃ મળતા સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.

સુરત શહેરના નોન કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારમાં હીરાનાકારખાના તથા ઓફિસો કાર્યરત કરવા સુરત ડાયમંડ એસો. તથા રત્ન કલાકાર સંઘની ગઈકાલે મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય મુજબ આજે સવારથી નોન કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારમાં હીરાના કારખાના તથા ઓફિસો શરૂ કરી દેવામાં આવી છે.

નોન કન્ટેઈન્મેન્ટ વિસ્તારમાં શરૂ થયેલા હીરાના કારખાનામાં નિયમ મુજબ ૩૩ ટકા કર્મચારીઓ સાથે કામકાજ શરૂ કરવામાં આવ્યું છે અને કર્મચારીઓના હાથ સેનિટાઈઝ કરી માસ્ક પહેરી કામ શરૂ કરવામાં આવ્યું છે. હીરાના કારખાનામાં ૩૩ ટકા કર્મચારીઓ માટે આજથી રોટેશન પ્રથા અમલી કરવામાં આવી છે અને એક હીરાની ઘંટી પર માત્ર એક કર્મચારીને કામગીરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે અને હીરાના કારખાનામાં સોશિયલ ડીસ્ટના કડકપણે અમલ થઈ રહ્યો છે.

લગભગ ૬૦ દિવસ બાદ હીરાના કારખાના તથા ઓફિસો શરૂ કરાતા કેટલાક અંશે હીરાના કારીગરોને રાહત થવા પામી છે. વતન નહીં ગયેલા કારીગરોને રોજગારી મળવાનું શરૂ થઈ ગયું છે. આજ પ્રકારે હવે પછી વધુને વધુ હીરાના કારખાના કાર્યરત થાય તેવી શક્યતા છે.

નવસારી જિલ્લામાં અમૃત પેય રોગપ્રતિકારક શક્તિ વર્ધક ઉકાળાનું વિતરણ

નવસારી

સમગ્ર વિશ્વમાં કોરોનાનો વ્યાપ વધતો જાય છે ત્યાં વિવિધ સરકારો દ્વારા વાઇરસના અટકાવ માટે અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે ત્યાં ભારતીય પારંપરિક એવી આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિ કોરોનાથી બચવા માટે અને શરીરમાં રોગપ્રતિકારક શક્તિના વર્ધક તરીકે અસરકારક રામબાણ ઈલાજ તરીકે સાબિત થઈ છે. આથી આ પધ્ધતિ અનુસરતા નવસારી જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામક શ્રી, આયુષની કચેરી ગાંધીનગરની સૂચનાઓ અને માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, નવસારી દ્વારા તેમજ આરોગ્યશાખા, જિલ્લા પંચાયત દ્વારા અમૃત પેય રોગપ્રતિકારક શક્તિ વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહયું છે. ઉપરાંત નવસારી શહેરમાં પણ લોકોને હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરવામાં આવી રહયું છે. . આ અંગે વધુ માહિતી આપતા ડૉ. ઉર્વિબેન પટેલ જણાવ્યું હતું કે આ ઉકાળાનું વિતરણ નવસારી તાલુકાના ગામડાના નાગરિકોની સાથે સાથે શહેરના જાહેર સ્થળોએ ફરજ બજાવતા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, નાગરિકોની સુરક્ષા માટે કાર્યરત એવા અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારો સહિત તાલુકા સેવાસદનના વહીવટી અધિકારીઓ, કર્મચારીઓ આસપાસના વિવિધ પી. એચ. સી.તથા સી.એચ.સી સ્ટાફ અને તેમના પરિવારને પણ આ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું તદ ઉપરાંત સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા દર્દીઓને નિયમિત રીતે દવાઓ તેમજ આ રીતના આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે.

સુરત શહેરમાં ૧૪૨૬ આરોગ્ય ટીમો દ્વારા ૫૨.૮૩ લાખ લોકોનો સર્વે હાથ ધરાયો

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૨૪ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના કતારગામ ઝોનમાંથી આજે ૦૮ કુલ કેસો મળી આવ્યા છે.

આજની સ્થિતિએ ૫૯૧૯ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૬૧૨ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૬૩ લોકો છે. ૧૪૨૬ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૫૨ લાખ ૮૩ હજાર કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યા છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૦ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. ૭૫ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. જે લોકો ફ્લાઈટમાંથી આવવાના છે તો તેઓએ ફરજિયાત ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈનમાં રહેવુ પડશે અને જો કોઈ લક્ષણ દેખાય તો તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. લોકોએ માસ્ક પહેરવા જરૂરી છે, કારણ કે ઈન્ફેક્ટેડ માણસ ૧૪ દિવસ સુધી લોકોમાં ઈન્ફેકેશન પહોંચાડી શકે છે. જો બંને વ્યક્તિ માસ્ક પહેરે તો ઈન્ફેક્શન થવાની માત્ર ૧.૫ ટકા સંભાવના રહે છે. આથી તમામ લોકો એ માસ્ક પહેરવા જરૂરી છે. અત્યાર સુધી ૫,૦૦,૦૦૦ કરતા વધુ લોકોને સુરતથી પોતાના વતન મોકલવામાં આવ્યા હતા. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત શહેરના ૧૨૮૯ અને જિલ્લાના ૯૩ મળીને કુલ ૧૩૮૨ કેસો નોંધાયા છે.

શનિવારે સુરત શહેર પોલીસ દ્વારા ૧૧૨ વાહનો જપ્ત કરાયા

એક દિવસમાં ૪૨ આરોપીઓની અટકાયત

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૪૨ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાંઆવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૧૨ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫.૦૬૧ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૬,૭૫૨ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

ઉમરગામ તાલુકાના બોરલાઈ ખાતે ચાર હજાર માસ્કનું વિતરણ કરાયું



વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બોરલાઈ ખાતે ગ્રામજનોને કોરોના મહામારીથી બચાવ માટે જાગૃતિ ફેલાવવાની સાથે બોરલાઈવાલા પરિવાર તરફથી ચાર હજાર જેટલા માસ્કનું વિતરણ વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ વિતરણમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યું હતું.

કોરોના મહામારીથી રક્ષણ મેળવવા માટે માસ્ક પહેરવું જરૂરી છે, ત્યારે જરૂરિયાતમંદોને માસ્ક મળી રહે માટે અનેક સેવાભાવી સંસ્થાઓ અને પરિવારોના સહયોગ પ્રાપ્ત થઈ રહયો છે. ઉમરગામ તાલુકાના બોરલાઈવાલા પરિવારના સહયોગથી વલવાડા, અચ્છારી, બોરલાઈ તેમજ કચીગામ વિસ્તારના ગરીબ પરિવારજનો માટે ચાર હજાર જેટલા માસ્ક સંબંધિત ગામોના સરપંચોને આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરના હસ્તે વિતરણ કરાયા હતા. મંત્રીશ્રીએ બોરલાઈવાલા પરિવારની સેવા ભાવનાને બિરદાવી કોરોના સામે રક્ષણ મેળવવા માટે રાજ્ય સરકારના અભિયાનમાં સહયોગી બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે અગ્રણી પંકજભાઈ બોરલાઈવાલા, કેતન નંદવાના, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તેમજ વિવિધ ગામોના સરપંચશ્રીઓ હાજર રહયા હતા.

સુરત ગ્રામ્ય વિસ્તારોમાં ૮૫૦૦ પૈકીના ૮૩૬૨ના તપાસ રિપોર્ટ નેગેટિવ

સુરત જિલ્લામાં ૨૬૩૨ લોકો હોમ કોરોન્ટાઈનમાં

સુરત

સુરત જિલ્લામાં ગઈકાલે ૦૫ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૫૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૨ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૯૩ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જ્યારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી પલસાણા તાલુકાના વરેલી ગામના ૦૧ કેસ મળી કુલ ૯૩ કેસો આવ્યા છે. કુલ ૮૫૦૦ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૯૩ પોઝિટીવ અને ૮૩૬૨ નેગેટીવ કેસો જ્યારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૨ એક્ટિવ ક્લસ્ટર જેમાં, અંધાત્રી, બડતલ-સરકુઈ, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દિવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી (ડી. એમ. નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીંડીયાત, કપ્લેથા, લાજપોર(કોળીવાડ), લાજપોર(પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા કન્ટેઈનમેન્ટ ક્લસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૭૫૧ ઘરો અને કુલ વસ્તી ૮૦,૨૯૯ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૭૫ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૫૦૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૨૯ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૬૩૨ લોકો હોમ કોરન્ટાઈન છે. જ્યારે આજે ૧૭૪ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૪૫૮લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

ઉત્તર દિશાથી તેજ પવન ફુંકાતા ગરમીમાં સતત વધારો

સુરત

દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારાનો અનુભવાઈ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. ગત રોજની સરખામણીમાં આજે સાંજ સુધી ગરમીનો પારો બે ડિગ્રી વધી જાય તેવી પૂરી શક્યતા છે .

ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ % અને હવાનું દબાણ ૧,૦૦૯.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના સરેરાશ ૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઈ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો વધી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ ક્રમશઃ ગરમીમાં વધારો નોંધાશે. આજે સોમવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઈ છે.

અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા એ.એસ.આઈનું અવસાન થતાં કોરોના વોરીયરનો ભરૂચ પોલીસ દ્વારા શ્રધ્ધાજલી કાર્યક્રમ



ભરૂચ પોલીસ અધિક્ષકની ઉપસ્થિતીમાં અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા એ.એસ.આઈ.ગીરીશભાઈ અંબાલાલ બારોટ બ.નં.૭૨૮૫ કૃષ્ણનગર પો.સ્ટે.નું કોવીડ - ૧૯ સંક્રમણ સંદર્ભે ફરજ દરમ્યાન કોરોના સંક્રમણના કારણે તારીખ :૨૫/૦૫/૨૦૧૦ ના રોજ સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. જેથી સ્વર્ગસ્થ કોરોના વોરીયર્સોને ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી તથા ભરૂચ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન તથા તમામ કચેરીમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા આજ રોજ ૧ મીનીટ મૌન પાળી, શ્રધ્ધાજલી આપવામાં આવેલ છે.

નર્મદા જીલ્લાના મયાસી ગામમાં વધુ એક બાળક સહીત ત્રણ કેસો કોરોના પોઝીટીવ મળી આવ્યા

લોકડાઉન હળવો કરવામા આવતાં અને જીલ્લાઓ વચ્ચે અવર જવરની છુટછાટો વચ્ચે કોરોના માથું ઉંચકશે તેમ જણાઈ રહ્યું છે

અત્યારસુધી નર્મદા માં કોરોના પોઝીટીવ નો આંક ૧૮ થયો જેમાં ૧૩ સ્વસ્થ થતા રજા અપાઈ હતી,હાલ ૦૫ સારવાર હેઠળ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જીલ્લા ના નાંદોદ તાલુકા ના મયાસી ગામમાં વધુ ત્રણ કોવીડ-૧૯ ના કોરોના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યાં છે.અગાઉ આજ મયાસી ગામ માથી સાગર વસાવા નામ નો દશ વર્ષ નો બાળક કે જે અમદાવાદ ની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો હતો. અમદાવાદ થી પરિવાર સાથે આવેલ હોય આ બાળક ના પરિવાર અને સાથે અન્ય આ એક પટેલ પરિવાર પણ અમદાવાદ થી જ આવ્યાં હતાં.

અમદાવાદ ના કે.કે નગર રોડ, હર્ષ નગર એપાર્ટમેન્ટ બ્લોક નં-૧ ઘાટલોડિયા થી આવેલાંઓ પૈકી સાગર સુરેશભાઈ વસાવા ઉ.વ ૧૦ નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેના સંપર્ક મા આવેલા તમામ ને ૨૧ તારીખે જ ફેસેલીટી કોરોનટાઈન કરવામા આવ્યાં હતાં,તે પૈકી ના પ્રફુલભાઈ પી પટેલ, ઉ.વર્ષ ૩૭,અનસુયાબેન પ્રફુલભાઈ પટેલ, ઉ.વ ૨૯ અને કૃણાલ પ્રફુલભાઈ પટેલ ઉ.વ ૧૧ હાલ રહે મયાસી, તા.નાંદોદ જિ.નર્મદા ના રિપોર્ટ પોઝીટીવ આવતા જિલ્લા માં અત્યારસુધી પોઝીટીવ નો આંકડો ૧૮ પર પહોંચ્યો છે જેમાં ૧૩ દર્દીઓ સ્વસ્થ થતા રજા અપાઈ હોય હાલ આજના ત્રણ દર્દીઓ સાથે કુલ પાંચ સારવાર હેઠળ છે.

ચોથા તબક્કા ના લોકડાઉન મા નર્મદા જીલ્લા વચ્ચે ની અવરજવર ને છુટછાટ આપવામા આવતાં,રેડ ઝોન જેવા અતિ સંવેદનશીલ વિસ્તારો તરફ થી ચોરી છુપે આવતાં લોકો ગ્રીન અને ઓરેંજ વિસ્તારો માટે ખતરો સાબિત થઈ શકે છે, જે આશંકા હવે વધુ મજબૂત બનતી જાય છે. ભારત દેશ મા કોરોના ની જે પેટર્ન જોવા મળી રહી છે તે વધુ જીવલેણ સાબિત થઈ રહી છે, જો અમદાવાદ તરફ ના સંક્રમીત થયેલા કેરીયરો બીજા જીલ્લાઓ મા સંક્રમણ ફેલાવશે તો બીજા જિલ્લાઓ માં પરિસ્થિતિ બેકાબૂ બનવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે.માટે આ બાબતે લગામ જરૂરી જણાય છે.

સુરતમાં નવા ૩૨ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૪૦૪ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૨૬ દર્દી ડિસ્ચાર્જ થયા

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર નવા ૩૨ શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૪૦૪ થઈ ગઈ છે. આ સાથે વધુ એક ૬૪ વર્ષીય મહિલાનું મોત થતા શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૬૩ થઈ ગયો છે. શહેરમાંથી વધુ ૨૩ અને જિલ્લામાંથી ૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૭૨ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થયા છે.

શહેર જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક ૬૩ પર પહોંચી ગયો છે. આજે વધુ એકનું મોત થયું છે. જેમાં સેન્ટ્રર્લ ઝોનના બેગમપુરા વિસ્તારમાં આવેલા ઝાપાબજાર ખાતે રહેતા ૬૪ વર્ષીય બિલકીશબાનુ મેમુદમિયા ઘડિયાલીનો રિપોર્ટ પોઝિટિવ આવતા ૧૬ મેના રોજ દાખલ કર્યા હતા. જેમનું આજે મોત થયું છે. તેમને ડાયાબિટીસની બીમારી હતી. સુરત શહેરમાં વધુ ૩૦ કેસ નોંધાયા છે. જ્યારે બે કેસ જિલ્લામાં નોંધાયા છે. જેમાં સૌથી વધુ કતારગામ ઝોનમાં ૯ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૪, વરાછા-એ ઝોનમાં ૪, વરાછા-બી ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૧, લિંબાયત ઝોનમાં ૫, ઉધના ઝોનમાં ૫ કેસ નોંધાયા છે.

સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ ૨૬૪ પોઝિટિવ દર્દીઓ પૈકી ૫૫ દર્દીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. જેમાં ૨ દર્દીઓ વેન્ટીલેટર પર, ૧૪ બાઈપેપ પર અને ૩૯ દર્દીઓ ઓક્સિજન પર સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

રાંદેર ફરીદા કોર્નર એપાર્ટમેન્ટ ખાતે રહેતા સુફીયાન મોહમ્મદ ઢોલકવાલા(૩૧) રાંદેરની અલ ફૈસની સ્કુલમાં શિક્ષક છે. કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા તેમની તપાસ કરાઈ હતી. જેમાં તેમનો રિપોર્ટ રવિવારે પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે લિંબાયત સંજય નગર ખાતે રહેતો યશ હેમરાજભાઈ સોનકુશરે(૧૯) ડિપ્લોમાંનો અભ્યાસ કરે છે. તેને પણ શંકાસ્પદ લક્ષણો જણાતા તપાસ કરાઈ હતી. જેમાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

લોકડાઉનમાં છુટછાટ બાદ લારી પર છુટક ધંધો કરી ગુજરાન ચલાવતા લોકોને રાહત થઈ છે. જોકે તેની સામે આવા છુટક ફેરીયાઓમાં સંક્રમણ પણ વધી રહ્યું છે. રવિવારે આવા જ ૩ કેસ સામે આવ્યા છે. કોસાડ અવાસમાં રહેતા પ્યારેલાલ બચ્ચા યાદવ(૬૦) દાણા-ચણાની લારી ચલાવે છે. શંકાસ્પદ લક્ષણો બાદ રવિવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે રામપુરા મલ્હાર શેરી ખાતે રહેતા હર્ષદભાઈ પ્રાણજીવનદાસ ટેલર(૬૨) રૂધનાથપુરામાં ઈંડાની લારી ચલાવે છે. કોરોનાના લક્ષણો બાદ રવિવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે મોમનાવાડ ખાતે રહેતા શબ્બીર ફિરોઝભાઈ કાંચવાલા(૫૨) કટલેરીની લારી ચલાવે છે. રવિવારે તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ઝઘડિયા પોલીસે માલજીપુરા ગામ નજીકથી વાલીયા તાલુકાના એક ને દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો

ઝઘડીયા

ઝઘડિયા પોલીસ ધારોલી વિસ્તારમાં પ્રોહીબીશન જુગાર અંગેની રેડમાં ખાનગી વાહનમાં નીકળ્યા હતા તે દરમિયાન માલજીપુરા ગામ પાસે બાતમી મળી હતી કે એક મોટર સાઇકલ ઉપર બે ઈસમો ભારતીય બનાવટની વિદેશી દારૂ મૂકી મીઠામોરા ગામથી એસઆરપી ગૃપ ૧૦ તરફ જવાના રસ્તા પર જવાના છે.બાતમી મળતા બાતમી વાળી જગ્યાએ પોલીસ દ્વારા વોચ રાખી હતી. વોચ દરમિયાન એક મોટરસાયકલ મીઠામોરા થી એસ.આર.પી ગૃપ ૧૦ તરફ આવતી હતી.જેને કોર્ડન કરી ઊભી રખાતાં મોટર સાયકલ ચાલક પકડાઈ ગયો હતો. જયારે એની સાથે અન્ય એક ઈસમ અંધારાનો લાભ લઈ મોટર સાઇકલ પરથી કૂદીને નાસી ગયેલ. પકડાયેલ નું નામ પુછતાં તેણે અનીલ વસાવા રહે. પીઠોર તાલુકો વાલીયા જણાવેલ તેની પાસેથી પકડાયેલ માલની તપાસ કરતા તેમાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૩૭૦ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ મળી આવેલ તથા મોટરસાયકલ મળી કુલ ૫૭૦૦૦ મુદ્દામાલ ઝઘડિયા પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસે ઝડપાયેલા ઈસમની વધુ પૂછતાછ કરતા તેણે આ માલ ધર્મેશ ઉર્ફે ધમો રહે.મીઠામોરા ના પાસેથી લઈ પીઠોર ગામ ના મહેશ વસાવા ના ઘરે લઈ જતા હોવાનું કબુલ્યું છે. જેથી ધર્મેશના ઘરે પણ પોલીસ દ્વારા તપાસ કરતા તે હાજર મળી આવેલ ન હતો. ઝઘડિયા પોલીસે (૧)અનિલ બુધીયા વસાવા (૨) નિલેશ સના વસાવા (૩) મહેશ ઉર્ફે મલો મોતી વસાવા ત્રણે રહેવાસી પીઠોર તાલુકો વાલીયા (૪) ધર્મેશ ઉર્ફે ધમો રહેવાસી મીઠામોરા તાલુકો ઝઘડિયા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્પાઇસ જેટની સુરત દિલ્હીની ફ્લાઇટ રદ થતા મુસાફરો અટવાયા

સુરત

દેશભરમાં આજથી ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ થઈ છે. ત્યારે સુરત એરપોર્ટ પરથી આજથી ઓપરેટ થનારી સ્પાઇસ જેટ અને એર ઈન્ડિગોની ફ્લાઇટ પૈકી સ્પાઇસ જેટની સુરત દિલ્લી ફ્લાઇટ રદ થતા મુસાફરો અટવાઈ પડ્યા હતા. સવારના આઠ વાગ્યાની સ્પાઇસ જેટની સુરતથી દિલ્હીની ફ્લાઇટ હતી. સવારના પાંચ વાગ્યાથી મુસાફરો ફ્લાઇટ માટે સુરત એરપોર્ટ આવી પોહચ્યા હતા. પરંતુ બાદમાં અચાનક જ ફ્લાઇટ રદ થવાની જાણકારી મુસાફરોને મળતા તમામ લોકો હેરાન – પરેશાન થઈ ગયા હતાપએટલું જ નહીં અન્ય એક મુસાફરની પત્નીનું અમૃતસરમાં અવસાન થતાં અંતિમ સંસ્કાર કરવાની પ્રક્રિયા અટવાઈ પડી હતી. ફ્લાઇટ રદ થવાના કારણે ઘણા મુસાફરોએ એરપોર્ટ પર હોબાળો મચાવ્યો હતો. મહત્વપૂર્ણ છે કે, સુરત એરપોર્ટથી હૈદરાબાદ, જયપુર, દિલ્હી અને મુંબઈની ફ્લાઇટ આજથી શરૂ થઈ છે.

સુરતના પાંડેસરામાં ખાલી સિટી બસના ચાલકે કાબૂ ગૂમાવતા બસ રેલીંગ સાથે અથડાઈ



સુરત

પાંડેસરા વિસ્તારમાં સિટી બસના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા બસ રેલીંગ સાથે અથડાઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી પરંતુ બસને ભારે નુકશાન થયું હતું. પાંડેસરા વિસ્તારમાં આવેલા દક્ષેશ્વર નગર પાસે સિટી બસના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગૂમાવતા અકસ્માત સર્જાયો હતો. બસ સીધી રેલીગ સાથે અથડાઈ હતી. ઘટનાને પગલે ચકચાર મચી હતી. જો કે બસમાં કોઈ મુસાફર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. આ ઉપરાંત આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ બસને ભારે નુકશાન થવા પામ્યું હતું.



કામરેજ પોલીસ સ્ટેશનના વિહાણ ગામની હદમાં તાજેતરમાં બનેલ અનડીટેક્ટ ખૂનના ગુનાનો ભેદ ગણતરીના દિવસમાં જ ઉકેલી, આરોપીને ઝડપી પાડતી સુરત ગ્રામ્ય જિલ્લા એલસીબી.

લોકડાઉનના પાલન સાથે રાજપીપળામાં ઈદની ઉજવણી મુસ્લિમ બિરાદરોએ ઘરમાં નમાજ અદા કરી

ઇતિહાસમાં કદાચ પહેલી વાર ઈદના દિવસે સમૂહમાં નમાજ અદા ન થઈ : લોકડાઉનના પાલન સાથે ઈદ ની ઉજવણી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



ઈદનો દિવસ મુસ્લિમો માટે સૌથી મોટો દિવસ ગણાય છે રમઝાન માસના ૩૦ રોઝા રાખી ઈદ નો દિવસ એ ઈનામ નો દિવસ હોય છે આ દિવસે મુસ્લિમ બિરાદરો સમૂહમાં નમાજ અદા કરે છે અને એકબીજાને ગળે મળી ઈદની મુબરકબાદ પાઠવે છે પરંતુ હાલ દેશમાં કોરોના ની મહામારી ચાલી રહી હોઈ સમગ્ર દેશ માં લોકડાઉન લાગુ છે ત્યારે ધાર્મિક મેળાવડા ઓ માટે તંત્ર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી છે જેથી આજે રાજપીપળા માં મુસ્લિમ બિરાદરોએ લોકડાઉન ના નિયમોનું પાલન કરી ઘરે રહી ઈદ ની નમાઝ અદા કરી હતી.

આ બાબતે રાજપીપળા જામા મસ્જિદના ઈમામે જણાવ્યું હતું કે ઈદ નો તહેવાર મુસ્લિમો માટે ખૂબ મોટો દિવસ છે આજના દિવસે મુસ્લિમ લોકો સમૂહમાં નમાજ અદા કરે છે પરંતુ હાલ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે મુસ્લિમ બિરાદરોએ ઘરે રહીને ઈબાદત કરી છે અને ખાસ આજે દુઆ કરી હતી કે આજના આ શુભ દિવસ ના સદકે દેશ માંથી કોરોના નાબૂદ થાય અને મુસ્લિમો ને અપીલ કરી હતી કે લોકડાઉન નું યોગ્ય પાલન કરે.

રાજપીપળા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ દ્વારા ઉકાળા વિતરણ શરૂ : પ્રથમ દિવસે બે હજાર લીટર ઉકાળાનું વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સોમવાર થી સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ, રાજપીપળા દ્વારા પાંચ દિવસ ઉકાળા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે જેમાં પ્રથમ દિવસે જ બે હજાર લીટર ઉકાળા નું વિતરણ કરાયું હતું.

કોરોના વાઇરસ સામે રક્ષણ મેળવવા અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે 'આયુર્વેદિક ઉકાળો' રાજપીપળાના દરેક વોર્ડમાં આજે તા.૨૫ મેં થી તા.૨૯ મેં સુધી પાંચ દિવસ વિતરણ કરાશે.આ ઉકાળો 'સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ રાજપીપળા' દ્વારા તેમના સમાજ ની વાડીમાં બનાવી સ્વામી વિવેકાનંદ ગ્રુપ અને રોટરી કલબ ઓફ રાજપીપળા દ્વારા વિતરણ ની કામગીરી કરવામાં આવી છે. આજ થી જિલ્લા આયુર્વેદ વિભાગના સહયોગ થી સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ રાજપીપળા દ્વારા ઉકાળા વિતરણ ની સેવા શરૂ કરવામાં આવી છે.જેમાં આજે પહેલા દિવસે બે હજાર લીટર ઉકાળો બનાવી વિતરણ કરાયો હતો.ઉકાળા વિતરણ માં આજે ઈદ હોય રોજા પુરા થતા મોટી સંખ્યા માં મુસ્લિમ બિરાદરો એ પણ આયુર્વેદ ઉકાળા નો લાભ લીધો હતો.

રાજપીપળામાં આડેધડ એસી વાપરતા ગ્રાહકો પર વીજ કંપનીના અધિકારીઓ મહેરબાન..?!

દરબાર રોડ ના એક ગ્રાહકે ૩ દિવસ માં ત્રણ ફરિયાદ લખાવ્યા બાદ પણ કોઈજ ધ્યાન અપાયું નથી,ઉચ્ચ અધિકારી નું પણ સુચક મૌન

● હદ થઈ હવે... રાજપીપળા દક્ષિણ ગુજરાત વીજ કંપનીનું કેટલાક ગ્રાહકો સાથે ઓરમાયું વર્તન.?!

● કેટલાક વ્હાલા અને અંગત ફાયદારૂપ ગ્રાહકોના ફટાફટ કામો થતા હોવાની બુમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા માં દક્ષિણ ગુજરાત વીજ કંપની ના અધિકારીઓ કેટલાક ગ્રાહકો સાથે જાણે ઓરમાયું વર્તન રાખતા હોય એમ ગ્રાહકો ની ફરિયાદ ફક્ત ફરિયાદ કેન્દ્ર ના ચોપડા માજ લખયેલી રહી જાય છે પરંતુ આ બાબત પર કોઈજ કામગીરી કરવામાં આવતી નથી.

રાજપીપળા શહેરમાં સૌથી મોટી તકલીફ કાળઝાળ ગરમી માં લો વોલ્ટેજ ની સમસ્યા હોય તેવા સમયે વીજ કંપની ના અધિકારીઓ આડેધડ ચાલતા એસી બાબતે કોઈજ કાયદાકીય પગલાં લેતા નથી જોકે આ એસી ના કારણે કેટલાય ગ્રાહકોને ગરમીમાં લો વોલ્ટેજ આવવાની વારંવાર ફરિયાદો ઉઠવા છતાં એ ગ્રાહક નું કોઈ સાંભળતું નથી તેની પાછળ અમુક અધિકારીઓ નો અંગત ફાયદો જવાબદાર હશે તેમ લાગે છે.

દરબાર રોડ પર રહેતા એક ગ્રાહકના જણાવ્યા મુજબ તેમણે છેલ્લા ૩ દિવસ માં ત્રણ વખત વીજ કંપની ના ફરિયાદ કેન્દ્ર ઉપર ફરિયાદ લખાવી જેમાં તારીખ ૨૩ મેં એ તેમનો ફરિયાદ નં.૧૦ હતો, ૨૪ મેં ના રોજ ૦૯ નંબર થી ફરિયાદ લખાઈ અને ૨૫ તારીખે સવારે આપેલી ફરિયાદ નો નં.૦૪ હોવા છતાં તેમની લો વોલ્ટેજ ની તકલીફ વીજ કંપની દ્વારા આજદિન સુધી દૂર કરાઈ નથી અને આ વિસ્તાર માં વારંવાર ઓળખીતા ગ્રાહકો અથવા કોઈક અંગત ફાયદા ખાતર વાયરો ના લોડ બદલી બીજા ગ્રાહકો ને હેરાનગતિ કરાઈ રહી હોવાની વાત સાંભળવા મળી હોય તેવા સમયે આ ગ્રાહકના જણાવ્યા મુજબ ગેરકાયદેસર ચાલતા એસી જે તે વિસ્તાર નો લોડ ખેંચી લેતા હોવાની વેટ વીજ કંપનીના અધિકારીઓ જાણતાં હોવા છતાં તેવા ગ્રાહકો સામે પગલાં ન લેવાતા અન્ય ગ્રાહકો લો વોલ્ટેજ ની તકલીફ માં મુકાય છે ત્યારે એ ગ્રાહકો ની ફરિયાદો પર ધ્યાન અપાતું નથી જોકે આ બાબત ઉચ્ચ અધિકારીઓ પણ જાણતા હોવા છતાં કેમ મૌન સેવી રહયા છે શુ ઉપર થી નીચે દરેક ની મિલીભગત છે..? સુરત મુખ્ય કચેરી માં એક પણ ઈમાનદાર અધિકારી હોઈ તો રાજપીપળા વીજ કંપની માં ચાલતા એક તરફી વહીવટ અને લાલીયાવાડી બાબતે યોગ્ય પગલાં લે તેવી માંગ ઉઠી છે.